

# ઉત્કર્ષ

## શાળા વ્યવસ્થાપન વિશેષાંક

અમંત્રં અક્ષરો નાસ્તિ નાસ્તિ મૂલમનૌષધમ્ ।
અયોગ્ય પુરૂષો નાસ્તિ યોજકઃ તત્ર દુર્લભમ્ ॥




સ્થાપના : શિક્ષક દિન-૧૯૯૧ | અંક : ૨૧ | વર્ષ : ૨૦૧૧-૨૦૧૨

ધી અંકલેશ્વર પ્રોગ્રેસીવ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત
(વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન)

**કૉલેજ ઑફ એજ્યુકેશન, ખરોડ**

તા. અંકલેશ્વર, જિ. ભરૂચ. ફોન : (૦૨૬૪૬) ૨૭૬૧૭૬
નેક એક્રેડિટેડ - B Grade (2.28)

Scanned with CamScanner

# અધ્યાપન પદ્ધતિના જૂથો



"અંગ્રેજી અને હિન્દી" જૂથ
માર્ગદર્શક : ડૉ. પી. આર. માસ્તર



"ગુજરાતી અને સામાજિક વિજ્ઞાન" જૂથ
માર્ગદર્શક : ડૉ. જે. એ. શાહ



"ગણિત અને વિજ્ઞાન" જૂથ
માર્ગદર્શક : પ્રા. પી. બી. ટંડેલ



"અર્થશાસ્ત્ર અને નામાના મૂળતત્વો" જૂથ
માર્ગદર્શક : ડૉ. આઈ. કે. અનસારી

Scanned with CamScanner

Dr. J. A. SHAH

।। योगः कर्मसु कौशलम् ।।

(કર્મમાં કુશળતા પ્રાપ્ત કરવી એટલે યોગ)

અંક ૨૧

# ઉત્કર્ષ

વર્ષ ૨૦૧૧-૨૦૧૨

• સંપાદકો •

**પ્રિ. ડૉ. પ્રફુલસિંહ જે. રાજ**

| | |
|---|---|
| **પ્રા. ડૉ. ઈન્તેખાબ અનસારી** | **(અધ્યક્ષ : મેગેઝીન સમિતિ)** |
| **વિકાસ વી. પટેલ** | **(મંત્રી : મેગેઝીન સમિતિ)** |
| **ભાવિકા એન. પટેલ** | **(સભ્ય : મેગેઝીન સમિતિ)** |
| **જલ્પા આર. જાડેજા** | **(સભ્ય : મેગેઝીન સમિતિ)** |

ધી અંકલેશ્વર પ્રોગ્રેસીવ એજયુકેશન ટ્રસ્ટ સંચાલિત

**(વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન)**

## કૉલેજ ઑફ એજ્યુકેશન, ખરોડ.

**તા. અંકલેશ્વર, જિ. ભરૂચ. પીન-૩૯૪૧૧૫**

**ફોન : (૦૨૬૪૬) ૨૭૬૧૭૬**

e-mail : kharode17@gmail.com,

**Website :** https://sites.google.com/site/kharodeducation

Scanned with CamScanner



સ્વામી વિવેકાનંદની

# ૧૫૦

જન્મ જયંતીની ઉજવણી

અરે ઓ યુવાનો !
પ્રચંડ ખંત અને દૃઢ ઈચ્છાશકિતથી તમે
સફળતા મેળવી શકો છો !
ખંતીલો માણસ કહેશે કે હું સાગરને પી જઈશ,
મારી ઈચ્છા થતા પર્વતો કડડભૂસ થઈને તૂટી પડશે.
આવા પ્રકારનું મનોબળ પ્રાપ્ત કરો.
આવા પ્રકારની ઈચ્છાશકિત કેળવો.

- જેમના હાડમાં સચ્ચાઇ હોય, એવા પોતાની જાતને દેશને ખાતર હોમી દેનારા માણસો જયારે જાગશે ત્યારે આ દેશ સર્વથી મહાન થશે. દેશને કોઈ મહાન બનાવતું હોય તો તે તેની પ્રજા છે.
- ઈશ્વરે પોતાની જાતને છુપાવી રાખી છે અને તેથી જ એનું કાર્ય શ્રેષ્ઠ છે. તેવી જ રીતે જે માણસ પોતાની જાતને આબાદ રીતે છુપાવી જાણે છે. તે જ મહાન કાર્યો કરી શકે છે. તમારી જાતને જીતો તો દુનિયા જીતાયેલી જ છે.
- આપણું સર્વ પ્રથમ કર્તવ્ય છે કે આપણે આપણી જાતનો તિરસ્કાર ન કરીએ, કારણ કે પ્રગતિ સર્વ પ્રથમ જાત ઉપર વિશ્વાસ રાખવો જોઈએ, પછી ભગવાન પર શ્રદ્ધા રાખવી જોઈએ, જેને આત્મવિશ્વાસ નથી તે ભગવાન પર શ્રદ્ધા રાખી જ નહીં શકે.
- ઉઠો, જાગો અને ધ્યેય પ્રાપ્તિ સુધી મંડયા રહો.

Scanned with CamScanner

# અનુક્રમણિકા


| ક્રમ | વિગત | | પાન નં. |
|---|---|---|---|
| ૧ | સંપાદકીય | | ૧ |
| ૨ | આચાર્યશ્રીની કલમે | | ૩ |
| ૩ | અમારું ટ્રસ્ટી મંડળ | | ૫ |
| ૪ | અમારો કૉલેજ પરિવાર | | ૬ |
| ૫ | પ્રશિક્ષણાર્થી પ્રતિનિધિ મંડળ : વર્ષ ૨૦૧૧-૧૨ | | ૮ |
| ૬ | આચાર્ય : શિક્ષણ પ્રક્રિયાનો સૂત્રધાર | - ડૉ. પ્રફુલસિંહ જે. રાજ | ૯ |
| ૭ | Curriculum Philosophy (A Complied note) | - Dr. Pravinchandra Master | ૧૪ |
| ૮ | વર્ગખંડોમાં શિસ્તનું વ્યવસ્થાપન | - ડૉ. જયંત એ. શાહ | ૧૯ |
| ૯ | શાળા વ્યવસ્થાપનનું મહત્ત્વનું અંગ : નિર્ણય પ્રક્રિયા | - પ્રા. પારૂલ બી. ટંડેલ | ૨૧ |
| ૧૦ | સહઅભ્યાસિક પ્રવૃત્તિઓનું આયોજન કરી રહ્યા છો ? જરા થોભો... | - ડૉ. ઇન્તેખાબ અનસારી | ૨૫ |
| ૧૧ | શાળા સંચાલનમાં આયોજનનું તત્વ | - શ્રીમતી કવિતા રાઠવા | ૨૮ |
| ૧૨ | શિક્ષક અને વિદ્યાર્થીઓ વચ્ચે થતા પ્રત્યાયનમાં શિક્ષણની સફળતા રહેલી છે. | - વિકાસ વી. પટેલ | ૩૧ |
| ૧૩ | માધ્યમિક શિક્ષણની ગુણવત્તામાં શિક્ષકની ભૂમિકા | - બિપીન આર. પંડ્યા<br>- ભાવિકા એન. પટેલ<br>- નયના કે. પટેલ | ૩૩ |
| ૧૪ | માનવ અધિકારો માટેની કેળવણીનું વ્યવસ્થાપન | - ઝેબા એન. ફડવાલા | ૩૮ |
| ૧૫ | ઓપન યુનિવર્સિટી : સફળ કે નિષ્ફળ ? | - મીરલ કે. પટેલ | ૪૧ |
| ૧૬ | શાળા વ્યવસ્થાપન અને તેના કાર્યો | - સમીરા આઇ. ભૈયાત | ૪૪ |
| ૧૭ | શાળા વ્યવસ્થાપનમાં શિક્ષકની ભૂમિકા | - આરતી એચ. નાયક | ૪૬ |
| ૧૮ | શાળાની વૃદ્ધિ અને વિકાસ માટેના સ્ત્રોતો | - પાયલ આર. કતબા | ૫૦ |


Scanned with CamScanner

| ક્રમ | વિગત | | પાન નં. |
|---|---|---|---|
| ૧૯ | સારા માનવસંબંધોનો શાળાના વિકાસમાં ફાળો | - કવિતા બી. દેસાઈ | ૫૩ |
| ૨૦ | શાળા મકાન શિક્ષણની ગુણવત્તાને સીધી રીતે અસર કરે છે. | - મયુર આર. ટંડેલ | ૫૬ |
| ૨૧ | મુક્ત હવામાન ધરાવતી શાળા કોને કહેવાય ? | - નિશા વી. દોશી | ૬૦ |
| ૨૨ | ૨૦૧૧-૧૨ ના વર્ષની કૉલેજની ગતિવિધિ (વાર્ષિક અહેવાલ) | - નયના કે. પટેલ | ૬૩ |
| ૨૩ | એકેડેમિક કેલેન્ડર (૨૦૧૧-૧૨) | | ૭૧ |
| ૨૪ | શૈક્ષણિક સહયોગ | | ૭૩ |
| ૨૫ | ઋણ સ્વીકાર | | ૮૦ |
| ૨૬ | પ્રશિક્ષણાર્થી સંપર્ક સેતુ | | ૮૩ |
| ૨૭ | શુભેચ્છકોની યાદી | | ૯૦ |


*સમાની વ આકૂતિઃ સમાના હૃદયાનિ વઃ ।*
*સમાનમસ્તુ વો મનઃ યથા વઃ સુસહાસતિ ॥*

*આપણાં વિચારો, નિશ્ચયો એકરૂપ થાઓ, આપણાં હૃદયો એક પ્રકારના બનો, આપણાં મન (અંતઃકરણ) સમાન બનો. અમારું આ બધું સાહિત્ય (વિચાર, નિશ્ચય, હૃદય અને મન) (શોભન) સત્યં, શિવં, સુંન્દરમ્ બને.*

Scanned with CamScanner

# સંપાદકીય

કોઈ પણ સમાજની ગુણવત્તાનો આધાર શિક્ષણની ગુણવત્તા પર રહેલો છે. પરંતુ શિક્ષણની ગુણવત્તાનો આધાર જે તે સમાજને પ્રાપ્ત થતા શિક્ષકો પર રહેલો હોય છે. સમાજ માટે શ્રેષ્ઠ અને જવાબદાર શિક્ષકો તૈયાર કરવાની જવાબદારી વિવિધ પ્રકારની શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાઓને શિરે છે ત્યારે સ્વયં શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાઓ ગુણવત્તાલક્ષી પ્રશિક્ષણનો આગ્રહ રાખે એ અનિવાર્ય બની રહે છે. આ પ્રકારના ચિંતનને કેન્દ્રમાં રાખીને શુદ્ધત: સેવાકીય હેતુઓ સાથે ધી અંકલેશ્વર પ્રોગ્રેસીવ એજ્યુકેશન ટ્રસ્ટ, અંકલેશ્વર દ્વારા ઈ.સ. ૧૯૯૧ માં કૉલેજ ઓફ એજ્યુકેશન, ખરોડનો પ્રારંભ થયો. શિક્ષક પ્રશિક્ષણ ક્ષેત્રે સંનિષ્ઠ પ્રયાસો કરતી અમારી કૉલેજને એક્વીસ વર્ષ પૂર્ણ થયા છે. આ એક્વીસ વર્ષો દરમિયાન કૉલેજે શિક્ષણ અને સમાજક્ષેત્રે પોતાનું એક આગવું અને વિશિષ્ટ સ્થાન અંકિત કર્યું છે એ અત્યંત ગૌરવપ્રદ ઘટના છે. આવી ગૌરવશાળી શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાના વાર્ષિક મુખપત્ર 'ઉત્કર્ષ' નો આ એક્વીસમો અંક આપ સૌ સમક્ષ રજૂ કરતાં અત્યંત આનંદ અને ગૌરવની અનુભૂતિ થાય એ સ્વાભાવિક છે.

કૉલેજનું વાર્ષિક મુખપત્ર એ કૉલેજમાં હાથ ધરાતી પ્રવૃત્તિઓનો અરીસો ગણાય છે. કૉલેજના મુખપત્ર પરથી જે તે કૉલેજની ફિલોસોફી પણ પ્રગટ થતી હોય છે. એ ન્યાયે અમારી કૉલેજના વાર્ષિક મુખપત્ર 'ઉત્કર્ષ' થકી અમારું પ્રતિબિંબ આપ સૌ સમક્ષ રજૂ કરવાનો આ નમ્ર પ્રયાસ કર્યો છે. તેમાંથી કૉલેજમાં હાથ ધરાતી પ્રવૃત્તિઓનો ચિતાર સૌને મળી રહેશે. કૉલેજના સ્થાપનાકાળથી જ અમે વાર્ષિક મુખપત્ર પ્રસિદ્ધ કરવાની પરંપરા શરૂ કરી છે અને અવિરત એ જાળવી રાખી છે. છેલ્લા કેટલાક સમયથી અમારા વાર્ષિક મુખપત્રને કોઈ 'થીમ' ને કેન્દ્રમાં રાખીને પ્રસિદ્ધ કરવાના પ્રયાસો અમે કર્યા છે કે જેથી વધુ સમૃદ્ધ સંદર્ભ સામગ્રી ઉપલબ્ધ થઈ શકે. વર્ષ ૨૦૦૬-૦૭ નો અંક ઈન્ફર્મેશન એન્ડ ટેક્નોલોજી, વર્ષ ૨૦૦૮-૦૯ નો અંક શાંતિ માટેનું શિક્ષણ તથા વર્ષ ૨૦૦૯-૧૦ નો અંક પર્યાવરણ શિક્ષણ થીમને કેન્દ્રમાં રાખીને પ્રસિદ્ધ થયા હતા. દીર્ઘ ચર્ચા વિચારણાને અંતે આ વર્ષે 'શાળા વ્યવસ્થાપન' વિષયને કેન્દ્રમાં રાખીને અંક પ્રગટ કરવાનો ઉપક્રમ સ્વીકાર્યો છે.

એક ફિલસૂફે એવું કહ્યું હતું કે જ્યારે સમાજમાં એક શાળાની સ્થાપના થાય છે ત્યારે સમાજમાંથી સો જેલ બંધ થાય છે. આ વાત એમને એમ જ ચરિતાર્થ ન થઈ શકે. એના માટે શાળાનું યોગ્ય રીતે વ્યવસ્થાપન થાય એ જરૂરી છે. શાળા વ્યવસ્થાપન પર શિક્ષણની ગુણવત્તા અને સફળતાનો ઘણો આધાર રહેલો હોય છે. શાળા વ્યવસ્થાપન એ શિક્ષણની પ્રક્રિયાના અસ્તિત્વ માટેનું એક અનિવાર્ય અંગ છે. શાળાની સ્થાપના ક્યાં કરવી જોઈએ ? શાળાનું મકાન કેવું હોવું જોઈએ ? શાળા મકાનની ડિઝાઈન કેવી હોવી જોઈએ ? શાળામાં કઈ કઈ ભૌતિક સુવિધાઓ હોવી જોઈએ ? એ માટેના સંસાધનો ક્યાંથી અને કેવી રીતે મેળવવા? શાળામાં ક્યા ક્યા પત્રકોની જાળવણી કરવાની છે ? શાળામાં નિરીક્ષણ વ્યવસ્થા કેવી છે ? શાળામાં નિર્ણય પ્રક્રિયા કેવી છે ? સમયપત્રકની રચના યોગ્યત: થઈ છે કે કેમ ? શાળામાં કઈ પ્રવૃત્તિઓ યોજવાની છે ? ક્યારે યોજવાની છે ? ક્યા શિક્ષકોને ક્યા કાર્યો સોંપવાના છે ? શિક્ષકની ભૂમિકા શી છે ? માહિતી અને



Scanned with CamScanner

પ્રત્યાયન પ્રૌદ્યોગિકીના આજના યુગમાં ક્યા પડકારો છે? વગેરે જેવી અનેક બાબતોનો શાળા વ્યવસ્થાપનમાં સમાવેશ થઈ જાય છે. એટલે સુધી કે શાળામાં પીવાના પાણીની અને ટોઈલેટ બાથરૂમની સુવિધા કેવી છે, પાર્કિંગની વ્યવસ્થા કેવી છે, જેવી અત્યંત નાની જણાતી બાબતો પણ શાળા વ્યવસ્થાપનનું મહત્ત્વનું અંગ બને છે. જો શાળાનું વ્યવસ્થાપન સારી રીતે થઈ શકે તો શિક્ષણના વિશાળ હેતુઓની સિદ્ધિની શક્યતાઓ વધી જાય છે. તેથી પ્રત્યેક શૈક્ષણિક સંસ્થામાં વ્યવસ્થાપનનું તંત્ર યોગ્ય અને અસરકારક રીતે ગોઠવાયેલું હોય એ જરૂરી બને છે. વિવિધ શૈક્ષણિક સંસ્થાઓને વધુ અસરકારક વ્યવસ્થાપનની દિશામાં માર્ગદર્શન મળી રહે એવા શુભઆશય સાથે તૈયાર થયેલો પ્રસ્તુત અંક વિવિધ શૈક્ષણિક સંસ્થાઓને આ દિશામાં ઉપયોગી નીવડશે એવી શ્રદ્ધા છે. આ વર્ષ સ્વામી વિવેકાનંદજીની ૧૫૦ મી જન્મ જયંતિનું વર્ષ છે ત્યારે આ અંકના પ્રત્યેક પૃષ્ઠ પર સ્વામી વિવેકાનંદજીના વિચારો ટાંકવામાં આવ્યા છે જે આપણા જીવનને યોગ્ય દિશા આપવામાં ઉપકારક નીવડશે એવી પણ શ્રદ્ધા છે.

સંસ્થાના ટ્રસ્ટી મંડળના સભ્યો, કૉલેજ પરિવારના સભ્યો તથા કૉલેજના તાલીમાર્થીઓએ ખૂબ જ રસપૂર્વક અને ખંતપૂર્વક વિવિધ કાર્યક્રમોને સફળ બનાવવામાં પોતાનું યત્કિંચિત પ્રદાન કરીને કૉલેજને ગૌરવ અપાવતા રહ્યા છે કૉલેજના વિકાસ માટે સમાજમાંથી દાન, જાહેરાત અને શુભેચ્છા પાઠવનારાઓનો ઉષ્માપૂર્ણ સહયોગ સાંપડતો રહ્યો છે, જે અમારા માટે મોટી મૂડી છે. આ તબક્કે પ્રસ્તુત અંક તૈયાર કરવામાં જેમનો સાથ અને સહકાર મળ્યા છે એ સૌના પ્રત્યે ભાવ પ્રગટ કરીએ છીએ અને ભવિષ્યમાં પણ આવો જ સાથ, સહકાર, માર્ગદર્શન, પ્રેમ અને હૂંફ મળતા રહેશે એવી અપેક્ષા રાખીએ છીએ.



**નોંધ : પ્રસ્તુત અંકમાં રજૂ થયેલા વિચારો લેખકોના પોતાના છે.**



Scanned with CamScanner

# આચાર્યશ્રીની કલમે

કૉલેજ ઑફ એજ્યુકેશન, ખરોડ તેના આયુષ્યનું ૨૧ મું વર્ષ પૂર્ણ કરે છે ત્યારે ૨૦૧૧-૧૨ ના શૈક્ષણિક વર્ષની તેની પ્રવૃત્તિઓનું વિહંગાવલોકન કરાવતાં હર્ષની લાગણી અનુભવું છું.

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના બદલાયેલા સીબીસીએસ અભ્યાસક્રમ અને સેમેસ્ટર પદ્ધતિ મુજબ પ્રથમ સેમેસ્ટરના પ્રથમ દિવસે નવા થનગનતા પ્રશિક્ષણાર્થીઓનું કૉલેજની પરંપરા મુજબ સ્વાગત થયા બાદ પૂર્વ કુલપતિ(વી.ન.દ.ગુજ.યુનિ) ડૉ. અશ્વિનભાઈ કાપડીયા સાહેબના પ્રેરક, સૂચક ઉદ્બોધન સાથે આશીર્વચન સાંપડયા.

પ્રથમ સેમેસ્ટરના પ્રારંભે પ્રશિક્ષણાર્થીઓને શિક્ષકના આવશ્યક વર્તનોથી સજ્જ કરવા માઈક્રોટીચિંગની સંકલ્પના, વિવિધ કૌશલ્યો, નિદર્શન પાઠ બાદ આઠ જેટલા માઈક્રોપાઠ વૈજ્ઞાનિક ઢબે અપાવ્યા. ત્યારબાદ પ્રશિક્ષણાર્થીઓએ સાક્ષરી વિષયોના અધ્યયન સાથે આઠ જેટલા પ્રેક્ટીસ ટીચિંગના પાઠ આપી તેમણે ૩૫ થી ૪૦ મિનિટના વર્ગશિક્ષણનો મહાવરો કર્યો.

પ્રથમ સત્રમાં જનરલ નોલેજ ટેસ્ટ, બ્રેઈન સ્ટોર્મિંગ પ્રક્રિયા, પરિસંવાદો, ટેટની પરીક્ષા માટે ક્વિઝ, લેખિત પરીક્ષા, ગીત ગુંજન, જેવી સહઅભ્યાસ પ્રવૃત્તિઓ ડૉ. જે. એ. શાહ, ડૉ. આઈ. કે. અનસારીના માર્ગદર્શન હેઠળ યોજી શક્યા. વળી ''ઉત્સવો દ્વારા જીવનદર્શન'' ના અનુસંધાને વિશિષ્ટ રીતે ઉત્સવોની ઉજવણી એ કૉલેજનો ઉપક્રમ રહ્યો છે. વિવિધ ઉત્સવોને ગીતો અને ચિંતન દ્વારા ઉજવીને ઉત્સવો પાછળના રહસ્યથી પ્રશિક્ષણાર્થીઓને અવગત કરવાના પ્રયત્નો થયા.

જન્માષ્ટમી, ગુરૂપૂર્ણિમાં, નવરાત્રી, શિક્ષકદિન, સ્વાતંત્ર્યદિન જેવા ઉત્સવો આગવી રીતે ઉજવ્યા. ગત વર્ષની જેમ ભરૂચ જિલ્લા સહકારી સંઘના સહયોગથી શ્રી કિરણ ચંપાનેરી દ્વારા સહકારી શિક્ષણ વર્ગ સફળ રીતે સંપન્ન થયો.

પ્રથમ સત્રમાં ગાંધી વિચાર-પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન સંદર્ભે આંતર બી.એડ્. કૉલેજ સ્પર્ધા યોજી ગાંધીજયંતિ અનોખી રીતે ઉજવી. ડૉ. મહેશચંદ્ર યાજ્ઞિક (પ્રોફેસર અને અધ્યક્ષ, શિક્ષણ વિભાગ, સ.પ. યુનિ. વિદ્યાનગર) ની કૉલેજ મુલાકાતથી તેમના નિષ્ણાત જ્ઞાન અને અનુભવથી પ્રશિક્ષણાર્થીઓ લાભાન્વિત થયા. પ્રથમ સત્રના આંતર કૉલેજ વિસ્તરણ વ્યાખ્યાનનો લાભ ડૉ. કુમુદિની ઠાકોર (ઈન્ચાર્જ આચાર્ય, નવયુગ કોમર્સ કૉલેજ, સુરત) નો આઈ.સી.ટી. નો શિક્ષણમાં ઉપયોગ વિષયના સંદર્ભે અમને મળ્યો. વળી ગાંધીનગરથી ''ચાલો કૉલેજે અભિયાન'' અંતર્ગત શ્રી રવિ તેજવાણી કૉલેજની મુલાકાતે તેમની ટીમ સાથે આવ્યા. કૉલેજની ગતિવિધિઓથી પ્રભાવિત થઈ અમને અભિનંદન આપી પ્રોત્સાહિત કર્યા.

બીજું સત્ર/સેમેસ્ટર પ્રવૃત્તિઓ, કાર્યક્રમો, સ્પર્ધાઓથી ભરચક રહ્યું. ગીતાજયંતી, નાતાલ, મકરસંક્રાન્તિ, પ્રજાસત્તાકદિન, સ્વામી વિવેકાનંદ જન્મજયંતિ જેવા ઉત્સવો સાર્થક રીતે ઉજવ્યા. ક્લોનિંગ



Scanned with CamScanner

વિષય સંદર્ભે કૉલેજના વિજ્ઞાન પદ્ધતિના ૧૩ પ્રશિક્ષણાર્થીઓએ પ્રા. પી.બી. ટંડેલના માર્ગદર્શન હેઠળ વિશિષ્ટ રજૂઆત કરી અને પરિવારના અભિનંદન મેળવ્યા. આધ્યાત્મિક સત્ય-ધ્યાન સંદર્ભે કૉલેજના ગ્રંથપાલ શ્રીમતી કવિતાબહેને રાઠવાએ પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન કર્યું. વાંચે કૉલેજ ઑફ એજ્યુકેશન, ભરૂચ કાર્યક્રમ સંદર્ભે પ્રશિક્ષણાર્થીઓએ ગુજરાત સમાચારની રવિવારની પૂર્તિનું વાંચન, નોંધ, અહેવાલ લેખન કરી વાંચનનું મહત્ત્વ અનુભવ્યું.

આ વર્ષ દરમ્યાન એમ એડ્.ના પ્રશિક્ષણાર્થીઓ શિક્ષણ વિભાગ - વીર નર્મદ દ. ગુ. યુનિ. સુરત, જી. ટેડ પટેલ એજ્યુ. કૉલેજ, સુરત તથા વૅમેડ કૉલેજ ઓફ એજ્યુકેશન, વિદ્યાનગરથી ઈન્ટર્નશીપ કાર્યક્રમ હેઠળ કૉલેજમાં અનુભવ માટે આવ્યા. તેમણે સાક્ષરી વિષયોના અધ્યાપન ઉપરાંત વિવિધ સ્પર્ધાઓ યોજી કૉલેજના વાતાવરણને જીવંત બનાવી દીધું હતું. બીજા સત્રમાં આંતર કૉલેજ વિસ્તરણ વ્યાખ્યાન માટે દમણ બી.એડ્. કૉલેજના આચાર્ય ડૉ. બાબુભાઈ ટંડેલે શિક્ષક વ્યક્તિત્વ વિકાસનું ઉપયોગી ભાથું આપ્યું.

વળી કૉલેજે સતત ત્રીજા વર્ષે આંતર બી.એડ્. કૉલેજ વોલીબોલ ટૂર્નામેન્ટ સફળતાથી યોજી. ૧૪ જેટલી ટીમોની ખેલદીલીભરી અને જહેમતભરી રમતના અંતે વાપીની બી.એડ્. કૉલેજની ટીમ વિજેતા નિવડી. રનર્સઅપ ટીમ રહી ભરૂચની ઍમિટી બી.એડ્. કૉલેજ - વિજેતા ટીમોને અભિનંદન.

વર્ષ દરમ્યાન કૉલેજને પ્રવૃત્તિસભર રાખવામાં શૈક્ષણિક કર્મચારીઓનો ઉત્તમ સહયોગ રહ્યો. કૉલેજની વહિવટી પાંખ પણ કૉલેજના ભાવાવરણને સર્જવામાં મદદરૂપ રહી. સમગ્ર વર્ષ દરમિયાન પ્રશિક્ષણાર્થીઓમાં સામાન્ય મંત્રી નયના પટેલ, સાંસ્કૃતિક મંત્રી અંજલિ દરજી, મેગેઝિન મંત્રી વિકાસ પટેલ, નિતિન મહેતા, રૂક્ષાના દિવાન, ભાવિકા પટેલ, નિમિષા સોલંકી, બિપીન પંડયા, મયુર ટંડેલ વગેરેએ સૌ પ્રશિક્ષણાર્થીઓ વચ્ચે ઉત્તમ સંબંધો સ્થાપી કૉલેજને ગતિમાન-જીવંત રાખવામાં ઉષ્માપૂર્ણ સહયોગ આપ્યો હતો. નયના પટેલ અને તેમની ટીમને ખૂબ ખૂબ અભિનંદન.

વર્ષ દરમ્યાન અંકલેશ્વર પ્રોગ્રેસીવ એજ્યુકેશન ટ્રસ્ટના પદાધિકારીશ્રીઓ પ્રમુખ આરીફભાઈ વજીફદાર, મંત્રીશ્રી મહમદભાઈ બેયાત તથા કારોબારી સભ્યશ્રીઓ ટ્રસ્ટીશ્રીઓનું માર્ગદર્શન, પ્રેરણા, હૂંફ આપવા બદલ તેમનો ઋણી છું. કૉલેજના સુચારૂ સંચાલનમાં વીર નર્મદ દક્ષિણ ગુજ. યુનિ. ના કુલપતિશ્રી, રજીસ્ટ્રારશ્રી તથા સિન્ડિકેટના માનનીય સભ્યો, સેનેટના સભ્યો, વહિવટી કર્મચારીઓના સમયોચિત સહયોગ બદલ તેમનો પણ ઋણ સ્વીકાર કરું છું.

કૉલેજ સાથેના આપ સૌના મૈત્રીપૂર્ણ સંબંધોની મહેક સદા વિસ્તરતી રહે એવી અભ્યર્થના સાથે વિરમું છું.

ડૉ. પ્રફુલસિંહ રાજ
આચાર્ય



Scanned with CamScanner

ધી અંકલેશ્વર પ્રોગ્રેસીવ એજ્યુકેશન ટ્રસ્ટ, ખરોડ સંચાલિત
(વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન)

# કૉલેજ ઑફ એજ્યુકેશન, ખરોડ.

તા. અંકલેશ્વર, જિ. ભરૂચ. પીન-૩૯૪૧૧૫
ફોન : (૦૨૬૪૬) ૨૭૬૧૭૬

## :: અમારું ટ્રસ્ટી મંડળ ::


પ્રમુખશ્રી
**શ્રી આરીફભાઈ વજીફદાર**
રસુલબાગ, જૂની દીવી, અંકલેશ્વર, જિ. ભરૂચ.

મંત્રીશ્રી
**શ્રી મહંમદભાઈ એ. ભૈયાત**
ખરોડ, તા. અંકલેશ્વર, જિ. ભરૂચ.

ટ્રસ્ટીશ્રી
**શ્રી અહમદભાઈ એમ. ઉનિયા**
પીરામણ, તા. અંકલેશ્વર, જિ. ભરૂચ.

ટ્રસ્ટીશ્રી
**શ્રી સઈદભાઈ ખરોડીયા**
ખરોડ, તા. અંકલેશ્વર, જિ. ભરૂચ.

સભ્યશ્રીઓ

| | |
|---|---|
| શ્રી શાદિકભાઈ ભૈયાત | સંજાલી, તા. અંકલેશ્વર, જિ. ભરૂચ. |
| શ્રી મહંમદભાઈ જાંગડા | ખરોડ, તા. અંકલેશ્વર, જિ. ભરૂચ. |
| શ્રી ઐયુબભાઈ ભૈયાત | ખરોડ, તા. અંકલેશ્વર, જિ. ભરૂચ. |
| શ્રી અબ્દુલભાઈ જોગીયાત | ખરોડ, તા. અંકલેશ્વર, જિ. ભરૂચ. |
| શ્રી હનીફભાઈ જોગીયાત | ખરોડ, તા. અંકલેશ્વર, જિ. ભરૂચ. |




Scanned with CamScanner

ધી અંકલેશ્વર પ્રોગ્રેસીવ એજયુકેશન ટ્રસ્ટ સંચાલિત

(વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન)

# કૉલેજ ઑફ એજયુકેશન, ખરોડ.

તા. અંકલેશ્વર, જિ. ભરૂચ. પીન-૩૯૪૧૧૫

## અમારો કૉલેજ પરિવાર

### શૈક્ષણિક કર્મચારીગણ

| ક્રમ | નામ/સરનામું | શૈક્ષણિક લાયકાત |
|---|---|---|
| ૧ | **ડૉ. પ્રફુલસિંહ જશવંતસિંહ રાજ (આચાર્ય)**<br>૧, ગુરૂકૃપા સોસાયટી, શુકલતીર્થ, તા. જિ. ભરૂચ.<br>ફોન : ૦૨૬૪૨-૨૮૧૪૯૦, મો. : ૯૪૨૬૮ ૭૧૦૪૯<br>ઇમેલ : prafulsinhraj@yahoo.com | M.Com.<br>M.Ed.<br>Ph.D. |
| ૨ | **ડૉ. પ્રવિણચંદ્ર રતીભાઈ માસ્ટર**<br>**(એસોસિએટ પ્રોફેસર)**<br>બી-૯૬, આશુતોષ-૨, લીંક રોડ, ભરૂચ.<br>ફોન : ૦૨૬૪૨-૨૬૯૦૨૧, મો. : ૯૯૨૫૧ ૨૩૮૪૮<br>ઇમેલ : pmaster@sify.com | B.A.<br>M.Ed.<br>Ph.D. |
| ૩ | **ડૉ. જયંતભાઈ અરવિંદભાઈ શાહ**<br>**(એસોસિએટ પ્રોફેસર)**<br>એ-૯, જયોતિનગર-૧, ઝાડેશ્વર રોડ, ભરૂચ.<br>ફોન : ૦૨૬૪૨-૨૪૫૨૨૯, મો. : ૯૪૨૭૮ ૭૬૩૪૧<br>ઇમેલ : jashah56@gmail.com | M.A.<br>M.Ed.<br>M.Phil.<br>Ph.D. |
| ૪ | **ડૉ. પારૂલબેન બુધાભાઈ ટંડેલ**<br>**(અધ્યાપક સહાયક)**<br>મુ.પો. ભદેલી, તા.જિ. વલસાડ<br>મો. : ૯૮૨૫૯ ૩૯૦૧૩<br>ઇમેલ : tandel.parul@gmail.com | M.Sc.<br>M.Ed. |
| ૫ | **ડૉ. ઈન્તેખાબઆલમ કે. અનસારી**<br>**(અધ્યાપક સહાયક)**<br>મુસ્લિમ વેલફેર સોસાયટી, સ્ટેશન રોડ, મસ્જિદની બાજુમાં, નવસારી.<br>ફોન : ૦૨૬૩૭-૨૪૯૪૦૬, મો. : ૯૯૨૫૪ ૧૭૪૬૦<br>ઇમેલ : ik_ansari73@yahoo.co.in | M.Com.<br>M.Ed.<br>Ph.D.<br>GSLET |



Scanned with CamScanner

## વહીવટી કર્મચારીગણ

| ક્રમ | નામ/સરનામું | શૈક્ષણિક લાયકાત |
|---|---|---|
| ૧ | **શ્રીમતી કવિતાબહેન એ. રાઠવા (ગ્રંથપાલ)**<br>એ-૧૪, ગજાનનપાર્ક, પાંચસો ક્વાટર્સની બાજુમાં, નવી કોલોની,<br>જી.આઈ.ડી.સી. અંકલેશ્વર-૨ મો. : ૯૮૨૪૭ ૩૩૪૯૧ | B.Com.<br>M.Lib. & Inf. Sci. |
| ૨ | **શ્રી જયંતભાઈ એસ. પટેલ (સિ.કલાર્ક)**<br>બી-૪, મૈત્રીનગર સોસાયટી, ભોલાવ, જિ. ભરૂચ.<br>ફોન : ૦૨૬૪૨-૨૨૭૯૪૮, મો. : ૯૮૨૪૭ ૦૧૫૫૭ | B.Com. |
| ૩ | **શ્રી ઈસ્માઈલભાઈ એમ. જોગીયાત (જુ.કલાર્ક)**<br>મુ.પો. ખરોડ, તા. અંકલેશ્વર, જિ. ભરૂચ.<br>ફોન : ૦૨૬૪૬-૨૭૬૨૩૫, મો. : ૯૮૨૪૧ ૧૨૭૮૮ | H.S.C. |
| ૪ | **શ્રી અશ્વિન એમ. વસાવા (જુ.કલાર્ક)**<br>મુ.પો. રજલવાડા, તા. ઝઘડીયા, જિ. ભરૂચ.<br>ફોન : ૦૨૬૪૫-૨૪૮૦૭૨, મો. : ૯૮૭૯૧ ૩૮૨૧૩ | B.A. |

## સેવકગણ

| ક્રમ | નામ/સરનામું | શૈક્ષણિક લાયકાત |
|---|---|---|
| ૧ | **શ્રી ફારૂક યુસુફ બીજાભાઈ (સેવક)**<br>મુ.પો. પીરામણ, તા. અંકલેશ્વર, જિ. ભરૂચ.<br>મો. : ૯૭૨૭૦ ૭૩૧૦૪ | S.S.C. |
| ૨ | **શ્રી ચંદ્રવદન કે. ગુર્જર (સફાઈ કામદાર)**<br>સી-૧૯, સંસ્કારધામ, સોસાયટી, દીવારોડ, અંકલેશ્વર, જિ. ભરૂચ.<br>મો. : ૯૯૦૪૪૩૪૬૦૬ | S.S.C. |
| ૩ | **શ્રી મિનેષકુમાર એચ. જાદવ (વોચમેન)**<br>૩૫/૬, નવી વસાહત, લાહોરી ગોડાઉન પાછળ, ભરૂચ.<br>મો. : ૯૭૨૩૫ ૪૯૩૫૫ | S.S.C. |



Scanned with CamScanner

# આચાર્ય : શિક્ષણ પ્રક્રિયાનો સૂત્રધાર

ડૉ. પ્રફુલસિંહ જે. રાજ
આચાર્ય

**શાળા વિરાટ સમાજની વામન આવૃત્તિ...**

શાળા એ બાલ વિકાસની, બાળ સંસ્કારની ગંગોત્રી છે. એની જ્ઞાનસરિતામાંથી બાળકો જ્ઞાન મૌક્તિકો પ્રાપ્ત કરી, જીવનશીલાને કંડારી સમાજની શોભા બને છે. શાળામાંથી જ્ઞાન તેજ પ્રાપ્ત કરી તેને સહારે જીવનની પગદંડી પર પ્રસ્થાન આદરે છે. શાળા એ વિરાટ સમાજની વામન આવૃત્તિ છે. સમાજનું યથાતથા પ્રતિબિંબ શાળાના આરોગ્યમાંથી દશ્યમાન થાય છે.

ભાવિ નાગરિકોને સામાજિકતાનો સ્પર્શ આપી, ભવિષ્યના સમાજજીવનને સુરક્ષિત અને સમુન્નત બનાવવા સમાજે સ્થાપેલી સંસ્થા એટલે શાળા. શાળા નિશ્ચિત હેતુઓની સિદ્ધિ માટે સમાજ દ્વારા સ્થપાયેલી, સમાજ દ્વારા સંચાલિત, ભાવિ સમાજ તૈયાર કરતી સંસ્થા છે. સમાજ જીવનને દિશા આપનારી, ધબકતું રાખનારી, પ્રગતિ તરફ દોરી જતી શિક્ષણ સંસ્થાઓ, તો જ સફળ થઈ શકે, જો એનુ સંચાલન યોગ્ય રીતે કરાતું હોય. સંચાલક મંડળ વતી સંચાલકીય નેતૃત્વ આચાર્ય દ્વારા પ્રાપ્ત થતાં જે તે શિક્ષણ સંસ્થા સ્ફૂર્તિ, ગતિ અને પ્રગતિ કરી શકે છે.

**શાળા પ્રગતિનો આધાર આચાર્ય...**

શાળામાં આચાર્યનું સ્થાન આગવું અને મહત્ત્વનું છે. શાળાની સફળતા કે નિષ્ફળતા, પ્રગતિ કે અવનતિ, ગતિશીલતા કે ગતિહીનતા આચાર્યની નેતૃત્વશૈલી પર અવલંબે છે. તે માત્ર શાળાનો જ નહી, રાષ્ટ્રનો પણ ઘડવૈયો છે. શાળામાં ભાવિ નાગરિકોનું ઘડતર થાય છે. તેથી શાળામાં ઉજ્જ્વળ પરંપરા ઊભી કરી, સફળ શૈક્ષણિક કાર્યક્રમોના અમલ દ્વારા રાષ્ટ્રના ઉજ્જ્વળ ભાવિનું તેણે શિલ્પ કંડારવાનું છે. સમાજની આજ અને આવતી કાલની અપેક્ષાઓ, આકાંક્ષાઓને પૂર્ણ કરવા તેણે પ્રયત્નો કરવાના હોય છે.

શાળામાં માત્ર ઉચ્ચતમ મહાલયો અને મેદાનો જ અનિવાર્ય અને અંગભૂત પરિબળો નથી, પરંતુ શાળાની સુદૃઢ દેહ સૃષ્ટિનો ઉરઘબકાર આચાર્ય હોય છે. શાળાનો તે પ્રાણ છે.

**આચાર્યની જવાબદારી અને ઉત્તરદાયિત્વ..**

આચાર્યની જવાબદારી અને ઉત્તરદાયિત્વ અનોખાં છે. એક બાજુ એણે સાધનો અને વ્યવહાર કૌશલ્યોના ઉપયોગમાં કુશળતા દાખવવાની છે. તો બીજી બાજુ માનવસંબંધોના પુરસ્કર્તા અને શિલ્પી પણ એણે બનવાનું છે. આચાર્યએ જે શાળાને નેતૃત્વ પૂરું પાડવાનું છે એ શાળા, સમાજ અને સરકાર સાથે સંકળાયેલ છે. સંસ્થાના ધ્યેયોને પૂર્ણ કરવા તમામ ઘટકો શિક્ષકો, વહીવટી કર્મચારીઓ, વિદ્યાર્થીઓ, વાલીઓ સંગઠીત



Scanned with CamScanner

રીતે પ્રયત્નો કરતા રહે તે માટે આચાર્યએ સંયોજક, માર્ગદર્શક, સહાયક અને અખૂટ પ્રેરણાસ્ત્રોત બની રહેવાની જવાબદારી નિભાવવાની રહે છે.

આચાર્યની, શાળાને સંલગ્ન સૌ કોઈને જોડવાની જવાબદારી છે. શાળામાં વિવિધ સંગઠનોના ધ્યેયોને શાળાના ધ્યેયો સાથે જોડવાની તેની મહત્ત્વપૂર્ણ જવાબદારી છે. શિક્ષકોના અને વહિવટી કર્મચારીઓના ગુણવત્તાપૂર્ણ વિકાસ દ્વારા વિદ્યાર્થીઓનો અને શાળાનો વિકાસ થાય તે માટે પ્રયત્નો આદરવાની બીજી મહત્ત્વપૂર્ણ જવાબદારી છે.

શાળામાં વિશિષ્ટ અને આગવી પ્રણાલી, પરંપરા ઊભી થાય તે માટે આચાર્યએ શરૂઆતમાં ઉત્તરદાયિત્વ નિભાવવાનું છે.

**આચાર્યની કાર્યપ્રણાલી, નેતૃત્વશૈલી...**

આચાર્યની વિચારશૈલી, ગતિશીલતા, માનવસંબંધો વિકસાવવાની આવડત, શિક્ષણપ્રેમ, શિક્ષણસૂઝ, શૈક્ષણિક કૌશલ્યોમાં પ્રાવિણ્ય, સાથીઓને પ્રેરવાની શક્તિ વગેરે ગુણોથી સંપન્ન આચાર્યની પ્રતિભા શાળાના સમગ્ર પર્યાવરણને મહેકતું અને પ્રવૃત્તિમય રાખી શકે.

આચાર્ય શાળા સાથે સંકળાયેલા સૌના વર્તનમાં ઈચ્છનીય પરિવર્તન લાવવા સતત પ્રયત્નશીલ હોય છે. પરિવર્તનના દૂત અને પરિવર્તનના ચાલકની બેવડી કામગીરી તેણે બજાવવાની રહે છે.

આચાર્યએ સર્વ ઘટકોની ભૌતિક, સામાજિક, સાર્વત્રિક જરૂરિયાતો પર્યાપ્ત માત્રામાં, શક્ય એટલી ત્વરાથી સંતોષવાનો પ્રયત્ન કરવાનો હોય છે. આચાર્ય એ સાથીઓ માટે અસ્ખલિત અને અખૂટ પ્રેરણાસ્ત્રોત છે. આયોજનની કેડીએ, સૌને સાથે રાખી શ્રમ અને સહયોગના સથવારે ધ્યેય સિદ્ધિ તરફ સાથીઓની નિષ્ઠાને એ વાળે છે. પ્રસન્નતા, આત્મીયતાથી ઓપતું એનું વ્યક્તિત્વ કર્મચારીને અપનાવીને માનવીય વ્યવહાર દ્વારા સાથીઓમાં આત્મીયતાની ભાવના દૃઢ કરે છે.

જ્ઞાન પ્રાપ્તિ અને જ્ઞાન વિતરણની ઉત્કંઠા, શિક્ષણના નવીન પ્રવાહો અને પદ્ધતિઓ દ્વારા અધ્યાપનને અર્થપૂર્ણ બનાવવાની, અધ્યાપનમાં સંશોધન હાથ ધરતા રહેવાની અને તે દ્વારા સમાજ, દેશ માટે સેવા પરાયણ બનવાની ભાવના આચાર્યની કાર્ય પદ્ધતિમાં મૂર્તિમંત થાય તો કેવું ?

નૈતિકતાના પંથે સદ્‌વૃત્તિઓનો સરવાળો, બૂરાઈઓની બાદબાકી, ગુણોનો ગુણાકાર અને દુર્ભાવનાઓનો ભાગાકાર કરનાર આદર્શોના ઉપાસક આચાર્યની નીતિમત્તાનો પ્રતિઘોષ શાળામાં પડે છે. ચારિત્ર્યવાન આચાર્ય શાળાના હવામાનને નિરામય રાખવામાં અગ્રગામી બને છે.

**આચાર્યની ભૂમિકા :**

આચાર્ય શાળાનો અને સમાજનો ઘડવૈયો, નેતા, માર્ગદર્શક, રોલ મોડલ હોય તે અપેક્ષિત છે. તેણે શાળાને અને સમાજને વિદ્યાકીય નેતૃત્વ પૂરું પાડવાનું છે. તેણે નીચે દર્શાવેલ કાર્યો કરવાના હોય છે.



Scanned with CamScanner

૧. નવા પ્રયોગો/વિચારો/સંશોધનોથી માહિતગાર : શિક્ષણક્ષેત્રે થતા નવા પ્રયોગો/વિચારો/સંશોધનોથી સતત અવગત રહે તો જ વિદ્યાર્થી/શિક્ષક/સમાજને પ્રેરણા અને પ્રોત્સાહન આપી શકે.

૨. શિક્ષકોની કાર્યકુશળતા અને ક્ષમતાઓનો ઉપયોગ : શિક્ષકોની કાર્યકુશળતા અને ક્ષમતાઓનો સમજદારીપૂર્વક અને વિવેકપૂર્ણ ઉપયોગ આચાર્ય દ્વારા થાય તે જરૂરી છે. માનવ સંસાધનોના ઉપયોગનું વ્યવહારુ કૌશલ્ય તેનામાં હોય તે ઇચ્છનીય છે.

૩. સર્વાંગીણ વિકાસની બ્લ્યૂ પ્રિન્ટ : આ મોટો પડકાર છે. આ માટે ઊંચા પ્રકારની સૂઝ કેળવી, સતત અભ્યાસરત રહીને, નવી દિશાના સંકેત ઝીલીને તે દિશા તરફ ગતિ કરવી જરૂરી છે.

૪. આચારસંહિતાનું પાલન : તે વિદ્યાઉપાસક હોય અને શિક્ષક/આચાર્યને લગતી આદર્શ આચારસંહિતાનું પાલન કરતો હોય તો કર્મચારીઓ પાસે અપેક્ષા રાખી શકે. વિચારોની પરિપુષ્ટિ માટે આચારનું આધારબળ જરૂરી છે.

૫. આયોજન ક્ષમતા : શિક્ષકોની ધ્યેય જાગૃતિ અને સૌની સાથે સમભાવપૂર્ણ પ્રત્યાયન ક્ષમતા પણ કુશળ નેતૃત્વની આધારશીલા બની જાય છે. તેથી વિકેન્દ્રીકરણ કરી કાર્ય વિભાજન/કાર્ય જવાબદારીની સોંપણી અગત્યની બની રહે છે.

૬. પ્રત્યાયન ક્ષમતા : આચાર્યમાં સંદેશો અસરકારક રીતે પહોંચાડવાની શક્તિ હોવી જરૂરી છે. શાળાની પ્રતિભાના સ્થાપન અને સંવર્ધન માટે આચાર્યની પ્રત્યાયન ક્ષમતા અગત્યનો ભાગ ભજવે છે. વિદ્યાર્થીઓ, વાલીઓ, શિક્ષકો, કર્મચારીઓ વગેરેને યોગ્ય પ્રત્યાયન દ્વારા પ્રતિપોષણ આપી શકે છે. વળી તે સૌને સાંભળી પરિવર્તન લાવી શકે છે. જરૂરી માહિતી મેળવી તેનું યોગ્ય વિતરણ પણ કરે છે. માહિતીનું આદાન પ્રદાન શાળાના વિકાસમાં અગત્યનો ભાગ ભજવે છે.

૭. નિર્ણય પ્રક્રિયામાં ભાગીદારી : સંચાલક મંડળ, શિક્ષકો, કર્મચારીઓ, વાલીઓ, વિદ્યાર્થીઓનો આપોઆપ સહકાર મળે તેવી વ્યવસ્થા નિર્ણય પ્રક્રિયામાં તેમની ભાગીદારી મેળવીને થઈ શકે. શિક્ષકો અને કર્મચારીઓ સાથે શેઠ અને નોકર જેવા સંબંધો ન ચાલે.

૮. લોકશાહીમાં શ્રદ્ધા : સૌને સન્માન આપવું, તેમના વિચારો, મંતવ્યો આવકારવા, આ માટે આચાર્યએ સમભાવ, સહિષ્ણુતા, સહકારિતા અને સ્નેહ જેવા ગુણો કેળવવા પડે.

૯. આયોજન-સંયોજનની આવડત : શૈક્ષણિક પ્રવૃત્તિઓ/કાર્યક્રમો શાળાને ધબકતી રાખીને વિદ્યાર્થીઓને વિવિધ અનુભવો આપી તેમનું સર્વાંગીણ ઘડતર કરે છે. આ માટે શૈક્ષણિક પ્રવૃત્તિઓ/કાર્યક્રમો સમયપત્રકમાં ગોઠવી તેનું આયોજન, વ્યવસ્થાપન અને અમલ કરતા રહેવું જોઈએ.

૧૦. વ્યાવસાયિક સજ્જતા કેળવવી : આચાર્યએ પણ સતત વાંચન, વિચાર ગોષ્ઠિ, સેવાકાલીન તાલીમ, ચિંતન શિબિરો, સેમીનાર, કાર્યશાળા વગેરેમાં ઉત્સાહભેર ભાગ લઈ પોતાને અપડેટ રાખવા પ્રયત્ન



Scanned with CamScanner

કરવો જોઈએ.

૧૧. નેતૃત્વ સાર્થક : દૃઢ મનોબળ, સબળ સંકલ્પશક્તિ અને ન્યાયિક નિર્ણય શક્તિ, વિવાદ કે સંઘર્ષ/વિરોધના સંજોગોમાં યોગ્યાયોગ્યતાનો વિચાર કરી નિર્ણય લઈ નેતૃત્વ સાર્થક બનાવવું.

૧૨. પહેલવૃત્તિની તત્પરતા : આચાર્ય કુશળ પ્રસ્થાનકાર હોય તે જરૂરી છે. સાહસવૃત્તિ, આરંભવૃત્તિ એ આચાર્યનું આભૂષણ છે. સર્જનાત્મકતા અને મૌલિકતા તેનામાં હોવી જરૂરી છે.

૧૩. સફળ નેતા : નેતા અનુયાયીઓને દોરે છે અને મંઝિલ તરફ લઈ જાય છે. તે કર્મવીર અને પ્રયોગવીર હોય તે જરૂરી છે. નિષ્ફળતાઓનો સામનો કરી પ્રયત્ન અને પુરૂષાર્થ વડે સફળતા તરફ સૌને લઈ જવાના છે.

૧૪. શ્રેષ્ઠ વિકલ્પની પસંદગી : નેતા તરીકે ઘણીવાર પ્રશ્નના ઉકેલ માટે કે પ્રગતિ માટે વિકલ્પોમાંથી પસંદગી કરવાની પરિસ્થિતિ ઊભી થાય ત્યારે શ્રેષ્ઠ વિકલ્પની પસંદગી થાય તે જરૂરી ખરું.

૧૫. ઉદાહરણીય નિષ્પક્ષ અને ઈમાનદાર હોવું : સમાજને પોતાનું ઉદાહરણ દેખાડતા જીવવું અને નિષ્પક્ષ અને ઈમાનદાર હોવું એ કુશળ નેતૃત્વનો પહેલો ગુણ આચાર્યએ કેળવવો જોઈએ. આ માટે તેણે ઘણા ગુણો આત્મસાત કરવા પડે.

૧૬. સમર્પણ ભાવના : નેતૃત્વ કરનાર આચાર્યમાં કોઈ લક્ષ માટે સમર્પણની ભાવના ન હોય તો તે સમૂહને લક્ષ પ્રત્યે સમર્પિત થતાં કેવી રીતે શીખવશે ?

આચાર્યનું નેતૃત્વ પ્રતિબિંબિત થાય એવા ત્રણ મહત્ત્વના કાર્યક્ષેત્રો છે :

૧. પ્રેરવાની, દોરવાની, દિશાસૂચન કરવાની શક્તિઓ, આવડત.
૨. માનવીય વ્યવહાર, માનવશક્તિની ઓળખ અને પરખ.
૩. સહકાર્યકરોને સંગઠિત રાખવાના અને સારા વ્યવસ્થાપન માટેના કૌશલ્યો.

આ કાર્યક્ષેત્રમાં સફળતા મળે તો આચાર્યનું નેતૃત્વ ઝળહળી ઉઠે છે.

આચાર્ય પોતાની નેતૃત્વક્ષમતા અને ગુણોના દમ પર શાળાની ખાસ છબિનું નિર્માણ કરી શકે, સાથે સાથે સમાજને નવી દિશા દેખાડવાનું કામ પણ કરી શકે. યથાર્થરૂપે આચાર્યએ પોતાના આચરણ (વ્યવહાર)થી શિક્ષકો, વિદ્યાર્થીઓ, કર્મચારીઓ, વાલીઓ વગેરે સમક્ષ ઉદાહરણ રજૂ કરવું પડે. પરિણામ સ્વરૂપ શિક્ષણ સંલગ્ન સૌ તેવું આચરણ કરે તો સમૂહના ધ્યેયને સહેલાઈથી પ્રાપ્ત કરી શકાય છે.

સંચાલન ક્ષમતા, પ્રભાવી વાક્ કૌશલ્ય, કાર્ય વ્યવહારમાં પારદર્શિતા, આક્રમકતા (સૂતેલી શક્તિને જગાડવા) સમયે સમયે વિશ્લેષણ કરવું વગેરે ગુણો આચાર્યએ કેળવવા અત્યંત આવશ્યક ગણાય.

''યથા રાજા તથા પ્રજા'' અને ''રાજા કાલસ્ય કારણમ્'' એ સૂત્રોના સંદર્ભે તારવી શકાય કે નેતા



Scanned with CamScanner

પ્રભાવી હોવો જ જોઈએ. તૈતરીય ઉપનિષદમાં કહેવાયું છે કે પ્રાણ એજ બ્રહ્મ છે. માણસની પ્રાણશક્તિ ત્રણ બાબતો થકી પ્રગટ થાય છે.

(૧) કામ કરવાની ધગશ

(૨) કામ પાર પાડવાની સંકલ્પશક્તિ

(૩) કાર્યક્ષમતા

શ્રી ગુણવંત શાહના મતે આ ત્રણ બાબતો ઓછી હોય તેવા લોકો મંદ પ્રાણ કહેવાય. આચાર્યો પણ મંદ પ્રાણ ન ચાલે, આચાર્યો પ્રાણવાન હોવા ઘટે. મંદ પ્રાણ આચાર્યની શાળાઓમાં જઈ આવજો તો આ શબ્દો વારંવાર સાંભળવા મળશે, ''બધું જ બગડવા બેઠું છે, કોઈને કામ કરવું નથી, કોઈને ભણવું નથી.'' તે શાળામાં તેજસ્વી શિક્ષકો, વિદ્યાર્થીઓ દુ:ખી હશે. કેટલીય શાળાઓમાં પ્રાણવાન આચાર્ય મળ્યા છે. જ્યાં મુલાકાતે જવાનું થાય તો પાંચ જ મિનિટમાં સમજાય કે સંસ્થા જીવતી છે અને પ્રાણશક્તિ વિદ્યાર્થીઓના ચહેરા સુધી પહોંચી છે.

થોડીક ઓછી પ્રાણશક્તિની ખોટ ઘણા આચાર્યો નિષ્ઠાપૂર્વક કામ કરીને પૂરી કરી આપે છે. આવા આચાર્યની સંસ્થાનું તેજ સૂર્ય જેવું હોતું નથી પણ ચંદ્રના શીતળ કિરણો સંસ્થાને જીવતી રાખે છે. ભગવાન આવા લોકોથી બહુ રાજી હોય છે.

*''ક્યારેક શિક્ષકો ભેગા મળીને સ્ટાફ રૂમમાં આચાર્યની કે અન્ય શિક્ષકોની નિંદા કરવામાં મગ્ન હોય છે. આ પરિસ્થિતિ સારી નથી. તેથી જ સ્તો આપણા શિક્ષણકાર શ્રી પ્ર. ત્રિવેદીએ એક વખતે આપણા શિક્ષકખંડોને 'કુથલીખંડો' કહ્યા હતા !!''*



Scanned with CamScanner

# CURRICULUM PHILOSOPHY

(A Complied note)

**Dr. Pravinchandra Master**
Associate Professor

**Introduction :**

The purpose of education is primarily the development of skills, knowledge, processes, and attitudes necessary for the student to successfully function as a productive citizen in an ever changing world. Education also recognizes the characteristics unique to each individual and provides a process for the development and expression of each student's unique abilities and talents.

**Management of Curriculum :**

Curriculum Management simplifies organizational tasks, by

- building incrementally complex learning objectives across related courses through laddered years of a course/program.
- illustrating related links between knowledge, skills and abilities which cross courses in a course/ program.
- illustrating how achievement of learning objectives in program/course, links to workplace standards of practice.
- illustrating how achievement of learning outcomes in a program/course ensures learner competency acquisition for learners.

**Planning Curriculum Management :**

Planning of curriculum management could be easier if we take care of the following points :

- Clear curriculum explaining major objectives
- Instruction aligned with curriculum
- Assessment aligned with curriculum
- Consistent basic resources
- Recommended resources/units
- Emphasis on student work and performance-based assessments
- Acceleration
- Offerings
- Prerequisites
- Consistent planning tools
- Currilulum mapping
- Lesson plans or alternatives
- Course syllabi
- Avoid duplication of resources
- User-friendly tools for teachers

If we avoid the following points we can accelerate implementation of curriculum.

- Overwhelming number of objectives
- Criterion referenced tests
- Unnecessary paperwork
- A product that teachers don't find helpful

**The educational institute should be take responsibility for developing students in three major areas :**

(1) Essential Skills (2) Academic Knowledge, and (3) Character Behavior.

To develop these area among the learners, the learners to be :

- Effective communicators;
- Academically prepared;

- Leaders and good citizens;
- Productive and continuous learners;

These goals and objectives of the educational program guide administrators, teachers and the management in all of their duties, including: curriculum development, selection of materials, and issues related to instructional time.

While drawing a design for a school curriculum teachers can also play roles of effective thinkers and problem-solvers, effective communicators, effective contributors and a nurture of human nature who :

- Demonstrate life-long learning skill
- live a healthy lifestyle
- demonstrate goal-directed behavior
- accept responsibility for their behavior
- demonstrate honesty and integrity
- exercise high standards of attendance and punctuality
- think analytically and creatively
- use inductive (specific to general) and deductive (general to specific) reasoning
- examine issues from a wide variety of perspectives
- identify problems and employ appropriate strategies toward their solution
- know how to locate, evaluate and apply information needed to solve a problem
- use a scientific method of inquiry
- use technology for production and problem-solving

**Role as effective contributors who :**

- read, listen and view interpretively and critically
- write and speak in an organized and clear manner
- reason and communicate mathematically

**Role as participants in the arts who :**

- recognize the creative arts as a reflection of human experience and human nature
- express personal creativity by developing original and artistic works
- respond with respect to the creative expression of others

**Role of effective communicators who :**

- initiate and sustain social interactions
- demonstrate leadership
- demonstrate the ability to cooperate and collaborate in group activities
- demonstrate fairness in competition and other social interactions
- manage resources effectively

**Involved as community members who :**

- demonstrate good citizenship
- respect the rights and contribution of all people
- take the initiative to improve local and global environments

**Curriculum Management Principles :**

Curriculum development is an on-going process which includes the management, development, and delivery of curriculum, it is participatory in nature, involving vertical teams that include representation from the various stakeholders : teachers, principals, curriculum specialists, students, parents, and / or community as appropriate, as well as writing teams that involve teachers, curriculum specialists, and content experts.



Scanned with CamScanner

- The curriculum is based on a core set of relevant, challenging student objectives that guide decisions about teaching and learning, and which are aligned vertically, horizontally (within an instructional level), and systemically (across the area).
- Curriculum is developed to ensure that students have the opportunity to learn through the same core of significant objectives at a particular instructional level, from teachers to teachers and from school to school.
- The curriculum is accessible, manageable, user friendly, current, and reflects best practice in the field.
- The curriculum is assessed regularly at all levels : state, district, school, classroom, and individual student.

**Instructional Management Principles :**

- Classroom instruction must include all skills and content required by the aligned scope and sequence and any required units/activities as directed by the curriculum guide.
- Teachers are encouraged to use flexibility and creativity in the how of teaching (instruction), not the what of teaching (curriculummobjectives).
- Area / State wide adoptions of core sets of instructional resources that would include textbooks, software, supplemental materials and instructional programs are selected by trained district textbook selection teams using an approved process for program and instructional materials adoption. The criteria for selection of the materials are based upon its alignment with the curriculum.
- Staff development is designed and implemented to prepare staff members to effectively teach and monitor the prescribed curriculum.

**Assessment Management Principles :**

Student assessment must provide for the acquisition, analysis, and communication of student achievement data to :

- guide teachers instruction at appropriate levels of challenge;
- guide students learning;
- guide school improvement of curriculum alignment and programmatic decisions;
- communicate progress to parents to support learning at home.

A specified percentage of the curriculum will be assessed in order to evaluate the overall effectiveness of the district curriculum and its capacity to produce desired student achievement results. This assessment will be achieved through the development and use of local assessment items that are aligned to the district curriculum.

These principles will be used to guide the local development and delivery of the waster aligned curriculum. They will also be reflected in state policy and used to provide quality control or the written, taught, and tested curriculum.

**Responsibility of the Head / Principal :**

The principal is key to implementing, monitoring and managing the delivery of the curriculum. The principals must translate the importance of curriculum delivery on a daily basis.

**How to deliver the curriculum ?**

To effectively support curriculum delivery, the principal is expected to use strategies such as :



Scanned with CamScanner

- Developing a working knowledge of the curriculum for all subjects / courses available at the building;
- Observing teaching in each classroom on a regular basis and reviewing curriculum maps and lesson plans;
- Interviewing and conferencing with individual teachers and / or teams;
- Meeting with school / district instructional staff;
- Providing school-based training opportunities;
- Monitoring implementation of the curriculum and ensuring effective instructional delivery;
- Providing opportunities for teachers to discuss and share ideas and strategies;
- Updating school improvement plans to support articulated, effective curriculum management.
- Helping parents to understand their role in supporting learning of the curriculum;
- Ensuring that student progress in achievement in regularly reported to parents in an understandable manner; and
- Participating in the training needed to effectively carry out these functions.

**Role of the Teachers :**

Teachers are responsible for effectively teaching the locally adopted curriculum and for assessing student mastery with a variety of assessment tools, including any required district or state assessments. To support students learning of the required curriculum, teachers are responsible for :

- Developing a deep understanding of the curriculum and effective ways to teach it;
- Involving student's in the learning process;
- Determining students learning strenghs and needs based on assessment data;
- Implementing intervention strategies;
- Communicating learning strengths and needs to students, parents and others;
- Encouraging parents to support student learning; and
- Participating in the district or school staff development designed to support these functions.

**Responsibilities of the Students :**

Students are recognized and valued as the beneficiaries of the teaching / learning process. However, in order for optimal learning to occur, students must recognize the importance of their active participation in the learning process. Student responsibilities include the following :

- Understanding their learning strengths and needs;
- Meeting or exceeding learning requirements based on the district curriculum and standards;
- Recognizing the impact that their behavior has on their own learning and the learning of others; and
- Assessing their own performance compared to learning benchmarks.

"Social efficiency educators" such as theorists Ross, Bobbitt, Gilbreth, Taylor, and Thorndike were aiming to design a curriculum that would optimize the "social utility" of each individual in a society. By using education as an efficiency tool, these theorists believed that society could be controlled. Students would be scientifically evaluated (such as IQ tests), and educated towards their predicted role in society.

John Dewey felt that the curriculum should ultimately produce students who would be able to deal effectively with the modern world. Therefore, curriculum should not be presented as finished



Scanned with CamScanner

abstractions, but should include the child's preconceptions and should incorporate how the child views his or her own world. Dewey uses four instincts, or impulses, to describe how to characterize children's behavior. The four instincts according to Dewey are social, constructive, expressive, and artistic.

***References :***

Bowe, Frank (2004), Making Inclusion Work, Upper Saddle River, N. J : Prentice Hall. ISBN 0-13-017603-6.

http://degree.astate.edu/Program info.aspx?id=203 http://distance.ncsu.edu/programs/master-of-education-in-curriculum-andinstruction-with-business-and-marketing-education-concentration

James Q. Affleck; Sally Madge, Abby Adams, Sheila Lowenbraun (1988-01). "Integrated classroom versus resource model : academic viability and effectiveness". Exceptional Children :2. http://findarticles.com/p/articles/mi_hb3130/is_n4_v54/ai_n28582666/pg_2/?tab=content;coll Retrieved 2010-05-29.

"Master of Science in Curriculum and Instruction", University of Scranton. http://www.uscranton.com/online-masters-curriculum/.

Smith P (October 2007) O'Brien, John. ed. "Have we made any progress? Including students with intellectual disabilities in regular education classrooms". Intellect Dev Disabil 45 (5) : 297_309. doi:10.1352/0047-6765(2007)45[297:HWMAPI]2.0.CD;2. PMID 17887907.

"Organizational development is intended to change beliefs, attitudes, values and structure of organization so that they can better adupt to new technologies, markets and challenges and the dizzing rate of change its self"

- Warren G. Bennis



Scanned with CamScanner

# વર્ગખંડોમાં શિસ્તનું વ્યવસ્થાપન

પ્રા. ડૉ. જયંત એ. શાહ

એક વાર છઠ્ઠા ધોરણમાં અમારા નાથુભાઈ દેસાઈ સાહેબનો ગણિતનો પિરિયડ હતો. સાહેબ ખૂબ જ ભલા, તેમને ગુસ્સે થતા ક્યારેય જોયા નથી. વિષય પરનો કાબૂ સારો. એક દિવસે સાહેબ વર્ગમાં આવ્યા તો કોઈ વિદ્યાર્થી શાંત થવા તૈયાર નહિ. બધા ધીંગામસ્તી કરતા રહ્યા. સાહેબની હાજરીની કોઈ અસર જ નહિ. સાહેબ બે-ત્રણ મિનિટ ઊભા રહ્યા અને કશું પણ બોલ્યા વગર વર્ગ બહાર એક મોટું ટેબલ હતું તેના પર બેસી રહ્યા. જેવા સાહેબ કંઈપણ બોલ્યા વગર ચાલ્યા ગયા એટલે થોડી જ વારમાં આખો વર્ગ શાંત, પીન ડ્રોપ સાયલન્ટ. છતાં સાહેબ વર્ગમાં ન જ આવ્યા. પિરિયડ પૂરો થયો એટલે સ્ટાફ રૂમમાં ચાલ્યા ગયા. હવે બીજે દિવસે એમનો પિરિયડ હતો. એ આવ્યા એ પહેલાંથી જ બધા તદ્દન શાંત હતા. સાહેબ આવ્યા કંઈપણ બોલ્યા વિના કે મોંઢું બગાડ્યા વિના પોતાનું શિક્ષણ કાર્ય શરૂ કર્યું, આગલા પિરિયડમાં જાણે કંઈ બન્યું જ નથી.

વર્ગખંડના સંચાલન અને શિસ્ત અંગે નવા શિક્ષકો વધુ ડર અનુભવે છે. તેમ છતાં વર્ગખંડ સંચાલન એક કૌશલ્ય છે જે માત્ર રોજનો અભ્યાસ કરવાથી હસ્તગત થાય. અહીં વર્ગખંડ સંચાલન અને શિસ્તના પ્રશ્નોને ઉકેલવામાં સફળતા પ્રાપ્ત કરી શકાય તે અંગે થોડી ઉપયોગી થાય તેવી ચર્ચા રજૂ કરી છે. આ ચર્ચા શિસ્ત અંગેના પ્રશ્નો જરૂર ઓછા કરશે.

વર્ષની શરૂઆતમાં વિદ્યાર્થીઓના વહાલા થવાની ઈચ્છાએ નબળી શિસ્ત ચલાવી લેવાની ભૂલ ઘણાં શિક્ષકો કરે છે. પછી આખું વર્ષ પસ્તાય છે. શરૂઆતથી વિદ્યાર્થી સાથે અંતર રાખીને જરૂર વગર સ્મિત આપવાનું ટાળો. વિદ્યાર્થીએ વર્ગમાં સારો જવાબ આપ્યો હોય તો તેને જરૂર બિરદાવો. શરૂઆતમાં રમૂજ રજૂ કરવાની ટાળો. રમૂજનો ખપ પૂરતો જ ઉપયોગ કરો. જે ભણાવવાનું છે તેની રસપ્રદ રજૂઆત માટે સરસ તૈયારી કરો. સમય જતાં અનુભવને આધારે વર્ગખંડમાં શિસ્તપાલન કરાવવું સહેલું છે.

વિદ્યાર્થી પાસે જો આપને શિસ્ત અને આદરની અપેક્ષા હોય તો દરેક વિદ્યાર્થી સાથે પક્ષપાત રહિત વ્યવહાર કરો. વિદ્યાર્થી સહજ રીતે તમારા પક્ષપાતયુક્ત વ્યવહારને ઓળખી લેતા હોય છે. જેને કારણે તે શિક્ષક વિદ્યાર્થીની નજરમાં નીચે ઉતરી જાય છે. જો તમારા વર્ગમાં તમારા માનીતા વિદ્યાર્થીએ ભૂલ કરી હોય તો તેને પણ યોગ્ય શિક્ષા થવી જ જોઈએ. તમારો વ્યવહાર ન્યાયોચિત હોવો જોઈએ. વર્ગખંડમાં વિદ્યાર્થીઓ દ્વારા તમારા વ્યવહારની સતત મૂલવણી થતી હોય છે. તટસ્થ વ્યવહાર તમારા માટે વિદ્યાર્થી સમાજમાં ઊંચો આદર પેદા કરે છે. આ આદરનો જે પ્રભાવ છે એ શિસ્ત જાળવણીમાં મદદરૂપ થાય છે.

વર્ગખંડમાં ભણાવતા હોય ત્યારે જો કોઈ વિદ્યાર્થી ખલેલ પહોંચાડે તો તે સમસ્યાનો જેમ બને તેમ જલ્દી ઉકેલ લાવો. એ અંગે લાંબી લાંબી ચર્ચા કરીને સમય ન બગાડો. એ વિદ્યાર્થીની બેસવાની જગ્યા બદલીને કે તેને રીશેષમાં મળવા બોલાવીને ઉકેલ લાવી શકાય. ભણવા માંગતા બીજા વિદ્યાર્થીઓના સમયનો ખ્યાલ રાખી ઝડપથી ભણાવવાનું શરૂ કરવું જોઈએ. દરેક તોફાનીને ટેકલ કરવાની ટ્રિક જુદી જુદી હોય. જરૂર પડે અનુભવી શિક્ષક મિત્રોની મદદ મેળવો. માત્ર હિટલરશાહી વલણ અપનાવવાથી સમસ્યાનો અંત આવી જતો નથી. પ્રેમ અને આત્મીયતાથી સમસ્યાનો ઉકેલ લાવવા પ્રયત્ન કરો. જરૂર તમે સફળ થશો. તોફાનીમાં રહેલી કોઈ સારી બાબતની પ્રશંસા કરો.



Scanned with CamScanner

એક શિક્ષક તરીકે કોઈપણ વિદ્યાર્થીનું અપમાન તેમના મિત્રો સમક્ષ ન થાય તેની કાળજી રાખો. બની શકે તો એવા વિદ્યાર્થીની થોડા સમય માટે ઉપેક્ષા કરો. તેની ભૂલ અંગે તેને ભાન થાય તે માટે સંયમિત વ્યવહાર જરૂરી છે. ઠપકો આપવા માટે તેને અંગત બોલાવીને યોગ્ય સમજ આપીને ઠપકો આપવો. તેની સારી બાબતો અંગે દિલથી વખાણ કરો. તેને કોઈ જવાબદારીભર્યા કાર્યમાં જોડો. એક તોફાની બાળકને શાળાના બોર્ડ પર રોજ સુવિચાર લખવાનું કામ સોંપી તેના કાર્યના વખાણ કરી તેનું દિલ તમે જીતી શકો છો. અને દિલથી જીતાયેલો તમારા વર્ગમાં અશિસ્ત નહિ જ કરે.

તમે વર્ગખંડમાં દાખલ થાવ છો અને આખો વર્ગ ધમાલ મસ્તી કરતો હોય, કોઈ તમારું સાંભળવા તૈયાર ન હોય ત્યારે આવી કઠિન પરિસ્થિતિમાં ગુસ્સા પર કાબૂ રાખો. (આ લાગે છે એટલું સહેલું નથી પરંતુ સતત પ્રયત્ન કરતા અનુભવે જરૂર સફળતા મળશે.) આખો વર્ગખંડ વિદ્યાર્થીઓથી ભરેલો છે અને જો તમે ટેબલ પર ડસ્ટર ઠોકી ઠોકીને બૂમ બરાડા પાડો, તો એવું સાબિત થાય છે કે તમારા વ્યક્તિત્વમાં કંઈ દમ નથી. (મોટા ભાગની શાળાઓમાં આવું થતું હોય છે. જાણે સરકસમાં રીંગ માસ્ટર પાંજરામાં સિંહોને તેનું સ્થાન બતાવી રહ્યો હોય.) આ રીતે તો તમે તમારું મહત્ત્વ ગુમાવો છો. આ સમયે શાંતિ રાખી માત્ર કોઈ એક જ વિદ્યાર્થી સમક્ષ એકીટસે જોયા કરો અને તેને ઊભા થવાનું કહો. આ સાથે જ બધા શાંત થઈ જશે કે, શું થયું ? ત્યારપછી પણ જો કોઈ ખાસ તોફાની ધ્યાનમાં આવે તો તેની નજીક જઈ શાંતિથી તેને પૂછો શું ચાલી રહ્યું છે ભાઈ ? અને આ સાથે જ ભણાવવા માટેનું મોકળું મેદાન તમારું. હવે સમય બગાડ્યા વિના તમારું કાર્ય શરૂ કરો.

શિક્ષકે પૂર્વગ્રહ રહિત બની દરેક વિદ્યાર્થી સાથે સરખો વ્યવહાર કરવો જોઈએ. કોઈ વિદ્યાર્થીના અગાઉના અયોગ્ય વ્યવહાર વર્તનને ભૂલી જઈ ક્ષમા આપવી જોઈએ. કોઈના પ્રત્યે ખુન્નસ રાખી જ્યારે તક મળે ત્યારે તે વિદ્યાર્થીને ઉતારી પાડવાનો અને સતત તેની ખામી શોધતા રહેવાનો પ્રયત્ન થતો હોય છે. વિદ્યાર્થી સમાજમાં આ પ્રકારનો વ્યવહાર છૂપો રહી શકતો નથી. આથી વિદ્યાર્થીઓમાં જે તે શિક્ષક પ્રત્યેના આદર, સન્માન ઘટી જાય છે અને વિદ્યાર્થી આલમ પર તેનો પ્રભાવ પણ સહજ ઘટે છે. હવે ઓછો પ્રભાવ ધરાવનારને શિસ્તના પ્રશ્નો નહિ સતાવે તો જ નવાઈ !

શિસ્તપાલન માટે વિદ્યાર્થીઓને શિક્ષા કરી શકાય પણ તે શારીરિક ન હોવી જોઈએ. શિસ્ત સંદર્ભે શિક્ષા કરી શકાય પણ તે પ્રમાણસર અને ગુનો બન્યા પછી તરત જ કરવી જોઈએ. શિક્ષા, શિક્ષા જ રહેવી જોઈએ સજા ન બનવી જોઈએ. નાની ભૂલ માટે વધારે પડતી સજા કરવાથી બાળકને તેની ભૂલનો અહેસાસ થવાને બદલે શિક્ષા કરનાર શિક્ષક પ્રત્યે અણગમો અને નફરત જન્મે છે અને આ ઘૃણા તિરસ્કારનું સંક્રમણ થઈને જે તે શિક્ષકના ભણાવવાના વિષય પ્રત્યે પણ રસ રહેતો નથી. શિક્ષા કરતા પહેલાં આખી પરિસ્થિતિનું અવલોકન કરી ખૂબ વિચારીને શિક્ષા કરવી જોઈએ. ત્યારબાદ તક મળે ત્યારે તેના સારા કાર્યની પ્રશંસા કરી બધા વિદ્યાર્થીઓની વચ્ચે તેના વખાણ કરવા જોઈએ. તેનામાં રહેલી આવડતને રજૂ કરવાની તક મળે તેવી પ્રવૃત્તિઓનું આયોજન કરવું જોઈએ.

ચાલુ પિરિયડે વાત કરનાર વિદ્યાર્થી તરફ ભણાવવાનું અટકાવી માત્ર થોડી વાર માટે જોયા કરશોને તો પણ ઘણો ફરક જોવા મળશે. ક્યારેક આવા દિંગના ગાંગડાને ઓળખી તેની અંગત મુલાકાત લઈ તેના વર્તન વ્યવહારમાં જરૂર સુધારો લાવી શકાય. અમુક કાળજીપૂર્વકના વ્યવહારથી વિદ્યાર્થીઓ સાથે સ્નેહનો તંતુ જળવાય રહેશે. તમને શિસ્ત અંગેના પ્રશ્નો ઓછા નડે એવી શુભેચ્છા.



Scanned with CamScanner

# શાળા વ્યવસ્થાપનનું મહત્વનું અંગ : નિર્ણય પ્રક્રિયા

પ્રા. પારુલ ટંડેલ

ઘણા પ્રસંગે નિર્ણય કરવામાં આપણે દ્વિધા અનુભવતા હોઈએ છીએ. આવી દ્વિધા નુકશાનકારક નીવડી શકે છે.

એક વખત, જંગલના માર્ગે પૂરપાટ દોડી જતી એક અતિ વૈભવી કારની અડફેટે એક સસલું કચડાઈ જાય છે. હવે, 'સસલું શા માટે / કેવી રીતે મરી ગયું ?' એની ચર્ચા કારમાં બેઠેલા માણસો વચ્ચે શરૂ થાય છે.

માણસ-૧ : કારની હેડલાઈટનાં પ્રકાશથી સસલાની આંખો અંજાઈ જવાથી તે કારની અડફેટે આવી ગયું હશે...

માણસ-૨. : દોડતી કારની ગતિ કરતાં સસલાની દોડવાની ગતિ ઓછી હશે તેથી...

માણસ-૩ : સસલાનું નસીબ જ વાંકુ વળી, તેમાં...

માણસ-૪ : ડ્રાઈવર ધારતે તો કદાચ...

છેવટે એક માણસ કહે છે, : 'સસલું કદાચ રસ્તાની વચ્ચે જ બેઠું હશે. આપણી કારને દૂરથી આવતી જોઈ તે જમણી-ડાબી, આગળ-પાછળ એમ કઈ બાજુ જવું નક્કી કરી નહીં શક્યું હશે તેથી તે કાર સાથે અથડાઈ ગયું, ને છેવટે મરી ગયું.'

આ ઉદાહરણ શું સૂચવે છે ?

એજ કે, સસલું ડાબી-જમણી કે આગળ-પાછળ કોઈ એક બાજુ પર ઝડપથી દોડી ગયું હોત તો એનું જીવન બચી ગયું હોત.

ટૂંકમાં, તેણે એક જ નિર્ણય લેવો જરૂરી હતો, અને એ પણ ખૂબ ઝડપથી.

સારાંશ એ જ કે... 'ખરે સમયે નિર્ણય નહી કરવાનો નિર્ણય લઈએ તો તેનું પરિણામ પણ ભોગવવું જ પડે.' આવું પરિણામ મોટા ભાગે આપણી ધારણા કે અપેક્ષાઓથી વિપરીત જ હોય છે. એટલું જ નહી, મોટી આપત્તિ નોંતરનારું પણ હોઈ શકે છે. નિર્ણય નહી કરીને નુકશાન વહોરવાને બદલે ડહાપણ એમાં છે કે જે પળે જે યોગ્ય લાગે એ નિર્ણય અચૂક લઈ લેવો જોઈએ પછી ભલેને એ મોટો ફાયદો ન કરાવી આપે, પરંતુ એટલું નક્કી કે તે નુકશાન તો ઓછું જ પહોંચાડશે.

એરિસ્ટોટલે પણ કહ્યું છે કે, 'આપણી ખુશીઓ અને ભાવિ એક સાચા નિર્ણય પર નિર્ભર કરે છે.' જિંદગીમાં આપણે શું કરવાનું છે અને શું નથી કરવાનું એનો નિર્ણય આપણો હોવો જોઈએ.

એવી જ રીતે, શાળા વ્યવસ્થાપનનું મહત્ત્વનું કાર્ય નિર્ણયો લેવાનું હોય છે. કોઈ એક શૈક્ષણિક સંસ્થા શરૂ કરવાનો વિચાર આવે ત્યાંથી જ નિર્ણયો લેવાની પ્રક્રિયા શરૂ થઈ જાય છે. દા.ત. : શાળા ક્યાં શરૂ કરવી, કેટલા વિભાગોમાં શરૂ કરવી, શિક્ષણનું માધ્યમ કયું રાખવું, શાળા શરૂ કરવા આર્થિક સહાય ક્યાંથી મેળવવી, મંડળમાં કેટલા સભ્યો રાખવાં વગેરે આવા તો અસંખ્ય નિર્ણયો લેવા પડે છે.

જે-તે પરિસ્થિતિમાં યોગ્ય નિર્ણયો લેવા એ સહેલી બાબત નથી. પરંતુ ખૂબ જટિલ અને અઘરી બાબત છે. તેથી સૌ પ્રથમ આપણે નિર્ણય પ્રક્રિયાને વ્યાખ્યા દ્વારા સમજવાનો પ્રયત્ન કરીએ.



Scanned with CamScanner

- ''બે કે વધુ શક્ય વિકલ્પોમાંથી અમુક ધોરણોને આધારે કોઈ એક વર્તન વિષયક વિકલ્પની પસંદગી કરવી તેને નિર્ણય પ્રક્રિયા કહેવાય છે.''

**- જ્યોર્જ આર. ટેરી**

- ''યોગ્ય સમયનાં ગાળામાં શક્ય પસંદગીઓમાંથી શ્રેષ્ઠ ઉકેલ મેળવવાની પ્રક્રિયા.''

**- રૂસ્તમ દાવર**

- ''નિર્ણય લેવો એટલે હંમેશા વિવિધ વિકલ્પોમાંથી પસંદગી કરવી, માત્ર એક જ વિકલ્પ હોય ત્યારે નિર્ણય લેવો જરૂરી નથી.''

**- અર્નેસ્ટ ડેલ**

શાળાના હેતુની સિદ્ધિ માટે જે પ્રશ્નો કે સમસ્યાઓ ઉપસ્થિત થાય તેનાં ઉકેલ માટે શાળાનાં આચાર્ય સૌ પ્રથમ શાળા બહારનાં વાતાવરણનાં ફેરફારો અને શાળાકીય આંતરિક શક્તિઓ (સ્ટાફ, વિદ્યાર્થી, કાર્યકારીગણ વચ્ચેનાં સંબંધો, તેની કાર્યશક્તિઓ, વિચારો, તેમની મદદ કરવાની ઉચ્ચ ભાવના વગેરે...) અને મર્યાદાઓનાં અનુસંધાનમાં ઘણા વિકલ્પો વિચારે છે. આ ઉપરાંત શાળાની ભૌતિક સુવિધાઓને ધ્યાનમાં રાખી વિકલ્પો પસંદ કરે છે અને ત્યારબાદ કોઈક નિર્ણય લે છે. તેને નિર્ણયપ્રક્રિયા કહે છે.

શાળા વ્યવસ્થાપનમાં નિર્ણય પ્રક્રિયા અગત્યનો ભાગ ભજવે છે. શાળાની ઘણી સમસ્યાઓ એવી હોય છે કે તેનાં ઉકેલ માટે જ્યાં સુધી ચોક્કસ નિર્ણય લેવામાં ન આવે ત્યાં સુધી કાર્ય કે પ્રવૃત્તિ થઈ શકતી નથી. શાળા વ્યવસ્થાપનમાં કોઈ પણ કાર્ય કે પ્રવૃત્તિનાં આયોજન માટે અગાઉથી કેટલાંક નિર્ણયો લેવા પડે છે. જો બુદ્ધિપૂર્વકની ગણતરી કરી હોય, સમજદારી વાપરી હોય તથા હકીકતોને ધ્યાનમાં રાખી નિર્ણયો લીધા હોય તો જે તે કાર્ય કે પ્રવૃત્તિને સફળ બનતા કોઈ રોકી શકતું નથી. હા, ક્યારેક કેટલીક ઘટનાઓમાં નકારાત્મક નિર્ણયો પણ લેવા પડે છે.

શાળા વ્યવસ્થાપનમાં ખાસ કરીને નીચે મુજબના નિર્ણયો લેવા પડે છે.

(૧) શાળાનાં દરેક વિભાગો જેવા કે બિન શૈક્ષણિક કર્મચારીઓ, ટીચિંગ સ્ટાફ, આચાર્ય તથા વિદ્યાર્થીગણ આ ઉપરાંત જુદા-જુદા વિષયો અંગે જુદા-જુદા નિર્ણયો લેવા પડે છે.

(૨) શાળાનું પરિણામ સારું લાવવા માટે શું કરવું ? કઈ શાળાનું માર્ગદર્શન લેવું ? વિદ્યાર્થીઓને કઈ રીતે મહેનત કરાવવી ? જેવા ઘણા નિર્ણયો લેવાવા જોઈએ.

(૩) શાળાના નીચા પરિણામને સુધારવા કયા કયા ઉપચારો અજમાવી શકાય તે અંગેનાં નિર્ણયો લેવા પડે.

(૪) શાળાના નિશ્ચિત ઉદ્દેશો સિદ્ધ કરવા માટે માત્ર આયોજન જરૂરી નથી. આયોજન મુજબ કાર્ય થાય તે જરૂરી છે. તેથી આયોજનને સફળ બનાવવા કેવા કાર્યો, કેટલી માત્રામાં અમલમાં મૂકવા તેનાં નિર્ણયો લેવાય છે.

(૫) શિક્ષકોનું અધ્યાપન કૌશલ્ય વિકસે, વ્યવહારમાં મૂકાય તે માટે શિક્ષકો માટેની વ્યવસાયિક સજ્જતા વધારતા કાર્યક્રમોનાં આયોજન માટે ચોક્કસ નિર્ણયો લેવાવા જોઈએ.

(૬) દરેક વર્ગમાં કેટલા વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ સાવ નિમ્ન સ્તરની છે, તેમના માટે કેવા વર્ગો ચલાવવા, કયા તજજ્ઞોનું માર્ગદર્શન લેવું તે માટેનાં નિર્ણયો લેવા.



Scanned with CamScanner

(૭) શાળાનાં વિદ્યાર્થીઓ દરરોજ નિયમિત શાળાએ હાજર રહે છે કે કેમ તે જાણવા દૈનિક હાજરી અંગે નિર્ણયો લેવાવા જોઈએ.

(૮) પ્રાર્થનાસભામાં વિદ્યાર્થીઓ, સ્ટાફ અને આચાર્ય બધા હાજર રહે તથા સંપૂર્ણ શાંતિ જાળવે, પ્રાર્થના સભામાં રજૂ થતી કૃતિ ધ્યાનથી સાંભળે, તેમને જરૂરી પ્રોત્સાહન અને જરૂર પડયે માર્ગદર્શન આપે તેવા નિર્ણયો જરૂરથી લેવાવા જોઈએ.

(૯) વિદ્યાર્થીઓ પ્રત્યે બિનજરૂરી પૂર્વગ્રહ ન રાખી સૌને દરેક બાબતે સરખો ન્યાય મળે તથા ઓળખાણનો લાભ લઈ ગેરશિસ્ત આચરનારા અને ગેરહાજર રહેનારા વિદ્યાર્થીઓ માટે પણ નિર્ણયો લેવાવા જોઈએ.

(૧૦) સંગીત, રમતગમત જેવાં વિષયો પણ પોતાનું આગવું મહત્ત્વ ધરાવે છે. તેથી આ વિષયો સંદર્ભે પણ મહત્ત્વનાં નિર્ણયો લેવા પડે.

**નિર્ણયપ્રક્રિયા માટે કેટલીક માર્ગદર્શક બાબતો ધ્યાનમાં રાખવા જેવી છે. જેમકે...**

- નિર્ણયો વ્યક્તિ કે જૂથને લક્ષમાં રાખી તેનું હિત જળવાઈ એ ધોરણે લેવાવા ન જોઈએ. નહિ તો, શાળા વ્યવસ્થાપનના નક્કી કરેલા ધોરણો દૂષિત બને છે. કર્મચારીઓનું મનોધૈર્ય નબળું બને છે.
- નિર્ણયોનો આધાર ચોક્કસ સિદ્ધાંતો પર ન હોવો જોઈએ.
- પ્રશાસને જે સિદ્ધાંતો નક્કી કર્યા હોય તેને શક્ય તેટલી વફાદારીપૂર્વક વળગી રહી નિભાવવાનાં પ્રયત્નો સૌ કરે તેવો આગ્રહ રાખવો જોઈએ.
- નિર્ણયો લેતી વખતે સંગઠનનાં જૂથનેતા કે નેતાઓની બૌદ્ધિક ક્ષમતા, વિષય કે વસ્તુ પરની તેમની પકડ, તાર્કિક્તા, પ્રશાસકીય કુનેહ વગેરેનો ઉપયોગ થાય તે માટે ધ્યાન રાખવું જોઈએ.
- નિર્ણયો બને તેટલા શુદ્ધ રીતે, નિષ્કામ ભાવે અને નિષ્ઠાથી લેવાય તેવો આગ્રહ રાખવો જોઈએ.
- નીતિને લગતા નિર્ણયો એક જ વ્યક્તિ લે તેના બદલે શુદ્ધ હેતુ નજર સામે રાખી, લોકશાહી ઢબે વ્યક્તિઓનું જૂથ પરસ્પર ચર્ચા કરી નિર્ણય લે તે આદર્શ ગણાય.
- નિર્ણયપ્રક્રિયામાં જે તે સંસ્થાના તમામ સભ્યો જોડાય તેવા વાતાવરણનું સર્જન કરવું જોઈએ.
- નિર્ણય લેતી વખતે જૂથની સ્વતંત્ર, મુક્ત વિચારણા બાદ કેવળ ગુણવત્તાનાં ધોરણે નિર્ણય લેવાય એ બાબત પર ભાર આપવો ઘટે.
- જે-તે વ્યક્તિનાં અહમતુષ્ટિને સંતોષવા નિર્ણય લેવામાં બિનજરૂરી વાર ન લગાડવી. આના કારણે નિર્ણયોનું મહત્ત્વ રહેતું નથી.

આ ઉપરાંત...

સંસ્થામાં ઘણાં લોકો નિર્ણય લેતા ગૂંચવાતા હોય છે અને ઘણાં લોકો ફટાફટ નિર્ણય લેવામાં ખોટા નિર્ણયો લઈને પસ્તાતા હોય છે. નિર્ણય શક્તિને મજબૂત બનાવવા ચાલો કેટલીક બાબત ધ્યાનમાં લઈએ.

- સંસ્થામાં અત્યાર સુધીમાં લેવાયેલા સૌથી સારા અને અસરકારક નિર્ણયોની યાદી બનાવો. તે સારા અને અસરકારક કેમ સાબિત થયા ? આ નિર્ણયો ક્યા સંજોગોમાં અને કેવી રીતે લેવાયેલા તેનું પૃથક્કરણ કરો.



Scanned with CamScanner

- સંસ્થામાં અત્યાર સુધી લેવાયેલા ખરાબ અને ખોટા કહી શકાય તેવા નિર્ણયોની યાદી બનાવો તે ખોટા કેમ સાબિત થયા, ક્યા સંજોગોમાં લેવાયેલા... વગેરે તમામ બાબતો ઝીણવટથી તપાસો.
- સંસ્થાએ અત્યાર સુધીમાં કેટલી વાર સૌથી વિકટમાં વિકટ પરિસ્થિતિનો સામનો કર્યો તથા એ પરિસ્થિતિમાં સંસ્થા ટકી રહી એ માટે કેવા નિર્ણયો લેવાયેલા તેનો અભ્યાસ કરો.
- સંસ્થાએ લીધેલા કેટલાં નિર્ણયો સંસ્થામાં કામ કરી વ્યક્તિઓને અને સ્થાનિક પરિસ્થિતિને / સ્થાનિક લોકોને ફાયદાકારક નીવડ્યા અને કેટલા નિર્ણયો નુકશાનકારક નીવડ્યા તેની યાદી બનાવો. આમ થવાના કારણો નોંધો. ક્યા પરિબળો નિર્ણયો લેવામાં અવરોધરૂપ બન્યા તેની યાદી બનાવો.

કોઈપણ સંસ્થાની સફળતાનો આધાર નિર્ણય પ્રક્રિયા અને તેના અમલીકરણ પર છે એ વાત હંમેશા યાદ રાખવી જોઈએ.

*"કાર્યાલય એ એકમની જુદી જુદી પ્રવૃત્તિઓ, માહિતી, સંકલન માટેનું વ્યવસ્થા કેન્દ્ર છે. માહિતી એકત્રિત કરવી, વર્ગીકરણ અને વિશ્લેષણ કરવું, સાચવી રાખવી વગેરે કાર્યોને કારણે કાર્યાલયની અગત્યતા વધી જાય છે, તેથી જ તે શાળાના મગજ સમાન છે"*

*- સ્ટીફન્સ*



Scanned with CamScanner

# સહઅભ્યાસિક પ્રવૃત્તિઓનું આયોજન કરી રહ્યા છો ? જરા થોભો...

ડૉ. ઇન્તેખાબ અનસારી

શિક્ષણ પાસે અનેક ઉચ્ચતમ અપેક્ષાઓ રાખવામાં આવે છે. આવી તમામ અપેક્ષાઓનો નિષ્કર્ષ એટલે વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ અને તેના થકી સમાજ અને રાષ્ટ્રનો વિકાસ અને ઉન્નતિ. શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ સાધી શકાય એ માટે વિવિધ વિષયોનું શિક્ષણકાર્ય કરવામાં આવે છે. વિવિધ વિષયોના માધ્યમ દ્વારા વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ સાધવાના લક્ષ્યને સિધ્ધ કરવાના પ્રયાસો કરવામાં આવે છે. પરંતુ બહુધા માત્ર વિષય શિક્ષણ દ્વારા વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસનું લક્ષ્ય સિદ્ધ થઈ શકતું નથી. એના માટે અન્ય પ્રયાસો હાથ ધરવા જરૂરી બની રહે છે. આ પ્રયાસો એટલે સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ. સહઅભ્યાસિક પ્રવૃત્તિઓના આયોજન દ્વારા વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ સાધવાના ધ્યેયમાં ખૂટતી પૂર્તતા થઈ શકે છે. સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ એટલે અભ્યાસની સાથે સાથે થતી પ્રવૃત્તિઓ. લગભગ પ્રત્યેક શાળા અને કૉલેજમાં આવી સહઅભ્યાસિક પ્રવૃત્તિઓનું આયોજન થતું હોય છે. જેમકે, નિબંધ સ્પર્ધા, વક્તૃત્વ સ્પર્ધા, ચિત્રસ્પર્ધા, વ્યાખ્યાનો, પ્રદર્શનો, પ્રવાસ-પર્યટન વગેરે. પરંતુ આવી પ્રવૃત્તિઓ માત્ર 'ક્રિયાકાંડ' ન બની રહે એ જરૂરી છે. સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ કરવા પૂરતી ન થાય એ જરૂરી છે. સહઅભ્યાસિક પ્રવૃત્તિઓનું હેતુપૂર્ણ રીતે આયોજન અને અમલીકરણ થાય એ ખૂબ જરૂરી છે. પ્રસ્તુત લેખમાં સહઅભ્યાસિક પ્રવૃત્તિઓના આયોજન સંબંધી કેટલીક મૂળભૂત બાબતો ચર્ચવાનો આશય છે.

સહઅભ્યાસિક પ્રવૃત્તિઓના આયોજન સંદર્ભે સૌથી પ્રથમ એ વિચારી લેવું ઘટે કે વર્ષ દરમિયાન કેટલી પ્રવૃત્તિઓ યોજવાની છે ? મારા ધ્યાનમાં એવી કેટલીક સ્કૂલ અને કૉલેજ છે કે જેમાં લગભગ દર અઠવાડિયે વિવિધ પ્રકારની સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ યોજાઈ હોવાના સમાચારો વર્તમાનપત્રમાં પ્રસિદ્ધ થતા રહે છે. સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ ઉચિત માત્રામાં યોજાય એ જરૂરી છે. શાળા કે કૉલેજમાં સહઅભ્યાસિક પ્રવૃત્તિ યોજાય અને વર્તમાનપત્રોમાં તેના સમાચાર પ્રસિદ્ધ થાય તેની સામે આપણને કઈ વાંધો ન હોઈ શકે, પરંતુ મૂળ પ્રશ્ન એ છે કે આવી પ્રવૃત્તિઓ એ માત્ર પ્રસિદ્ધિ માટેનો નહી, પરંતુ સાચા અર્થમાં વિદ્યાર્થીઓના વિકાસ માટેનો ઉપક્રમ છે એ સતત સ્મરણમાં રાખવું જોઈએ. શાળા કે કૉલેજમાં વિદ્યાર્થીઓ સાફ સફાઈ હાથ ધરે તો એના સમાચાર કેવી રીતે હોઈ શકે ? એ તો વિદ્યાર્થીઓએ કરવાનું જ હોય ને ! એવી જ રીતે શાળા કે કૉલેજ કક્ષાએ નિબંધ કે વક્તૃત્વ સ્પર્ધા યોજાય, જેમાં માત્ર ચાર વિદ્યાર્થીઓ ભાગ લે અને તેમાંના પ્રથમ, દ્વિતીય અને તૃતીય વિજેતાના નામ (અને કેટલીક વખત ફોટા પણ !) વર્તમાનપત્રમાં છપાય એવી પ્રેક્ટીશ ટાળવા જેવી છે. વળી, આવી પ્રવૃત્તિઓ ક્યા સમયે યોજાય છે એ પણ એટલો જ મહત્ત્વનો પ્રશ્ન છે. ભર ઉનાળે વર્ષાગીતોની સ્પર્ધાનું આયોજન કરતા આયોજકોને આપણે શું કહીશું ? એ આપ નક્કી કરવા જેટલા સુજ્ઞ છો. સંસ્થાના દૈનિક શિડયૂલમાં આવી પ્રવૃત્તિઓ ફિટ બેસે છે કે નહી તેનો પણ

પુરુષાર્થ એ જ ધ્યેય પ્રાપ્તિ માટેનું એક સાધન છે.

Scanned with CamScanner

વિચાર કરી લેવો પડે. જેમકે, રમતોત્સવ જેવી પ્રવૃત્તિના આયોજન માટે સવારનો સમય પસંદ થાય એ વધુ હિતાવહ લેખાય.

વર્ષ દરમિયાન સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ માટે કેટલો સમય ફાળવવો જોઈએ ? એ પ્રશ્નનો ઉત્તર પણ પ્રત્યેક શૈક્ષણિક સંસ્થા પોતાની રીતે મેળવી લે એ ઈચ્છનીય જ નહીં પરંતુ અનિવાર્ય છે. સહઅભ્યાસિક પ્રવૃત્તિ તેના નામ મુજબ અભ્યાસની સાથે સાથે થતી પ્રવૃત્તિ છે, હોવી જોઈએ. પરંતુ કેટલાક 'ઉત્સાહી' વ્યવસ્થાપકો અભ્યાસના ભોગે આવી પ્રવૃત્તિઓ યોજતા હોય છે. આવો અભિગમ ટાળવા જેવો છે એવું સ્પષ્ટ રીતે નોંધવાનું પ્રાપ્ત થાય છે. કેટલીક શાળાઓમાં વિશેષત: વાર્ષિકોત્સવ પ્રસંગે દસ પંદર દિવસો સુધી સતત 'પ્રેક્ટીશ' ચાલ્યા કરતી હોય છે અને અભ્યાસને અભરાઈ પર ચઢાવી મૂકવામાં આવે છે. વળી, શાળા સમય પહેલા અને શાળા સમય પછી પણ વિદ્યાર્થીઓ સતત પ્રેક્ટીશમગ્ન રહે છે. તેને લીધે અનેક જોખમો ઊભા થતા હોય છે. કોઈ પણ કાર્યક્રમ હોય એ ગુણવત્તાપૂર્ણ રીતે જ થવો જોઈએ એમાં કોઈને શંકા હોઈ શકે નહીં, પરંતુ ગુણવત્તાપૂર્ણ કાર્યક્રમ તેને જ કહી શકાય કે જે સમયના માળખામાં રહીને જ પૂર્ણ થતો હોય. સહઅભ્યાસિક પ્રવૃત્તિઓના વ્યવસ્થાપન સંદર્ભે આ મુદ્દાની અવગણના કરવી એ હેતુથી વિમુખ થવા જેવું છે.

કેટલીક સંસ્થાઓમાં ખૂબ સારી સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ થાય છે એ હકીકતનો ઈન્કાર થઈ શકે એમ નથી. પરંતુ સામે કેટલીક સંસ્થાઓ સહઅભ્યાસિક પ્રવૃત્તિના નામે શિસ્ત, સંયમ અને સંસ્કારની તમામ સીમાઓ વટાવી જતી હોય છે એ વાસ્તવિક્તાનો પણ સ્વીકાર કરવો ઘટે. વિદ્યાર્થીઓમાં રહેલી આંતરિક શક્તિઓને બહાર લાવવી, તેમનામાં કલાદષ્ટિ વિકસાવવી, સમૂહમાં કાર્ય કરવાની ભાવના વિકસાવવી, વિવિધ કૌશલ્યોનો વિકાસ કરવો વગેરે જેવા સહઅભ્યાસિક પ્રવૃત્તિઓના આયોજન પાછળના હેતુઓ ઘણી વખત નેપથ્યે ધકેલાઈ જતા હોય છે. હાલમાં જ થોડા સમય પર દક્ષિણ ગુજરાતની એક શાળામાં વાર્ષિકોત્સવમાં 'એક બિભત્સ ફિલ્મ' ગીત પર વિદ્યાર્થીઓએ ડાન્સ રજૂ કર્યો હોવાની ચર્ચા ખૂબ ચાલી હતી. એવી જ રીતે એક કૉલેજમાં વિદ્યાર્થીઓ માટે ''પ્રેમપત્ર લખવાની કળા'' એ વિષય પર એક તાલીમ શિબિર યોજાઈ હોવાનું પણ ધ્યાન પર આવ્યું હતું. પ્રેમપત્ર લખવા માટેની તાલીમ કેવી રીતે હોઈ શકે એ જ મને તો સમજાતું નથી. હવે કદાચ કોઈ સંસ્થા પ્રેમ કેવી રીતે કરવો એવી કોઈ તાલીમ શિબિર યોજે તો પણ કંઈ કહેવાય નહીં ! આ પ્રકારની કૃતિઓ અને પ્રવૃત્તિઓ નિવારવી જોઈએ એવું કહેવાની જરૂર ખરી ? વિદ્યાર્થીઓને શિસ્ત, સંયમ અને સંસ્કાર તરફ દોરી જાય એવી પ્રવૃત્તિઓને કેન્દ્રમાં રાખવી જોઈએ. તો જ આવી પ્રવૃત્તિઓ, શાળા-કૉલેજ અને શિક્ષણના ઉદ્દેશો સિદ્ધ થઈ શકે.

સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ સંદર્ભે અનેક સંશોધનો હાથ ધરાયા છે. તેના કેટલાક ચોંકાવનારા તારણો બહાર આવ્યા છે. જેમકે, ઘણી વખત સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ અમુક જ વિદ્યાર્થીઓ માટે યોજાતી હોય છે એવું અવલોકાયું છે. તેમાં અમુક જ વિદ્યાર્થીઓ ભાગ લેતા હોય છે. સહઅભ્યાસિક પ્રવૃત્તિઓમાં ભાગ લેવાની તમામ વિદ્યાર્થીઓને પૂરતી તક પ્રાપ્ત થઈ શક્તી નથી. શિક્ષકો (અને અધ્યાપકો પણ !) વિદ્યાર્થીઓ વચ્ચે આ સંદર્ભે (પણ) ભેદભાવ રાખે છે અને વહાલા-દવલાંની નીતિ અપનાવે છે. કેટલાક વિદ્યાર્થીઓ

આખું પુસ્તક ગોખવા કરતા પાંચ વિચારો પચાવવા સારા.

Scanned with CamScanner

આવી પ્રવૃત્તિઓમાં ભાગ ન લઈ શકવાને લીધે લઘુતાગ્રંથિથી પીડાતા થઈ જાય છે. વિદ્યાર્થીઓ પાસે ખોટા ખર્ચ કરાવવામાં આવે છે. અભ્યાસ પર પ્રતિકૂળ અસર પડે છે વગેરે. આ તારણો સ્વયં સ્પષ્ટ છે. તેથી તેની વિશેષ ચર્ચા નિવારી છે. પરંતુ તેના ફલિતાર્થો સ્પષ્ટ છે.

સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ એ કોઈપણ શૈક્ષણિક સંસ્થાના વ્યવસ્થાપનનું અત્યંત અગત્યનું અને અભિન્ન અંગ છે. સંસ્થાના ભાવાવરણને યોગ્ય અને ઈચ્છિત દિશામાં દોરી જવામાં અને સ્વસ્થ માનવસંબંધો વિકસાવવામાં તેનું પ્રદાન ખૂબ મહત્ત્વનું છે. પરંતુ આ માટે કેટલીક પૂર્વશરતોનું પાલન થાય એ અનિવાર્ય છે. Conditions Apply! સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ સંદર્ભે હાથ ધરેલી ઉપરોક્ત ચર્ચા વિવિધ સંસ્થાઓને સહઅભ્યાસિક પ્રવૃત્તિઓના વધુ હેતુપૂર્ણ અને ગુણવત્તાલક્ષી આયોજનની દિશામાં જરૂરથી માર્ગદર્શક નીવડશે એવી શ્રદ્ધા સાથે વિરમું છું. અસ્તુ.

*રાધાકૃષ્ણન રીપોર્ટમાં કહ્યું છે કે...*
*''સ્વસ્થ શરીરમાં જ સ્વસ્થ મન વસે છે''*
*એટલે પ્રથમ સ્વસ્થ શરીર એ શાળાસમાજનું મહત્ત્વનું અંગ બને છે.*
*આ ક્યારે થઈ શકે ?*
*શારીરિક સ્વાસ્થ્યને બાહ્ય આરોગ્ય સાથે ઘણો જ સંબંધ છે.*
*એટલે શાળાસમાજના તમામ અંગોના આરોગ્ય વિશે વિચાર કરવો જરૂરી છે.*



Scanned with CamScanner

# શાળા સંચાલનમાં આયોજનનું તત્ત્વ

શ્રીમતી કવિતા રાઠવા
ગ્રંથપાલ

"A Vision without a plan is just a dream;
A plan without a vision is just drugery. But, A vison without plan can change the world."

શું કરવું છે ? અને કેવી રીતે કરવું છે ? આ બન્ને પ્રશ્નોના જવાબમાં આયોજન છૂપાયેલું છે. આયોજન એ નક્કી કરવાની પ્રક્રિયા છે. કોઈ વ્યક્તિ, કુટુંબ કે પછી કોઈ પણ સંકુલમાં કે રોજિંદા વ્યવહારમાં જુદા જુદા સ્તરે આયોજન ઉદ્દભવે છે. આયોજનમાં પોતાના નિર્ણયોને અવકાશ નથી પણ સંસ્થાકીય હેતુઓને લક્ષમાં રાખી માહિતી-પરિસ્થિતિ અને પ્રવૃત્તિ કે કાર્યને સંકલિત કરી આયોજનને તૈયાર કરવાનું હોય છે. સારામાં સારું પરિણામ મેળવવા તાર્કિક પદ્ધતિસરના નિર્ણયીકરણની પ્રક્રિયારૂપ આયોજનની સંસ્થા સંચાલનમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા હોય છે. આયોજન એ સૈદ્ધાંતિક ધ્યેયને વિશિષ્ટ પ્રવૃત્તિમાં પરિવર્તિત કરે છે.

આયોજન એ કલા જ નથી પણ સાયન્સ પણ છે. જો આયોજનમાં ચોકસાઈ રાખવામાં ન આવે તો સિદ્ધિ ને ન પહોંચતા અનિચ્છિનીય સમસ્યાઓ ઉદ્દભવે છે. જે કાર્ય સિદ્ધ કરવાનું છે તેની પ્રક્રિયાને પ્રોફેસનલ પ્રેકટિસરૂપે જો વિચારીએ તો તેનું જરૂરથી ઉત્તમ આયોજન કરી શકાય છે. જો તેનો ખ્યાલ રાખવામાં ન આવે તો આપણને નિરાશાની ગર્તામાં ધકેલી શકે છે. તેના જુદા જુદા કારણો હોઈ શકે, જેમાં અપૂરતા સંસાધનો, અપૂરતો સંસ્થાકીય સપોર્ટ, અપૂરતો ઓફિસિયલ સપોર્ટ અને દૂર ન થયા હોય એવાં આંતરિક અને બાહ્ય સંઘર્ષો વગેરે...

"Good plans shape good decision.
That's why good planning helps
to make elusive dreams come true"
- Lester Robort Bittel

આમ, આયોજન એટલે કોઈ લક્ષ્ય પ્રાપ્તિ માટે કરવાનું કાર્ય અને એની કાર્યપદ્ધતિ, સહયોગી વ્યક્તિઓ, પરિસ્થિતિ અને સાધન સામગ્રીની એક સુસંવાદી રૂપરેખા. મર્યાદિત સંદર્ભોનો વ્યવસ્થિત અને ફળદાયી ઉપયોગ. આયોજનમાં વિકાસ, પ્રગતિ અને ઉત્કર્ષ અભિપ્રેરિત છે. પ્રવર્તમાન સાધનસામગ્રી અને ઉપલબ્ધ થઈ શકે તેવી સાધનસામગ્રી વડે અમલીકરણ થઈ શકે તેવા કાર્યક્રમો ઘડવા એ આયોજનનું હાર્દરૂપ તત્ત્વ છે.

**આયોજનના સિદ્ધાંતો :**

સારા આયોજન માટે એક પદ્ધતિસરની પ્રક્રિયાની જરૂરિયાત છે જેના દ્વારા તે પ્રક્રિયામાં રહેલા જુદા-જુદા પગથિયાંને સ્પષ્ટ કરતાં હોય અને અગાઉના કાર્યને દોરવણી પણ આપતા હોય.

"A plan is a list of actions arranged in
whatever sequence is thought likely to achieve an objective"
- John Argenti

આ પ્રક્રિયામાં નીચેના આયોજનના સિદ્ધાંતો પ્રતિબિંબિત થાય છે.

- સર્વગ્રાહી (Comprehensive) : જે કાર્ય માટેનું આયોજન કરતાં હોય તે અંગેના બધા જ મુખ્ય વિકલ્પો અને અસરોને ગણવી જોઈએ.
- દક્ષતા (Efficient) : પ્રક્રિયા એવી હોવી જોઈએ કે તે સમય અને નાણાંનો વ્યય ન કરે.
- સમાવેશકતા (Inclusive) : આયોજનમાં સમાવેશકતાની તકો હોવી જોઈએ.
- માહિતી સભર (Informative) : માહિતીનો આધાર હોવો જોઈએ.
- સંકલિત (Intigrated) : ટૂંકાગાળા અને લાંબાગાળાના ધ્યેયો સંકલિત કરીને આયોજન થવું જોઈએ.
- તાર્કિક (Logical) : આયોજનનો દરેક તબક્કો/સ્ટેપ બીજા સ્ટેપને દોરે તેવું તાર્કિક હોવું જોઈએ.
- પારદર્શક (Transparant) : આયોજનમાં પારદર્શિતા હોવી જોઈએ જેથી પ્રવૃત્તિ સાથે સંકળાયેલ બધાને તેની સમજ અને પ્રક્રિયાની જાણકારી હોય.

આમ, આયોજનના સિદ્ધાંતોને લક્ષમાં રાખી શાળાનું લાંબા તેમજ ટૂંકાગાળાનું આયોજન થાય એ અત્યંત આવકાર્ય છે.

શાળા સંચાલનમાં વિવિધ લાંબા અને ટૂંકાગાળાના આયોજનની જરૂરિયાત રહેલી હોય છે. સાથે સાથે શાળાના વિવિધ કાર્યક્રમોનું આયોજન અને અમલીકરણ ખૂબજ મહત્ત્વનો ભાગ ભજવે છે. આયોજન એ સમગ્ર શૈક્ષણિક પ્રક્રિયાનું આધારસ્તંભ છે. આખુંય વર્ષ શૈક્ષણિક રીતે કેવું જશે તેનો આધાર આયોજન પર છે. શાળાનું નક્કી કરેલું વિઝન પ્રાપ્ત કરવા આખરે તો આયોજનના શરણે જવું જ પડે છે. તેથી જ શાળા સંચાલનમાં આયોજનનું તત્ત્વ વિચાર માંગી લે છે. આયોજન તર્કબદ્ધ રીતે અને ક્રમબદ્ધ રીતે થાય તે અગત્યનું છે.

શાળામાં જુદા જુદા આયોજન થતાં જોવા મળે છે.

- વિવિધ વિષયોના અભ્યાસક્રમ સંબંધિત આયોજન
- શાળાની સમગ્ર વાર્ષિક પ્રવૃત્તિઓનું આયોજન
- સમૂહ પ્રવૃત્તિઓનું આયોજન
- સહઅભ્યાસ પ્રવૃત્તિઓનું આયોજન વગેરે

વિવિધ પ્રવૃત્તિ ગમે તે પ્રકારની હોય પણ તેનું પૂર્વ આયોજન અસરકારક રીતે કરવામાં આવે તે ઇચ્છનીય છે. તેમાં આયોજનના સિદ્ધાંતોને ધ્યાનમાં રાખીને કરવામાં આવેલું આયોજન કદાપિ નિષ્ફળ નિવડતું નથી.

૧. પ્રવૃત્તિ કે કાર્યક્રમનું નામ/નામકરણ :
જે પ્રવૃત્તિ કે કાર્યક્રમનું આયોજન કરવા માંગીએ છીએ તે શું છે ? તેનો હેતુ શું ? તેનું પરિણામ આપણને શું જોઈએ છે ? વગેરેની પૂરેપૂરી માહિતી જાણવી ખૂબ જ આવશ્યક છે.

૨. આ સંપૂર્ણ કાર્યક્રમ માટે જવાબદાર વ્યક્તિ કોણ ?
જે તે જવાબદાર વ્યક્તિની પસંદગી માટે ધ્યાનમાં રાખવું જોઈએ કે રસ અને રુચિ ધરાવે છે અને જો ધરાવતા હોય તો તે વફાદારીપૂર્વક તે કાર્યને પરિપૂર્ણ કરવાની ક્ષમતા છે કે નહી, જો હોય તો તેને સંપૂર્ણ જવાબદારી સોંપો.

૩. સમય મર્યાદા નક્કી કરવી જોઈએ.



Scanned with CamScanner

પ્રવૃત્તિ/કાર્યક્રમના હેતુને લક્ષમાં રાખી શાળાના ટાઈમ ટેબલને ધ્યાનમાં રાખી તેને સમય મર્યાદામાં પૂર્ણ કરે તો સૂચક પરિણામ મેળવી શકાય વગેરે જેવી બાબતોની ખાસ કાળજી લેવાવી જોઈએ.

૪. જે તે પ્રવૃત્તિ માટે ઉપયોગમાં આવતાં જુદા જુદા જરૂરી સંસાધન પ્રાપ્ય છે કે કેમ ? અને જો ન હોય તો તેની સગવડ કેવી રીતે કરવી ? તે અંગેનો ખર્ચ કેટલો થશે ? વગેરેનો પણ ખ્યાલ આયોજનમાં અનિવાર્ય બાબત છે.

૫. પ્રવૃત્તિનો હેતુ શું છે, તેની પરિપૂર્તિ માટે તેનું પરિણામ લક્ષમાં લેવું જોઈએ.

૬. જે તે કાર્યક્રમ/પ્રવૃત્તિ માટે બીજી કઈ કઈ એજન્સીની જરૂર પડશે. અમલીકરણના સમયગાળામાં કેટલી સહાય પ્રાપ્ત થશે અને આપણા કાર્યહેતુમાં કઈ રીતે લઈ શકાશે વગેરે બાબતોને ધ્યાનમાં રાખવી અનિવાર્ય ઘટે.

૭. જે તે કાર્યક્રમ દરમ્યાન ક્યાં ક્યાં કેવી રીતે અવરોધ રુકાવટ કે સમસ્યા ઉદ્દભવી શકે છે ? અને જો ઉદ્દભવે તો તેને કેવી રીતે નિવારી શકાય ? તે અંગેનું પણ પૂર્વ આયોજન ધ્યાનમાં રાખવું જોઈએ.

૮. સમસ્યા કે અવરોધના ઉકેલો, વૈકલ્પિક ઉકેલોનો અંદાજ પણ આયોજનમાં હોવો જોઈએ.

આ બધા મુદ્દાઓમાંથી મહદ્દઅંશે દરેક તબક્કા કે સ્ટેપને લક્ષમાં રાખી પૂર્વ–આયોજન હાથ ધરવામાં આવે અને સાથે સાથે ચોક્કસ અમલીકરણ પણ થાય તો જરૂર સફળતાને પામી શકાય.

આયોજન વિનાનું કાર્ય સઢ વિનાના વહાણ જેવું છે. આપણે સૌ આયોજનમાં ખૂબ જ આગળ પડતાં, મહત્ત્વકાંક્ષી અને ઉત્સાહી છીએ પણ તેટલું જ અગત્યનું તેનું અમલીકરણ અને મૂલ્યાંકન છે. જો અમલીકરણ સુવ્યવસ્થિત રીતે એટલે કે આયોજન પ્રમાણે કરવાનો આગ્રહ રાખીએ તો જ આયોજન અર્થપૂર્ણ બની રહેશે અને આવા અર્થપૂર્ણ આયોજન દ્વારા જ સફળતા આપણી નજીક આવીને ઉભી રહેશે. આમ, આયોજન સર્વત્ર સ્વીકાર્ય છે જ અને તેની અગત્યતા પણ સર્વસ્વીકૃત છે.

Have a plan,
follow the plan,
and you'll suprised how successful you can be...



Scanned with CamScanner

# શિક્ષક અને વિદ્યાર્થીઓ વચ્ચે થતા પ્રત્યાયનમાં શિક્ષણની સફળતા રહેલી છે.

વિકાસ વી. પટેલ
રોલ નંબર : ૨૦

પૃથ્વી પર સૌથી બુદ્ધિશાળી સામાજિક પ્રાણી એટલે માનવ. માનવ એ અનેક જીવજંતુ ને પ્રકૃતિ સાથે સંબંધ ધરાવે છે. આ સંબંધને લીધે તે પ્રકૃતિની નજીક જતો ગયો અને તેને સમજતો ગયો. જન્મજન્માંતર તેની સાથે સંબંધ બાંધતો ગયો. સમાજમાં રહીને પ્રકૃતિ સાથે પોતાના વિચારો ત્યારે પ્રદર્શિત કરી શકે જ્યારે તેની પાસે વાણીની દેન હોય. આ વાણીને બીજી રીતે ભાષા હોય એમ કહી શકાય.

સમાજમાં એકબીજાના વિચારોની આપલે તે ભાષા કે બોલી દ્વારા કરતો રહે છે. જો ભાષા ન હોય તો તે બૂત બની રહ્યો ગણાય છે. માનવ-માનવ, માનવ-સમાજ, માનવ-પ્રકૃતિ સાથેનો સંબંધ એ ભાષા દ્વારા રૂઢ કરતો થઈ ગયો છે. જેના માટે શિક્ષણની ભાષામાં પ્રત્યાયન શબ્દનો વિનિયોગ થયો છે.

પ્રત્યાયન એટલે માણસે એકબીજાને માહિતી વિચારોને વલણોથી એક વ્યક્તિથી બીજી વ્યક્તિ સુધી પહોંચાડવાની કલા. આ પ્રત્યાયનમાં પ્રતીક, સંદેશો, માહિતીનું આદાનપ્રદાન વગેરેનો સમાવેશ થાય છે જેના વડે વિચારોની અભિવ્યક્તિ થાય છે.

શૈક્ષણિક સંસ્થામાં પ્રત્યાયન માટેની આદર્શ પરિસ્થિતિ નીચે મજબ સમજી શકાય.

કોઈપણ વ્યક્તિને સમૂહમાં રહેવું ગમે છે. આ સમૂહના ઘટકને માહિતી આપનાર કે સંદેશા આપનાર સંગઠન કે સમૂહ પોતે એકજ એમ જરૂરી નથી. પરંતુ સમૂહમાં પ્રત્યાયન ખામીભર્યું થઈ શકે છે. આચાર્ય, શિક્ષકો, વર્ગકાર્યને ઈતરકાર્ય કરતા વિદ્યાર્થીઓ પાસે પહોંચતા તો તે વધુ સારી સિદ્ધિ પ્રાપ્ત થાય તે માટે સંગઠન ઘટાડવું જોઈએ. તેવી જ રીતે ઉપલી કચેરી કે વિભાગથી ઠેઠ તળિયા સુધી આવતી વિગતોમાં પહેલેથી એકસૂત્રતા ન જળવાય તો તે વિશે વિભાગ, સંસ્થા કચેરી જ્યાંથી સંદેશો કે વિગત મોકલાય તે સ્પષ્ટ હોવી ખૂબ જ જરૂરી છે, તેની પ્રથમ કાળજી લેવી જોઈએ.

કોઈપણ વસ્તુ કે વિગત બીજી વ્યક્તિને મોકલતા માહિતી પ્રત્યક્ષ કે ટૂંકા માર્ગે જાય તો તે વધુ સ્પષ્ટ રહે છે. પરંતુ વધુ પડતા તબક્કામાંથી પસાર થાય તો તે અસ્પષ્ટ, ખોટી અર્થ વગરની બની જાય છે. તેનો હેતુ બર આવતો નથી. વધુ પડતા સ્તરને કારણે મોકલેલ સંદેશો કે માહિતી ખામીયુક્ત બની જાય છે.

સંદેશો આપનાર જે જગ્યાથી સંદેશો મોકલે છે. જો તેમાં તેની બેદરકારી અવગણના કે ઉપેક્ષા કરવામાં આવે તો ઉચિત પ્રત્યાયન થતું નથી. જે વ્યક્તિ કે જૂથ ઉદાસીનતા ધરાવે, ઉત્સાહ ન રાખે ત્યારે સંદેશાનું કોઈ મૂલ્ય રહેતું નથી.

સંદેશો સફળ બનાવવો હોય તો ભાષા શુદ્ધ, સરળ વંચાતી હોય તો તે પ્રત્યાયન સફળ બની જાય છે. જેમકે હિન્દીમાં 'ઉસે રોકો મત જાને દો' આ વાક્યને અલ્પવિરામ રોકો પછી અને મત પછી મૂકીએ તો વિપરીત અર્થ થાય છે. તેમજ અર્થ નો અનર્થ થાય છે. વ્યાખ્યાનમાં ઊંચો અવાજ પ્રત્યાયન ને ખામીયુક્ત બનાવી શકે છે. યોગ્ય શ્રવણગમ્ય અવાજને સરસ પ્રત્યાયન ગણી શકાય છે.



Scanned with CamScanner

વિષયવસ્તુ કે સંદેશાને જેવો છે તેવો અને તેનો અર્થ શો છે ? એ સમજવાની સમજણ ન હોય તો તેનો અર્થ રહેતો નથી. તે કશા કામનો ગણાતો નથી, માટે પ્રત્યાયન નબળું ગણાય છે.

સંદેશો મેળવનાર વ્યક્તિ પ્રતિપોષણ ન આપે તો ત્યાં સુધી પ્રત્યાયન અધૂરું ગણાય છે. એક છેડથી બીજા છેડે રીપોટિંગ અહેવાલ પ્રતિભાવ સુપરત થાય ત્યારે પ્રક્રિયા પૂરી થાય છે. વળી, જે તે વિગત સમયસર યોગ્ય રીતે પરત થવી જ જોઈએ તો જ ક્રિયા સંપૂર્ણ બને છે.

ઉપરોક્ત પરિચ્છેદોમાં પ્રત્યાયન માટેની આદર્શ પરિસ્થિતિ વિષયક ચર્ચા હાથ ધરવામાં આવી છે. આમ છતાં પ્રત્યાયન સામેના અવરોધો અંગે કેટલીક સ્પષ્ટ ચર્ચા જરૂરી છે જે નીચે મુજબ છે.

જો વર્ગખંડમાં વિદ્યાર્થીઓને બેસવા માટે અને શિક્ષકને ઊભા રહેવા માટે યોગ્ય જગ્યા ન હોય તો તેને ભૌતિક અડચણ ગણી શકાય. બન્ને શિક્ષક-વિદ્યાર્થીઓ માટે વર્ગખંડમાં યોગ્ય જગ્યા હોવી જરૂરી છે.

જો વિદ્યાર્થીને શિક્ષકનો ડર કે મારની બીક લાગે ત્યારે તે સંદેશો વ્યવસ્થિત રીતે સમજી શક્તો નથી. જેમકે વિદ્યાર્થી પર શિક્ષકની વધુ પડતી બીક કે ડર હોય તો સંદેશો સમજી શકતો નથી બોલવામાં ખચકાટ અનુભવે છે.

વર્ગખંડમાં છોકરા-છોકરી બન્ને ભણે છે ત્યારે પણ છોકરા કરતાં છોકરીમાં સમજ શક્તિ વધુ હોય છે. જ્યારે છોકરાઓ પાસે ગાણિતિક સંખ્યાનું વધુ જ્ઞાન હોય છે.

શાળામાં વર્ગખંડ એ એક સમાજ છે. અધ્યેતાએ શિક્ષકની સાંકેતિક ભાષાને સમજવી જરૂરી છે. જેમકે શિક્ષક મોં પર આંગળી મૂકે તો અવાજ ન કરવો એવું અર્થઘટન કરવું જરૂરી છે.

વિદ્યાર્થીને માતૃભાષામાં જલદી સમજણ પડે છે. જ્યારે અંગ્રેજી મિડિયમમાં ભણતા વિદ્યાર્થીને અંગ્રેજી ભાષામાં સમજણ પડતી નથી.

જ્યારે શિક્ષક વિદ્યાર્થીને કહે અથવા વિદ્યાર્થી શિક્ષકને કહે ત્યારે બન્નેએ શાંતિપૂર્વક વાત સાંભળવી જોઈએ, નહિ કે નકારવી જોઈએ. જો આવું કરવામાં ન આવે તો પ્રત્યાયનમાં ખામી ઊભી થતી નથી. પરંતુ વિદ્યાર્થી કે શિક્ષક બોલે છે ત્યારે વાત ન સાંભળી તે પ્રત્યાયનમાં ખામી ગણાય છે.

આમ, અધ્યાપન, અધ્યયન એ દ્વિધ્રુવી પ્રક્રિયા છે અને તો જ શૈક્ષણિક હેતુ અસરકારક બની શકે છે. માધ્યમ પણ પસંદગીયુક્ત હોવું જરૂરી છે. જો વિદ્યાર્થીને માતૃભાષામાં શીખવવામાં આવે તો તે ઉત્તમ છે. યોગ્ય પ્રતિપોષણ મળે છે. જેમકે ગુરુ દ્રોણાચાર્ય અર્જુનને મત્સ્યવેધ કરવાનું કહે છે. જો ગુરુ દ્રોણાચાર્ય જે કહ્યું તે મુજબ અર્જુન મતસ્યવેધ ન કરે તો પ્રત્યાયનમાં ખામીયુક્ત ગણી શકાય માટે ભાષાનું માધ્યમ સબળને અર્થપૂર્ણ હોવું જોઈએ. તેવી જ રીતે શિક્ષક ને વિદ્યાર્થીની ભાષા અર્થપૂર્ણને પ્રત્યાયન સમજણ પૂર્વકનું હોય તે ખૂબ જરૂરી છે. વર્ગખંડમાં શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચે પ્રત્યાયનની પ્રક્રિયા જેટલી સરળ, સફળ, સમૃદ્ધ અને અસરકાર બનશે તેટલે અંશે શિક્ષણના ધ્યેયો સિદ્ધ કરવામાં અનુકૂળતા થઈ પડશે.



Scanned with CamScanner

# માધ્યમિક શિક્ષણની ગુણવત્તામાં શિક્ષકની ભૂમિકા

બિપીન આર. પંડ્યા (રોલ નં. ૭૧)
ભાવિકા એન. પટેલ (રોલ નં. ૧૮)
નયના કે. પટેલ (રોલ નં. ૬૦)

**પ્રસ્તાવના :**

૨૧ મી સદી એટલે જ્ઞાનની સદી. આપણા ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામે ૨૦૨૦ માં ભારત દેશ વિશ્વના વિકસિત દેશોની હરોળમાં દરેક ક્ષેત્રે અગ્ર સ્થાને હશે એવા સેવેલા સ્વર્ણિમ સ્વપ્નને સિદ્ધ કરવા માટે, ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવા માટે દેશના બાળકોને ન્યુક્લિયર બોમ્બથી પણ વધુ શક્તિશાળી ઉર્જાસ્ત્રોત બનાવવા પડશે.

**શિક્ષકનું મહત્ત્વ :**

શિક્ષક એ સમાજ, રાષ્ટ્રનો ઘડવૈયો છે. સમગ્ર પ્રક્રિયાનો આધાર સ્તંભ છે અને જ્યારે ઘડતરની વાત આવે છે ત્યારે શિક્ષકને બે ઉપમાં આપી શકાય.

(૧) શિલ્પી (૨) કુંભાર

બંનેનું ધ્યેય કાચામાલ (Row Material) માંથી પ્રક્રિયા (Process) કરી સર્વશ્રેષ્ઠ કૃતિનું નિર્માણ (Out Come) કરવાનું છે. તેવી જ રીતે શિક્ષકે પોતાની પાસે આવેલા વિદ્યાર્થીના વર્તનમાં સુયોગ્ય અપેક્ષિત પરિવર્તન લાવવાનું છે. શિલ્પી પથ્થરને જરૂર જણાય ત્યાં ટાંકણા મારી સરસ આકાર આપે છે ઘડે છે અને કુંભાર માટીના લોંદામાંથી સરસ આકાર આપી ભઠ્ઠીમાં તપવી આકારને મજબૂતાઈ આપે છે. આ જ રીતે શિક્ષક પણ વિદ્યાર્થીની નબળાઈઓ, દુર્ગુણો દૂર કરી તેને રાષ્ટ્રને લાયક નાગરિક બનાવે છે. આથી જ ચાણક્યે કહ્યું છે કે ''શિક્ષક કભી સાધારણ નહી હોતા પ્રલય ઔર નિર્માણ ઉસકી ગોદમેં પલતે હૈ.''

શિક્ષણપ્રથામાં બે મુખ્ય મુદ્દેશો છે.

(૧) વિદ્યાર્થીઓને શિક્ષણ આપવું.

(૨) શિક્ષણથી વિદ્યાર્થીએ શું મેળવ્યું તેનું પરીક્ષણ કરવું.

આજે આપણી પાસે વિદ્યાર્થી જ્ઞાનના માપન માટે પરીક્ષા પદ્ધતિ સિવાય બીજો કોઈ રસ્તો નથી. પરીક્ષામાં વિદ્યાર્થી કેવો દેખાવ કરે છે તેના આધારે તેનું જ્ઞાન, આવડત, તપાસાય છે. વ્યવહારુ કે જીવનલક્ષી શિક્ષણ પ્રણાલીને મહત્ત્વ આપવામાં આવતું નથી.

શિક્ષક માટે ''વર્ગ એ સ્વર્ગ છે'' એવું સતત કહેવાય છે પણ એ જ સ્વર્ગને નર્ક કરતા પણ બદતર બનાવી દેવામાં સમાજ, વિધાર્થીઓ, શિક્ષકો, સંચાલકો તેમજ શિક્ષણક્ષેત્રે અને બિન-શિક્ષણક્ષેત્રે સંકળાયેલા વ્યક્તિઓ અને સમૂહો ઓછા જવાબદાર નથી.

**શિક્ષણની ગુણવત્તામાં શિક્ષકની ભૂમિકા :**

સંસ્કૃતિની ધરોહર સમાન અને શિક્ષણની દુનિયામાં સર્વશ્રેષ્ઠ ભૂમિકા ભજવનાર શિક્ષક જો પોતે



Scanned with CamScanner

પોતાની ફરજ નૈતિકતાપૂર્વક બજાવે તો સમાજનું સ્વરૂપ બદલી શકે છે.

શિક્ષણની ગુણવત્તામાં શિક્ષક કેવી રીતે સહભાગી બની શકે છે તે માટે અમે નીચેના સૂચનો કર્યાં

**(૧) મીઠો અને લાગણીશીલ સ્વભાવ :**

શિક્ષકનો સ્વભાવ મીઠો અને લાગણી પ્રેરે તેવો હોવો જોઈએ જેથી વિદ્યાર્થીઓની અભ્યાસ પ્રત્યેની લગન વધારી તેમની માનસિક શક્તિઓને વિકસાવી શિક્ષણની ગુણવત્તા વધારવા તરફ પ્રયાસ કરી શકાય છે. શિક્ષકને બાળકના જીવનમાં રસ હોવો જોઈએ. તેના મૂળમાં બાળક પ્રત્યે સહજ ભાવ હોવો જોઈએ. બાળકોને ઉપયોગી થવામાં આનંદનો અનુભવ થવો જોઈએ. તેમની પ્રવૃત્તિઓનું, વર્તનનું સતત અવલોકન કરતા રહેવું જોઈએ. બાળકો માત્ર બુદ્ધિથી કેળવાતા નથી પણ હૃદયના માતૃત્વના રસથી કેળવાય છે.

**(૨) શૈક્ષણિક ટેક્નોલોજીનો યથાર્થ ઉપયોગ :**

વર્ગખંડમાં માત્ર ચીલાચાલુ રેકોર્ડ સંભળાવવાનું, નોટ લખાવવાનું વલણ સામાન્ય છે અને તેથી વિદ્યાર્થી અને શિક્ષક વચ્ચે શ્રોતા-વક્તા જેવી સ્થિતિ ઉપસ્થિત થાય છે. જેથી વર્ગવ્યવહાર નીરસ બને છે. પરંતુ જો પરિસંવાદ, જૂથચર્ચા, સેમિનાર, પ્રોજેક્ટ વર્ક, તદ્ઉપરાંત જ્ઞાન-વિજ્ઞાન અને ટેક્નોલોજીમાં કોમ્પ્યુટર, ઈન્ટરનેટ, પ્રોજેક્ટર, ચિત્રો, સીડી, ડીવીડી, પ્રેક્ટીશ વર્ક, પ્રયોગો વગેરે દ્વારા શિક્ષણ આપવામાં આવે તો શિક્ષણની ગુણવત્તા સુધારી શકાય. પરંતુ શૈક્ષણિક ટેક્નોલોજીનો ઉપયોગ શિક્ષકની અવેજીરૂપ ન બનવો જોઈએ કારણ કે શિક્ષક અને વિદ્યાર્થીઓ અંતે તો મનુષ્ય છે. તેમના વચ્ચે અંતર ન વધવું જોઈએ.

ટૂંકમાં તેનો ઉપયોગ શિક્ષકની અવેજીરૂપમાં નહી પણ પૂરક તરીકે થવો જોઈએ.

**(૩) જિજ્ઞાસાવૃત્તિ :**

શિક્ષક જિજ્ઞાસાવૃત્તિવાળો હોવો જોઈએ. જગતમાં જે જ્ઞાનની અનેક શાખાઓ પડેલી છે તેમાંથી જ્ઞાન મેળવવાનું, નવું નવું જાણવાનું અને તે પોતાના જીવન વ્યવહારમાં ઉતારવાનું અને સાથે સાથે વિદ્યાર્થીઓમાં આ પ્રકારની જિજ્ઞાસાવૃત્તિ કેળવી પોતાના જ્ઞાનની વર્ષા વિદ્યાર્થી પર કરવી જેથી વિદ્યાર્થીમાં પણ આ અંગેની વૃત્તિ કેળવાય.

**(૪) શિક્ષકે પોતે સજ્જતા પ્રાપ્ત કરવી જોઈએ :**

શિક્ષક પોતાના વિષયમાં તો તજજ્ઞ હોવો જ જોઈએ સાથે સાથે અન્ય વિષયોનું જ્ઞાન પણ તેનામાં હોવું જોઈએ. આ માટે વિશાળ વાંચન હોવું જોઈએ. શિક્ષક Well Read હોવો જોઈએ. ક્યારેક પોતાનાથી થતી ભૂલને વિદ્યાર્થી સમક્ષ નિખાલસતાથી કબૂલ કરવી જોઈએ. તેના માટે નાનમ ન અનુભવવી જોઈએ. ભૂલ સુધારવી જોઈએ. જેથી વિદ્યાર્થીઓને પણ તેમાંથી પ્રેરણા મળી શકે.

**(૫) સંસ્થાની માહિતી આપીને :**

શાળા કે કૉલેજ એક સંસ્થાકીય ઉદ્યાન છે કે જ્યાં સંસ્કૃતિ, સંસ્કાર, સભ્યતા અને શિક્ષણનું સિંચન, જતન થાય છે. હવે જ્યારે વિદ્યાર્થીઓ આવી સંસ્થામાં પ્રવેશ મેળવે ત્યારે આ સંસ્થાની પ્રણાલી જેમકે અધ્યયનનો સમયગાળો, ડ્રેસ, શૈક્ષણિક પદ્ધતિ, નિયમો, બિનશૈક્ષણિક પદ્ધતિની માહિતી, શિસ્ત પ્રણાલી



Scanned with CamScanner

વગેરે જેવી માહિતીથી જો વાકેફ કરવામાં આવે તો શિસ્તના પ્રશ્નો નિવારી શકાય છે.

(૬) **વિદ્યાર્થીઓની નબળાઈઓ દૂર કરવી :**

શિક્ષકનું કાર્ય માત્ર શિક્ષણ આપવાનું નથી પણ જે તે વિદ્યાર્થી જે શિક્ષણ ગ્રહણ કરે છે તે ગ્રહણ કરવાની કેટલી ક્ષમતા ધરાવે છે તે જાણી, નબળાઈ અનુભવતા વિદ્યાર્થીઓની નબળાઈ અંગેના કારણો જાણી તે દૂર કરવા જોઈએ અને આ અંગે સલાહ સૂચન આપવું જોઈએ.

(૭) **વર્તમાન માહિતીથી વિદ્યાર્થીઓને માહિતગાર કરવા :**

શિક્ષક વિદ્યાર્થીઓ માટે માર્ગદર્શકનું કામ કરે છે. વિદ્યાર્થીઓને વર્તમાનપત્રો, ટી.વી. ન્યૂઝ, મેગેઝીન તેમજ અન્ય વર્તમાન બાબતો વિશે જણાવી વિદ્યાર્થીઓને વર્તમાન બાબતોથી માહિતગાર કરી આ વિશે તેમનામાં જિજ્ઞાસાવૃત્તિ વધારવી જોઈએ.

(૮) **મનોવૈજ્ઞાનિક કસોટીનો ઉપયોગ :**

વર્ગખંડમાં અભ્યાસ કરતા બધા જ વિદ્યાર્થીઓની બુદ્ધિકક્ષા સરખા પ્રમાણમાં જોવા મળતી નથી. પરિણામે દરેક વિદ્યાર્થી શિક્ષણના સ્તરને, જ્ઞાનને ગ્રહણ કરી કે પચાવી શક્તા નથી એટલે નબળા વિદ્યાર્થીઓને આનો ઓછો લાભ મળે છે અને તેઓ યોગ્ય શિક્ષણ મેળવી શક્તા નથી. આ માટે તેમની બૌદ્ધિક કસોટીથી રસરુચિ વલણ જાણીને વર્ગ વિભાજન કરવાથી બધા વિદ્યાર્થીઓને ન્યાય આપી શકાય.

(૯) **વિષયખંડ રચના દ્વારા :**

શાળાના પ્રયોગખંડ, ચિત્રખંડ વગેરે જેવા વિષયખંડો તૈયાર કરાવીને તેમાં જે તે વિષયને લગતા સામાયિકો, પુસ્તકો, લેખકો અને કવિઓ, સંશોધન શાસ્ત્રીઓના ફોટા, વર્તમાનપત્રોના કટિંગ્સ, સુવિચારો, વગેરે દ્વારા વિદ્યાર્થીઓની સુષુપ્ત માનસિક શકિતનો વિકાસ કરી શકાય.

(૧૦) **વિષયજૂથની રચના :**

શાળામાં શીખવવામાં આવતા વિવિધ વિષયોમાં ઊંડાણપૂર્વક જ્ઞાન મેળવવા, આપવા માટે વિવિધ વિષયજૂથમાં સેમિનાર, જૂથચર્ચા, વર્કશોપ વગેરેમાં પોતાના વિચારો રજૂ કરવા માટેની રચના કરી શિક્ષણના ધ્યેયો સિદ્ધ કરી શકાય અને તેમનામાં સંશોધન શક્તિ વિકસે, કંઈક નવું વિચારી નવા વિચારો આધારે કંઈક નવું કરી શકે તે માટે માર્ગદર્શન/પ્રોત્સાહન આપવું જોઈએ.

(૧૧) **આર્થિક સહાય અંગે માર્ગદર્શન :**

સ્વનિર્ભર શાળાઓમાં અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીઓની આર્થિક પરિસ્થિતિ સારી હોતી નથી. આવા જરૂરિયાતવાળા વાલી-વિદ્યાર્થીઓને દાનકર્તા પાસેથી ભંડોળ મેળવવા અથવા પોતાના ટ્રસ્ટ મંડળ દ્વારા સહાય કરવી જોઈએ.

(૧૨) **શારીરિક તથા માનસિક સ્ફૂર્તિ :**

જીવનના કોઈપણ ક્ષેત્રમાં આ જરૂરી છે. પરંતુ શરીરથી અને મનથી કંઈક દુબળા માણસો જોવામાં આવે તો એમ થાય કે આવા વ્યવસાયમાં આવા માણસોની જરૂર નથી. સ્ફૂર્તિ, ઉત્સાહ, તાજગી એ અનિવાર્ય છે. વિદ્યાર્થીઓ શિક્ષકના વલણ અને વર્તનમાંથી સતત પ્રેરણા લેતા હોય છે શીખતા હોય છે.



Scanned with CamScanner

જો શિક્ષક શારીરિક અને માનસિક રીતે સ્વસ્થ હશે તો જ શિક્ષણકાર્ય અસરકારક રીતે થઈ શકશે.

(૧૩) કાર્યક્રમોનું પૂર્વ આયોજન :

શાળા સંચાલક, શિક્ષક દ્વારા જે પણ કંઈ વર્ષ દરમિયાન કાર્યક્રમોનું આયોજન કરવાનું હોય તેના આધારે તેના વિશિષ્ટ હેતુઓ અને સામાન્ય હેતુઓ, કાર્યના દિવસો, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, વિષયોની ફાળવણી, ઉત્સવોનું આયોજન, પરીક્ષાનું આયોજન વગેરે જેવી પ્રવૃતિઓનું અગાઉથી ધ્યાન આપીને ''વાર્ષિક કેલેન્ડર'' બનાવવામાં આવે તો શૈક્ષણિક કાર્યને વધારે અસરકારક બનાવી શકાય છે.

(૧૪) સહઅભ્યાસ પ્રવૃત્તિઓ અને માર્ગદર્શન :

દરેક વિદ્યાર્થીમાં કોઈને કોઈ ખૂબી, આવડત, કંઈક બનવાની ઝંખના, ઈચ્છા હોય જ છે અને આ અંગે જ્ઞાન આપવું એ પૂરતું નથી. પરંતુ તેનો સર્વાંગી વ્યક્તિત્વ વિકાસ થાય તે હેતુસર શાળામાં વિવિધ અભ્યાસ પ્રવૃત્તિ દરમ્યાન તેનું મહત્ત્વ સમજાવી તેમાં સહભાગી બનાવવા જોઈએ.

(૧૫) સામાજિક જ્ઞાન દ્વારા :

વિદ્યાર્થીઓ વિવિધ સમાજમાંથી આવતા હોય છે. આથી તેમનામાં સામાજિક જ્ઞાન તો હોય છે પણ તેમનામાં સામાજિક એક્તાનું જ્ઞાન શાળા દ્વારા આપવામાં આવે તો તે એક આદર્શ નાગરિક બની શકે. આ માટે વિદ્યાર્થીમાં વિવિધ સામાજિક વ્યવહારો, ઉત્સવો, કાર્યક્રમોમાં સહભાગી બનવાની જાગૃતિ લાવી શકાય.

(૧૬) વિદ્યાર્થીઓમાં નેતૃત્વના ગુણો વિકસાવી :

વિદ્યાર્થીમાં રાષ્ટ્રભાવના વિકસાવવા અને એક આદર્શ નાગરિક બનાવવા સત્તા અને જવાબદારી સાથે ફરજો અંગેની સમજદારી અત્યંત આવશ્યક છે. શાળાની વિવિધ પ્રવૃત્તિઓમાં વિવિધ સમિતિઓની રચના અને તેના પ્રતિનિધિઓ તરીકે વિદ્યાર્થીઓને નીમીને તેમનામાં આદર્શ નાગરિકના ગુણ વિકસાવાય.

(૧૭) સલાહ અને માર્ગદર્શન :

આજના આધુનિક યુગમાં વિદ્યાર્થીઓને પરીક્ષા તેમજ અન્ય બાબતોમાં મનોવૈજ્ઞાનિક સમસ્યાઓ ઊભી થતી હોય છે. તેના કારણે આત્મહત્યા, નકારાત્મક તેમજ સમાજ વિરોધી વ્યક્તિત્વ રચાય છે. તેમજ માદક પદાર્થોના વ્યસન તરફ વળે છે. ત્યારે શિક્ષક યોગ્ય, સાચી અને માર્ગદર્શક સલાહ આપવાનું કામ કરે છે. જેથી તે આવી પ્રવૃત્તિઓથી દૂર રહે.

(૧૮) વિદ્યાર્થીઓને પોતાના વિચારો રજૂ કરવાની તક આપવી જોઈએ :

વર્ગમાં માત્ર શિક્ષક જ બોલ્યા કરે અને એ દરમ્યાન કોઈ વિદ્યાર્થી પ્રશ્ન પૂછે તો તેને વર્ગમાંજ ઉતારી પાડવો ઉચિત નથી. તેનો યોગ્ય જવાબ આપવો જોઈએ અથવા તેના માટે ચોક્કસ સમય ફાળવવો જોઈએ. અધ્યયન અંતે પ્રશ્ન માટે ચોક્કસ સમય ફાળવવો જોઈએ. શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચે અભ્યાસ દરમ્યાન સંવાદ જળવાવવો જોઈએ. જેથી વિદ્યાર્થી પણ ખુલ્લા મને ચર્ચામાં ભાગ લઈ શકે, જેથી વર્ગમાં વાતાવરણ જીવંત બની શકે.



Scanned with CamScanner

(૧૯) શિક્ષણ કાર્યનું સાતત્ય જાળવાવું જોઈએ :

શિક્ષણની ગુણવત્તા અસરકારક બનાવવા બિનજરૂરી અથવા ઓછી અગત્યની નોટીસો વારંવાર વર્ગમાં મોકલીને વર્ગશિક્ષણના કાર્યમાં ખલેલ ન પહોંચાડવી જોઈએ.

(૨૦) યોગ્ય વર્ગ વાતાવરણ બનાવવું :

શાળામાં વિદ્યાર્થીઓની સંખ્યા વધુ હોવાથી વાતાવરણ ઘોંઘાટભર્યું હોય છે. કેટલાક તોફાની બાળકોના કારણે સમગ્ર વર્ગનું વાતાવરણ બગડે છે અને અન્ય વિદ્યાર્થીઓની ઉપર પર તેની વિપરિત અસર પડે છે. જેથી આવા વિદ્યાર્થીઓને યોગ્ય રીતે સમજાવવાની આવડત પણ શિક્ષકમાં હોવી જોઈએ.

(૨૧) આદર્શ નાગરિક હોવો જોઈએ :

શિક્ષક એક આદર્શ નાગરિક હોવો જોઈએ. શિક્ષકે પ્રેરણા આપવાની હોય છે તેનાથી માત્ર વિદ્યાર્થીઓ પ્રભાવિત થતા નથી. પરંતુ સમાજમાં પણ તેનું અનુકરણ થતું હોય છે. શિક્ષકની રહેણીકરણી, જીવનશૈલી વગેરે પર સમાજની મોટી અસર હોય છે.

(૨૨) ચારિત્ર્યવાન :

જો શિક્ષકનું ચારિત્ર્ય સારું હશે તો જ તે વિદ્યાર્થીઓનું ચારિત્ર્ય ઘડતર કરી શકશે. પરંતુ દુઃખ સાથે કહેવું પડે છે કે ઘણાં શિક્ષકો એવા છે કે જેઓ પોતાના જ વિદ્યાર્થીઓ પર ખરાબ નજર રાખતા હોય છે અનૈતિક સંબંધો રાખતા હોય છે. જો શિક્ષક જ ચારિત્ર્યવાન નહી હોય તો શિક્ષણની ગુણવત્તા ક્યાંથી સુધરવાની ?

(૨૩) નૈતિક જીવન અને સિદ્ધાંતોનો વિકાસ :

ખાસ કરીને પરીક્ષા દરમ્યાન અને નિરીક્ષણ તેમજ પરીક્ષણ દરમ્યાન શિક્ષકે નીતિવાન રહેવું જોઈએ. કોઈ પૂર્વગ્રહ કે લાગણીશીલતા હોવી જોઈએ નહિં કારણ કે પરીક્ષણ સમયે અપનાવવામાં આવતી ગેરરીતિઓ વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથેની રમત છે જે અટકવું જોઈએ. આ માટે નિરીક્ષણ અને પરીક્ષણ સ્થળે સી.સી.ટી.વી. કેમેરા રાખવા જોઈએ અને એ પણ ખાસ કરીને પરીક્ષણ ખંડમાં.

(૨૪) અનુબંધ :

વિદ્યાર્થીઓને વાસ્તવિક જીવન સાથે વિષયોને જોડી ભણાવવા જોઈએ જેથી તેનો સંબંધ અને ઉપયોગિતા જાણી શકાય.

વર્તમાન સમયમાં કહેવામાં આવે છે કે શિક્ષણના ધોરણો નીચે ગયા છે. તો આનું કારણ શું ? કારણકે શિક્ષકના ધોરણો નીચે ગયા છે અને જાણે પોતેજ શિક્ષણ સુધારણા માટેના ભાગ્ય વિધાતાના હોય એવો દંભ રચીને શિક્ષણ સુધારણા માટે શું શું થઈ શકે એવી સુફિયાણી સલાહ આપતા હોય છે. જો શિક્ષકો અહી નોંધવામાં આવી છે એવી કેટલીક પાયાની બાબતોની કાળજી રાખે તો શિક્ષણની ગુણવત્તા ચોક્કસપણે સુધરી શકે.



Scanned with CamScanner

# માનવઅધિકાર માટેની કેળવણીનું વ્યવસ્થાપન

ઝેબા સોન. દક્ષાબા

રોલ નં. : ૩૦

આજના પરિપ્રેક્ષ્યમાં સાંપ્રત સમયની ઘટનાઓનું વિશ્લેષણ કરતાં માલૂમ પડે છે કે માનવ અધિકારોનો હ્રાસ થઈ રહ્યો છે. સમૂહ માધ્યમો જેવા કે ટેલિવિઝન, સમાચારપત્રો, સામયિકો, રેડિયો, સિનેમા વગેરે માધ્યમથી આપણી સમક્ષ સમાજનું જે ચિત્ર રજૂ થાય છે તેનું મૂલ્યાંકન કરવામાં આવે તો આપણને ખબર પડે કે સમાજમાં ગુનાહિત પ્રવૃત્તિઓ જેવી કે ચોરી, લૂંટ, હિંસા, બળાત્કાર વગેરેનું પ્રમાણ દિનપ્રતિદિન વધી રહ્યું છે. રાજકારણ ક્ષેત્રે પણ મોટા-મોટા કૌભાંડો બહાર આવી રહ્યા છે. લોકશાહીના મૂલ્યો જેવા કે વ્યક્તિની સ્વતંત્રતા, સમાનતા, બંધુત્વ, સહકાર, સહઅસ્તિત્વની વિચારધારા, વ્યક્તિનું ગૌરવ પ્રત્યેના હક્કો અને ફરજોના છેદ ઉડતા જોવા મળે છે. આ ઉપરાંત વૈશ્વિક સમસ્યાઓ જેવી કે વસ્તી, બેકારી, ગરીબી, મોંઘવારી, સ્વાસ્થ્યની સુવિધાઓ, આતંકવાદ, માનવ અધિકારોનું હનન વગેરે સમસ્યાઓ પણ પેચીદી બની રહી છે. આમ ઉપરોક્ત સમસ્યાઓનું ગહન પરિશીલન કરતા માલૂમ પડે છે કે લોકશાહીમાં માનવ અધિકારો સુરક્ષિત હોવા છતાં તેનો સંપૂર્ણ અમલ કરવામાં પૂરતી સફળતા પ્રાપ્ત થઈ નથી. જો ઉપરોક્ત સમસ્યાઓનું અસરકારક સમાધાન લાવવું હોય તો માનવીઓને તેમના અધિકારો અને ફરજો પ્રત્યે જાગૃત કરવા માટે માનવ અધિકાર માટેની કેળવણીના વ્યવસ્થાપનને વેગ આપવો જ પડશે.

**માનવ અધિકારની સંકલ્પના :**

માનવ અધિકારના સામાન્ય અર્થ અંગે વિચાર કરીએ તો માનવ એટલે માનવીને લગતું કે માનવી સાથે સંબંધિત અને અધિકાર એટલે હક્કો અર્થાત માનવતા, લોકશાહી, કાયદો અને બંધારણને કારણે માનવીને મળેલ વિશેષ અધિકાર એવો થાય.

"Human rights means right held to be justifiable belonging to any person"

- Oxford dictionary

"Human rights are those rights and previleges which people posses, regardless of the coantry they live in"

- Illustrated family encyclopedia

ટૂંકમાં માનવ અધિકાર એટલે એવા હક્કો જે માનવતાના મૂલ્યોનું સમર્થન કરતા હોય, એવા માનવહક્કો કે વિશેષાધિકારો કે જેના પર લોકોના વિશેષ અધિકાર છે. જેને કોઈ છીનવી શકતા નથી. તે ફક્ત માનવતાના ધોરણે પ્રાપ્ત થતા હોય છે. માનવ અધિકારો એ વૈશ્વિક સ્તરે માનવીઓ વચ્ચે રહેલી વિસંગતતાઓ જેવી કે જાતિ, જ્ઞાતિ, રંગભેદ, ધર્મ વગેરે જેવા ભેદો દૂર કરવાની હિમાયત કરે છે અને માનવીને વાણી સ્વતંત્રતા, રાજકીય અને વ્યક્તિગત આઝાદી, ધાર્મિક સ્વતંત્રતા, સમાનતા, સ્વાસ્થ્ય શિક્ષણ જેવા અધિકારો આપવાની તરફેણ કરે છે.



Scanned with CamScanner

**માનવ અધિકારો માટેની કેળવણી :**

માનવ અધિકારો માટેની કેળવણી એટલે એવું શિક્ષણ કે જે માનવીઓને માનવ અધિકારોનું પ્રશિક્ષણ કરે, તાલીમ આપે અને માનવ અધિકારોનું સિંચન અને સંવર્ધન કરે તેવી રીતે કેળવણીને પ્રયોજે. માનવ અધિકાર માટેની કેળવણીના માધ્યમથી માનવીઓને તેમના અધિકારો અને ફરજો પ્રત્યે જાગૃત કરવા અને માનવ અધિકારના સંરક્ષણ અને સંવર્ધન માટે પૂરતું પથદર્શન પૂરું પાડવાની તાલીમ આપવી. ટૂંકમાં કેળવણીને એવી રીતે પ્રયોજવાની છે કે જેથી દરેક વ્યક્તિ માનવ અધિકારો વિશે જાણે સમજે તથા વ્યવહારમાં તેનો વિનિયોગ કરી શકે અને આ માટે કૌશલ્યની ખીલવણી કરી માનવ અધિકારોનું જતન કરી શકાય.

**માનવ અધિકારો માટેની કેળવણીનું વ્યવસ્થાપન :**

માનવ અધિકારો માટેની કેળવણી માટે પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચ માધ્યમિક, ઉચ્ચતર અભ્યાસક્રમમાં માનવ અધિકારો માટેના વિવિધ ઘટકોને ધ્યાનમાં રાખી અભ્યાસક્રમ તથા સહઅભ્યાસિક પ્રવૃત્તિઓનું નિર્માણ કરવું અને તેના માધ્યમથી માનવ અધિકારના સંદર્ભમાં વિદ્યાર્થીઓમાં તંદુરસ્ત અભિગમ કેળવવો જેના સંદર્ભમાં નીચે દર્શાવેલ ઘટકોને ધ્યાનમાં લઈ કેળવણીને પ્રયોજવી જોઈએ.

**સમાનતાનો અધિકાર :**

સમાનતા એ લોકશાહીનો પાયાનો સિદ્ધાંત છે. દરેક વ્યક્તિને પોત પોતાની શક્તિ તથા સામર્થ્ય પ્રમાણે પોતાનો વિકાસ સાધી શકે તેવી પરિસ્થિતિનું નિર્માણ કરતું શિક્ષણ આપવું જોઈએ. બીજા શબ્દોમાં કહીએ તો કેટલાક મૂળભૂત અધિકારો બાબતે તમામ મનુષ્યો જન્મથી સમાન અધિકાર ધરાવે છે. તે અંગેની સમજ કેળવણીના માધ્યમથી વિદ્યાર્થીઓમાં વિકસાવવી જોઈએ. કેળવણીના માધ્યમથી જ્ઞાતિ, જાતિ, ધર્મ, રંગ, ભેદ વગેરેની અસમજતા દૂર કરી બધા માનવો સમાન છે તેવી સમજ વિકસાવતું શિક્ષણ આપવું જોઈએ.

**સ્વતંત્રતાનો અધિકાર :**

દરેક વ્યક્તિને પોત પોતાની ઈચ્છા પ્રમાણે પોતાની શક્તિ મુજબ પોતાનો વિકાસ કરવાની અને આ વિકાસ સમાજ માટે અને લોકકલ્યાણ માટે સુસંગત હોય તેટલા પ્રમાણમાં સ્વતંત્રતા હોવી જોઈએ. એવો ભાવ વિદ્યાર્થીઓમાં કેળવણીના માધ્યમથી આવિર્ભાવ કરવો જોઈએ જેથી વિદ્યાર્થીઓ સ્વતંત્રતાના અધિકારોને જાણી અને સમજી શકે.

**નાગરિક તરીકેના અધિકારો અને ફરજો :**

આપણા બંધારણે આપણને કઈ કઈ ફરજો અદા કરવી એટલે કે નાગરિક તરીકેનો ધર્મ સારી રીતે અદા કરી શકીએ તે માટે નાગરિક તરીકેની ફરજો બંધારણમાં દર્શાવવામાં આવી છે. કેળવણીના માધ્યમથી વિદ્યાર્થીઓને નાગરિક તરીકેની ફરજો અંગે જાગૃત કરી શકાય છે. જેથી વિદ્યાર્થીઓ ભવિષ્યમાં નાગરિક તરીકેની ફરજો સારી રીતે અદા કરી શકવો જોઈએ કે જેથી તે સાચા અર્થમાં પોતાના માનવ તરીકેના અધિકારો પણ સારી રીતે પ્રાપ્ત કરી શકશે.



Scanned with CamScanner

**ધાર્મિક સ્વતંત્રતાનો અધિકાર :**

કેળવણીના માધ્યમથી વિદ્યાર્થીઓમાં સર્વધર્મ સમભાવની ભાવના વિકસાવવી જોઈએ. એટલે કે બિનસાંપ્રદાયિક્તાની ભાવનાનો વિકાસ કરવો જોઈએ. ટૂંકમાં વિદ્યાર્થીઓને ધાર્મિક સ્વતંત્રતાના અધિકાર પ્રત્યે જાગૃત કરવા ઉપરાંત ધર્મનિરપેક્ષતા, સર્વધર્મ સમભાવ, ધાર્મિક ભેદભાવો દૂર કરવા તથા વિવિધ ધર્મ પાળતી પ્રજાઓના સહઅસ્તિત્વનો સ્વીકાર કરવાની સમજ કેળવણીના માધ્યમથી આપવી જોઈએ. જેથી ભવિષ્યમાં વિદ્યાર્થીઓ ધાર્મિક સ્વતંત્રતાના અધિકારનો ઉચિત રીતે વિનિયોગ કરી શકે.

**સ્વાસ્થ્ય અંગેનો અધિકાર :**

દરેક વ્યક્તિને સમતુલિત ખોરાક, શુધ્ધ પાણી, સ્વચ્છ હવા-ઉજાસ, સ્વચ્છ રહેઠાણ અને સ્વાસ્થ્યપ્રદ સુવિધાઓ જેવી કે તબીબી સારવાર વગેરે મેળવવાનો પૂરતો અધિકાર છે. કેળવણીના માધ્યમથી વિદ્યાર્થીઓને સ્વાસ્થ્ય અંગેના અધિકારો વિશે જાગૃત કરી શકાય છે. શારીરિક શિક્ષણ અને સ્વાસ્થ્ય જેવાં વિષયના માધ્યમથી વિદ્યાર્થીઓમાં સ્વાસ્થ્ય અંગેના હકારાત્મક અભિગમો કેળવી શકાય છે. આ ઉપરાંત નાગરિક તરીકે આપણને સ્વાસ્થ્ય અંગેના ક્યા ક્યા અધિકારો પ્રાપ્ત થયા છે તે અંગેની જાગૃતિ પણ વિદ્યાર્થીઓમાં લાવી શકાય છે.

**શિક્ષણનો અધિકાર :**

કોઈ પણ જાતના ભેદભાવ વગર કોઈ પણ વ્યક્તિને શિક્ષણ મેળવવાનો અધિકાર એક સમાન છે તેની સમજ પ્રસાર અને પ્રચાર કેળવણીના માધ્યમથી કરી શકાય છે. કેળવણીના માધ્યમથી વિદ્યાર્થીઓને શિક્ષણના અધિકાર પ્રત્યે જાગૃત કરી શકાય છે. બંધારણ અને રાષ્ટ્રના કાયદાઓ આ માટે આપણને નાગરિક તરીકે ક્યા ક્યા શિક્ષણના હક્કો આપ્યા છે કઈ કઈ યોજનાઓ ચાલે છે તે અંગેની જાગૃતિ કેળવણીના માધ્યમથી લાવી શકાય છે. જેમકે, માનવ અધિકાર વૈશ્વિક ઘોષણા, ૧૯૪૮ ની કલમ ૨૬ મુજબ દરેક વ્યક્તિને શિક્ષણ મેળવવાનો અધિકાર છે. આ ઉપરાંત પ્રાથમિક તબક્કામાં શરૂઆતમાં ૬ થી ૧૪ વર્ષ સુધી ફરજિયાત અને મફત શિક્ષણ મેળવવાનો અધિકાર બંધારણે આપણને આપ્યો છે.

ટૂંકમાં શાળા કક્ષાએ સતત જ્ઞાન આપવું જોઈએકિ બધા માનવો સમાન છે, બધા કાર્યો સરખા છે, બધાને સમાન અધિકાર છે, પ્રાણી માત્ર પ્રત્યે દયા રાખવી. આ ઉપરાંત નૈતિક આચરણના મૂલ્યો શીખવવા જોઈએ. કેળવણી દ્વારા માનવઅધિકારો સંબંધી સભાનતા ન આવે તો કેળવણી નિષ્ફળ ગઈ ગણાય.



Scanned with CamScanner

# ઓપન યુનિવર્સિટી : સફળ કે નિષ્ફળ

મિરલ કે. પટેલ
રોલ નં. : ૩૭

શિક્ષણ એ માનવને ઘડવાની પ્રક્રિયા છે. શિક્ષણ દ્વારા જ વ્યક્તિ પરિવર્તન શક્ય બની શકે છે. આજનું શિક્ષણ એ પરીક્ષાલક્ષી અને પરીક્ષા એ નોકરીલક્ષી બની છે. બધા એવું વિચારે છે કે નોકરી ન હશે તો કોઈ પિતા પોતાની છોકરી ન આપશે. આથી નોકરી મેળવવા માટે ભણવું તો પડે ! આમ, વ્યક્તિ માટે શિક્ષણ એ વ્યવસાય પ્રાપ્ત કરવાનું વેપન (હથિયાર) બની ગયું છે. પણ વિશ્વમાં દરેક વ્યક્તિ શિક્ષણ મેળવી શકતી નથી. કેટલાક લોકો શિક્ષણ મેળવે તો છે પરંતુ માત્ર પ્રાથમિક કે માધ્યમિક કક્ષા સુધીનું જ. બધા જ લોકો ઉચ્ચ શિક્ષણ મેળવી શકતા નથી. આ એક કડવી વાસ્તવિક્તા છે. તેના કારણો અનેક છે જેવા કે આર્થિક, સામાજિક, નિરક્ષરતા વગેરે... કોઈપણ દેશની પ્રગતિનો આધાર તે દેશમાં અપાતા શિક્ષણ પર છે. ભારતની વાત કરીએ તો શિક્ષણનું સ્તર આઝાદી પછીના વર્ષોમાં ઘણું ઉપર આવ્યું છે. ભારતની ૭૫ ટકા વસ્તી ગામડામાં વસે છે. છતાં પણ હવે મોટાભાગના લોકોને વાંચતા, લખતા, ગણતા આવડે છે. પરંતુ આ ગરીબ લોકોની ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરવાની ઝંખનાને ગળી જાય છે. કેટલાયે વિદ્યાર્થીઓ અનેક કારણોસર પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ અધવચ્ચેથીજ છોડી દે છે અને એને કારણે ઉચ્ચ શિક્ષણ મેળવનારાઓની સંખ્યા ઓછી છે. પરંતુ આ ઉચ્ચ શિક્ષણની નિષ્ફળતાને સફળ બનાવવાનો પ્રયત્ન કરી રહી છે રણમાં મીઠી વીરડી સમી ''ઓપન યુનિવર્સિટી.''

ઓપન યુનિવર્સિટી (મુક્ત વિશ્વવિદ્યાલય) નું જન્મસ્થાન ઈંગ્લેન્ડ છે અને શ્રીમતી જેનીલી તેના જનેતા છે. ઓપન યુનિવર્સિટીની સૌ-પ્રથમ શરૂઆત ૨૭ મી જાન્યુઆરી ૧૯૬૯ ના રોજ થઈ હતી. ઈ.સ. ૧૯૭૧ માં ઉચ્ચ શિક્ષણ માટેના વિદ્યાર્થીઓની પ્રથમ નોંધણી કરવામાં આવી તેનું પ્રથમ સત્ર ઈ.સ. ૧૯૭૧ ની જાન્યુઆરીથી બી.બી.સી. ના પ્રસારણ માધ્યમથી શરૂ થયું. તેમાં પ્રવેશ માટે સૌ-પ્રથમ ૪૦,૦૦૦ અરજીઓ આવી. આમ ઓપન યુનિવર્સિટીની શરૂઆત શાનદાર રહી અને કહેવાય છે ને કે જેની શરૂઆત સારી તેનો અંત સારો. ઉપરાંત શરૂઆતથી જ સફળતા તરફ ડગ માંડયા. ઈંગ્લેન્ડમાં આ પ્રયોગ સફળ થયો તેના પગલે જાપાન, જર્મની, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, અમેરિકા વગેરે દેશોએ પણ ઈંગ્લેન્ડની ઉત્કૃષ્ટ સિદ્ધિને અનુસરી. ભારતમાં ઈ.સ. ૧૯૮૫ ના સપ્ટેમ્બરમાં ''ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી'' (IGNOU) ની સ્થાપના કરવામાં આવી. આનું સ્વરૂપ બ્રિટનના મુક્ત વિશ્વવિદ્યાલયના સ્વરૂપ પર આધારિત છે. ત્યાર પછી ભારતમાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી સહિત બીજા ચાર મુક્ત વિશ્વવિદ્યાલયોની સ્થાપના કરવામાં આવી. આમ, ઓપન યુનિવર્સિટીની સફળતાની સીડી ચડવામાં ભારત પણ પાછળ ન રહ્યું.

ઓપન યુનિવર્સિટી માટે ઘણા બધા લોકો પોતપોતાના મંતવ્યો આપે છે. કેટલાંક લોકો તેને સફળ ગણે છે તો કેટલાંક નિષ્ફળ. બધા પોતપોતાની જગ્યાએ, પોતાના નજરીયાથી સાચા છે કારણ કે ઓપન યુનિવર્સિટીના હકારાત્મક અને નકારાત્મક બન્ને પાસાં છે. પરંતુ મારી દષ્ટિએ ઓપન યુનિવર્સિટી સફળ

*The remedy for weakness is thinking of strength.*

Scanned with CamScanner

જ છે. એના અનેક કારણો મારી પાસે છે. ઓપન યુનિવર્સિટીની જેટલી ખામીઓ છે તેના કરતા વધારે ખૂબીઓ પણ છે અને એના લીધે મારા મનના ત્રાજવામાં ઓપન યુનિવર્સિટીનું પલ્લું સફળતા તરફ નમી જાય છે. કોઈ કહે છે કે ઓપન યુનિવર્સિટી Formal Education જેટલી સફળ નથી. એમના મંતવ્યોથી હું સંમત છું કે Formal Education જેટલી ઓપન યુનિવર્સિટી ફૂલ-ફાલી નથી. પરંતુ એ વાત પણ એટલી જ સાચી છે કે સમાજના છેલ્લામાં છેલ્લી વ્યક્તિ સુધી ઉચ્ચ શિક્ષણ પહોંચાડવામાં Formal Education સદંતર નિષ્ફળ ગયું છે અને અહીં આ જવાબદારી Open University (ઓપન યુનિવર્સિટી) એ ઉપાડી લીધી છે અને તે સંતોષકારક રીતે કામ કરી અનેક લોકોને શિક્ષણ આપી રહી છે.

કેટલાક લોકો એમ કહે છે કે ઓપન યુનિવર્સિટીમાં વિદ્યાર્થીને વર્ષમાં એક કે બે વાર જ વિષય નિષ્ણાંતોનો લાભ મળે છે. એવા લોકોને હું કહું છું કે આપણી રેગ્યુલર ચાલતી શાળા-કૉલેજોમાં વિદ્યાર્થીઓ દરરોજ શિક્ષકોને મળે છે. પરંતુ એમાંથી કેટલા પર્સનલી ઓળખે છે. ઓપન યુનિવર્સિટીના મોટાભાગના બધા જ વિદ્યાર્થીઓ પાસે તેમના શિક્ષકોના Contact Number હોય છે અને તેઓ સતત સંપર્કમાં રહી માર્ગદર્શન મેળવતા રહે છે અને એમના સંબંધો રેગ્યુલર વિદ્યાર્થીઓ કરતા ચઢિયાતા છે. એક વાત અહિં નોંધવા જેવી છે કે જે વિદ્યાર્થીઓ ઉચ્ચ શિક્ષણના રેગ્યુલર ક્વોટામાં પ્રવેશ લે છે એમાંથી લગભગ ૨૫ થી ૩૦% વિદ્યાર્થીઓ પોતાની ઈચ્છાથી પ્રવેશ લેતા નથી. તેઓ મા-બાપ કે અન્યના દબાણથી જે-તે ક્ષેત્રમાં જાય છે. જ્યારે ઓપન યુનિવર્સિટીમાં પ્રવેશ લેનાર મોટા ભાગની વ્યક્તિઓ પોતાની ઈચ્છાથી જ પ્રવેશ લે છે અને મન લગાવીને અભ્યાસ કરી જાત-મહેનત જિંદાબાદનું સૂત્ર સાકાર કરી બધા જ તબક્કે દરેક વિદ્યાર્થી મુકાબલો કરી શકે તેટલા સક્ષમ બને છે.

કોઈ કહે છે કે ભારતની IGNOU (Indira Gandhi National Open University) જેવી કેટલીક ઓપન યુનિવર્સિટી એ માત્ર હિન્દી અને અંગ્રેજી ભાષાનો જ શિક્ષણ માધ્યમ તરીકે ઉપયોગ કરે છે. તેથી હિન્દી, અંગ્રેજી ન જાણકાર વિદ્યાર્થીઓ માટે મુશ્કેલી ઊભી થાય છે. આવી વ્યક્તિઓને મારો જવાબ છે કે ભાઈ જે ભારતવાસીને હિન્દી ન આવડે તેને ભારતમાં રહેવાનો કોઈ અધિકાર નથી. તેથી આવા પાયા વિહોણા આક્ષેપોથી ઓપન યુનિવર્સિટીની સફળતાને દાગ લાગવાનો નથી. આમ, ઓપન યુનિવર્સિટી નિષ્ફળતાના થોડા કારણોને હડસેલીને તેની વિશાળ જરૂરિયાતોને કારણે સફળ જ સફળ છે. કારણ કે...

- શિક્ષણ મેળવવાની ઝંખના રાખતા વિદ્યાર્થીઓ આર્થિક મુસીબતને કારણે શિક્ષણ પરથી પોતાનું ધ્યાન હટાવી લે છે. કુટુંબની જવાબદારી હોવાને લીધે નોકરી કે ધંધા તરફ દોટ મુકવી પડે છે. આવા સંજોગોમાં ઓપન યુનિવર્સિટી ભણવાની તમન્ના રાખનાર વ્યક્તિઓને શિક્ષણની તક પૂરી પાડે છે.
- આજના સ્પર્ધાત્મક સમયમાં બધા જ રેસમાં આગળ નિકળવા, એકબીજાને પછાડવા કંઈ પણ કરી છૂટવા તૈયાર હોય તેવા સમયમાં શિક્ષણની ગુણવત્તા સુધરી છે તેનું એક કારણ ઓપન યુનિવર્સિટી પણ છે.
- ભારતના અંતરિયાળ ગામડા સુધી શિક્ષણ નથી પહોંચી શક્યું તેવાં સંજોગોમાં ઓપન યુનિવર્સિટીના



Scanned with CamScanner

આધારે કોઈપણ વ્યક્તિ સમય, શક્તિ, પૈસાની બચત કરી, શાળા-કૉલેજોની ચાર દિવાલોની અવરોધકતા દૂર કરી ઓપન યુનિવર્સિટીની મદદથી શિક્ષણ મેળવી શકે છે.

- કેટલાક વિદ્યાર્થીઓ એવા હોય છે કે જેમને અદ્યતન જ્ઞાનની ભૂખ હોય છે. તેઓ કોઈપણ ભોગે નવું-નવું જાણવાની નવું શીખવાની જીજ્ઞાસા ધરાવતા હોય છે. આવા વિદ્યાર્થીઓ Formal Education દ્વારા તેમની જ્ઞાનભૂખ સંતોષી શક્તા નથી. આવા વિદ્યાર્થીઓ માટે જ્ઞાન પ્રાપ્ત કરવાના દરવાજા ઓપન યુનિવર્સિટી ખોલી આપે છે.
- આર્થિક કે સામાજિક કારણો જેવા કે ઘરમાં પૈસાની અછત હોવી, ઘરના નાના ભાઈ-બહેનોને સંભાળવા જેવા અનેક કારણોસર કેટલાયે વિદ્યાર્થીઓ અભ્યાસ કરી શકતા નથી અને તેઓ નાછૂટકે નોકરી કરતા હોય છે. આવા યુવક-યુવતીઓ અર્થોપાર્જનની પ્રવૃત્તિ કરતા કરતા અભ્યાસ કરી શકે તેની તક મુક્ત વિશ્વવિદ્યાલય પૂરી પાડે છે.
- ઓપન યુનિવર્સિટીના અભ્યાસક્રમો માટેનું સાહિત્ય વિષદ છણાવટ કરીને તૈયાર કરવામાં આવે છે તેથી વધુ ચોક્કસ હોય છે. મુક્ત વિશ્વવિદ્યાલયમાં અભ્યાસ કરનાર વિદ્યાર્થીને મુક્તિ સાથે પાઠ્યસામગ્રી, ઓડિયો, વિડિયો કેસેટ, સી.ડી. વગેરે અનેક સંદર્ભ સામગ્રીનો લાભ મળે છે.
- આ પ્રકારના અભ્યાસક્રમમાં એસાઈન્મેન્ટ કે સ્વાધ્યાય વિદ્યાર્થીઓએ જાતે તૈયાર કરવાના હોય છે જેથી વિદ્યાર્થીઓ અધ્યયનશીલ બને છે અને તેનામાં સતત અભ્યાસ કરવાની ટેવ વિકસે છે.
- ૨૧ મી સદીમાં શિક્ષણનો વ્યાપ ખૂબ વધી રહ્યો છે. તેથી ઉચ્ચ શિક્ષણ લેનાર વિદ્યાર્થીઓની સંખ્યામાં ખૂબ વધારો થઈ રહ્યો છે. ઉચ્ચ શિક્ષણ લેવા ઈચ્છતા દરેક વિદ્યાર્થીને કૉલેજમાં પ્રવેશ મળે તે શક્ય નથી. આવા વિદ્યાર્થીઓ માટે મુક્ત વિશ્વવિદ્યાલય અભ્યાસની પૂરતી તકો પૂરી પાડે છે.
- આપણા સમાજમાં કેટલીક જાતિના લોકો સ્ત્રી-પુરુષના સહશિક્ષણને માન્ય રાખતા નથી અને તેને લીધે પૂરતા પ્રમાણમાં કુમારશાળા અને કન્યાશાળા ન હોવાથી તેમના બાળકોને ભણાવતા નથી. ઓપન યુનિવર્સિટીમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને દરરોજ સાથે બેસી અભ્યાસ કરવાનું હોતું નથી. આથી આવા વિદ્યાર્થીઓ માટે ઓપન યુનિવર્સિટી આશીર્વાદરૂપ છે.
- ઓપન યુનિવર્સિટીને કારણે કોઈપણ વ્યક્તિ, ક્યારેય પણ અભ્યાસ કરી શકે છે. તેને ઉંમરનો બાધ નડતો નથી. અહિં પિતા-પુત્ર સાથે પણ કોઈપણ પ્રકારની શરમ-સંકોચ વિના અભ્યાસ કરી શકે છે જે મુક્તવિશ્વવિદ્યાલયનો સૌથી મોટો ફાયદો છે.

ઓપન યુનિવર્સિટી પણ મર્યાદાથી પર નથી. પરંતુ આવી અલ્પ ટચૂકડી મર્યાદાઓને કારણે આપણે ઓપન યુનિવર્સિટી નિષ્ફળ છે એમ ન કહી શકીએ. કારણ કે જેમ ખોવાયેલ બાળક તેના મા-બાપને મળે ત્યારે એમને જેટલી ખુશી થાય તેટલી જ ખુશી અકાળે શિક્ષણ છોડવા મજબૂર થયેલ વ્યક્તિઓને ઓપન યુનિવર્સિટી મળવાથી થાય છે. મુક્ત વિશ્વવિદ્યાલય એ વિદ્યાર્થીઓ માટે મુક્ત મને અભ્યાસ કરવાનું મુક્ત વાતાવરણ પૂરું પાડે છે. તેથી ઓપન યુનિવર્સિટી એ અનેક સફળતાના શિખરો સર કરી ચૂકી છે. આગળ પણ સફળતા મેળવી વિદ્યાર્થીઓને સફળ બનાવી સમાજ, રાષ્ટ્ર અને વિશ્વને સફળતાની સીડી ચઢવામાં સહાયક બનતી રહેશે એવો મને પૂરો વિશ્વાસ છે.

*Let people say what they like, stick to your convictions.*

Scanned with CamScanner

# શાળા વ્યવસ્થાપન અને તેના કાર્યો

સમીરા આઈ. ભૈયાત
રોલ નંબર : 01

શાળા એટલે મૂલ્ય આધારિત શિક્ષણ આપતી સંસ્થા. માનવ એ કોઈ યંત્ર નથી પરંતુ મૂલ્ય રચના છે અને આ માનવરૂપી મૂલ્યરચનાને શાળામાં ઘડવામાં આવે છે. તેથી શાળામાં અપાતા શિક્ષણનું મહત્ત્વ ખૂબ વધી જાય છે. શાળામાં વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ થાય તે માટે શાળાના આચાર્ય અને અનુભવી શિક્ષકો પોતાના પ્રયત્નો ઉત્કૃષ્ટતાના ધોરણે કરે છે. શાળા એક પ્રકારનું સંગઠન છે જે અનેક ઉપસંગઠનોથી બનેલું છે. દા.ત. : આચાર્ય, શિક્ષકો, વિદ્યાર્થીઓ, કર્મચારીઓ વગેરે.

આચાર્ય એ શાળાના વડા છે. આચાર્ય એ સમગ્ર શાળા સંચાલનની પ્રક્રિયાની ધરી છે. શાળાનો વિકાસ અને પ્રગતિ એ આચાર્ય ઉપર આધારિત હોય છે. તેથી જ આચાર્યની નિમણૂક કરતા પહેલા નેતૃત્વના ઉત્તમ લક્ષણો ધરાવનાર, શિક્ષણનું યોગ્ય પ્રત્યક્ષીકરણ ધરાવનાર, કાબેલ વહીવટકર્તા, નવીન પ્રયોગોનો ઉપયોગ કરનાર, સંકલન કરનારને ઓળખી આચાર્ય તરીકે તેમને પસંદ કરવામાં આવે છે.

આચાર્ય એટલે વ્યવસ્થાપક. કુશળ વ્યવસ્થાપક જ શાળાનું યોગ્ય સંચાલન કરે છે. ''વ્યવસ્થાપન'' નો પાયો અમેરિકામાં નંખાયો. ૧૯૧૦ થી ૧૯૨૦ માં વ્યવસ્થાપનના પ્રચાર અને પ્રસારને વધુ વેગ મળ્યો. આપણી આજુબાજુના વર્તમાન વિશ્વનો વિચાર કરીએ તો આપણને ખ્યાલ આવે કે આજની સદી એ વિજ્ઞાન અને ટેક્નોલોજીની સદી છે. વૈશ્વિકરણ, ઉદારીકરણ અને ખાનગીકરણના અભિગમને પરિણામે દુનિયાના બધા જ દેશોમાં વિકાસની નવી પ્રક્રિયા શરૂ થઈ છે. આજે પ્રત્યેક ક્ષેત્રમાં જેમકે શાળા, ખેતી, વેપાર, ધંધો રાજકારણ હોય કે ધર્મ વગેરેમાં વ્યવસ્થાપન અનિવાર્ય બની રહ્યું છે. વર્તમાન સમય એ જ્ઞાનના વિસ્ફોટનો સમય છે. ૨૧ મી સદીની શરૂઆતથી જ ઈન્ફરમેશન ટેક્નોલોજી મેનેજમેન્ટ, ડિઝાસ્ટર મેનેજમેન્ટ અને ઈન્ટરનેટ જેવા ક્ષેત્રોએ હરણફાળ દોટ મૂકી છે. તેથી આવા સંજોગોમાં શિક્ષણની સંસ્થા પણ પોતાના ઉદ્દેશો સિદ્ધ કરવા તત્પર છે. જેમાં વ્યવસ્થાપન અગત્યનો ભાગ ભજવે છે. વ્યવસ્થાપન એક શાસ્ત્ર છે. વ્યવસ્થાપનને અંગ્રેજીમાં "Management" તરીકે ઓળખવામાં આવે છે. વ્યવસ્થાપનને ''પ્રબંધ'' પણ કહેવામાં આવે છે. વ્યવસ્થાપન એ અત્યંત નાજુક પ્રક્રિયા છે. તેમાં ઘણા ઘટકોનો સમન્વય કરી નિર્ણયો લેવાતા હોય છે તેમાંના મુખ્ય ઘટકો નીચે મુજબ છે.

- આયોજન કરવું
- સામગ્રી અને સાધનો એકઠા કરવા
- હકૂમત કરવી
- સંકલન કરવું
- નિયંત્રણ કરવું

વ્યવસ્થાપન એ અન્ય પાસે કામ કરાવવાની કળા છે. આજે શાળા અને સમાજ બન્ને એકબીજાથી દૂર થઈ રહ્યા છે ત્યારે શાળાનો સમાજ સાથે સંપર્ક બની રહે તે માટે વ્યવસ્થાપન જરૂરી છે. વ્યવસ્થાપન એ નિર્ણય લેવાની અને નેતૃત્વ પ્રદાન કરવાની કળા છે.



Scanned with CamScanner

''વ્યવસ્થાપન એ સંસ્થાના લક્ષ્યોની સિદ્ધિ માટે માનવીય અને ભૌતિક સંસાધનોનો અસરકારક ઉપયોગ છે.''
- Willian F. Gluk.

''વ્યવસ્થાપનનો મુખ્ય ઉદ્દેશ મનુષ્યના વિકાસનો છે.''
- Lawrence Aple

''શાળા વ્યવસ્થાપન એ ઉદ્દેશો તરફ લઈ જતી, સંસાધનોને જોડતી, સર્વવ્યાપી સંગઠિત પ્રક્રિયા છે.''

શાળા વ્યવસ્થાપન એ શૈક્ષણિક પ્રશાસનનો પાયાનો અને અંતર્ગત ઘટક છે. શાળા વ્યવસ્થાપનમાં માનવીય સંબંધોનો સ્પર્શ વધુ જોવા મળે છે. શાળા વ્યવસ્થાપન એક એવી પ્રક્રિયા છે જેમાં વડા તરીકે આચાર્ય કામ કરે છે અને સંસ્થાના શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓ તેમની દોરવણી નીચે કાર્ય કરે છે. શાળા વ્યવસ્થાપનમાં વર્ગ વ્યવસ્થાપન એ અગત્યનું અંગ છે. વિદ્યાર્થીઓમાં સ્વતંત્ર વિચાર શક્તિ અને સારા-સારની નિર્ણય શક્તિનો વિકાસ થાય તે માટે વ્યવસ્થાપન જરૂરી છે. પી.સી. રેનના મત મુજબ ઘડિયાળમાં સ્પ્રિંગનું જે કામ છે, યંત્રમાં મુખ્ય ચક્રનું જે કામ છે તથા વાહનના એન્જિનનું જે સ્થાન છે તે જ સ્થાન શાળામાં આચાર્યનું છે. આચાર્ય એ શાળાની ગતિ છે અને શાળા વ્યવસ્થાપન દ્વારા આચાર્ય શાળાને ગતિવંત રાખે છે. શાળા વ્યવસ્થાપનનો વ્યવસ્થાપક એટલે કે આચાર્ય કર્મચારીઓનો સહકર્મચારી છે એ રીતે વર્તે છે.

**: વ્યવસ્થાપનના કાર્યો :**

૧. વ્યવસ્થાપન પ્રશાસને નક્કી કરેલા ધ્યેયોને કાર્યન્વિત કરવાનું કામ કરે છે.
૨. શાળા પ્રશાસન દ્વારા અસ્તિત્વમાં આવેલી સંગઠનની રચનાત્મક વ્યવસ્થાપનની પ્રક્રિયા શરૂ થાય છે.
૩. શાળા વ્યવસ્થાપન દ્વારા શાળાના આર્થિક પાસાંઓનું અનુકરણ થાય છે.
૪. શાળા વ્યવસ્થાપન શૈક્ષણિક, સહશૈક્ષણિક અને શિક્ષણેત્તર પ્રવૃત્તિઓનું અને કાર્યક્રમોનું આયોજન કરે છે.
૫. શાળા વ્યવસ્થાપન નક્કી કરેલા કાર્યક્રમો અને પ્રવૃતિઓની કર્મચારીઓ વચ્ચે વહેંચણી કે સોંપણી કરે છે.
૬. શાળા વ્યવસ્થાપન શાળાકીય પ્રવૃત્તિઓ ઉત્કૃષ્ટતાના ધોરણે થાય તેના માટે પ્રોત્સાહન, પ્રેરણા અને માર્ગદર્શન પૂરું પાડે છે.
૭. શાળા વ્યવસ્થાપન દ્વારા કર્મચારીઓની લાયકાત અને અનુભવને ધ્યાનમાં રાખીને કામ સોંપાય છે. તેમની શક્તિઓનો મહત્તમ લાભ સંસ્થામાં મેળવી શકાય છે.

શાળા વ્યવસ્થાપન માનવીય તત્ત્વો અને ભૌતિક તત્ત્વોનું સંકલન કરે છે. શાળા વ્યવસ્થાપક દ્વારા શાળામાં ઊભી થતી સમસ્યાઓનો માન્ય રીતે ઉકેલ લાવી શકાય છે. શાળા વ્યવસ્થાપન શાળાના ઉદ્દેશો સિદ્ધ કરવાના પ્રયત્નો કરે છે. શાળા વ્યવસ્થાપનની પ્રવૃત્તિઓની વિદ્યાર્થી પ્રવેશ, સમયપત્રક, આયોજન, વિષયોની ફાળવણી, પરીક્ષણ અને મૂલ્યાંકન, સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ, શિસ્ત જેવા શૈક્ષણિક કાર્યક્રમોનું આયોજન, સંગઠન અને સંચાલન શાળા વ્યવસ્થાપન દ્વારા થાય છે. આમ વ્યવસ્થાપન એટલે માત્ર વ્યવસ્થાપકોએ પોતાની જાતને સીધી જ રીતે સામેલ કરી શૈક્ષણિક સંસ્થાની સિદ્ધિમાં ફાળો આપવાનો નથી. પરંતુ સંસ્થાના ઉદ્દેશોની સિદ્ધિ માટે સંકળાયેલા લોકો દ્વારા પ્રયત્નો કરાવી સિદ્ધિ મેળવવી. શાળા વ્યવસ્થાપન એ વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે અગત્યનું છે. ચાલો, આપણે સૌ એનું મહત્ત્વ સમજીએ.



Scanned with CamScanner

# શાળા વ્યવસ્થાપનમાં શિક્ષકની ભૂમિકા

આરતી એચ. નાયક
રોલ નંબર : ૫૧

શિક્ષણને સમાજ સાથે અને વ્યક્તિ સાથે આજીવન સંબંધ રહે છે. શિક્ષણ સમાજમાં કેન્દ્રસ્થાને છે અને શિક્ષક એ શિક્ષણનું ચલકબળ છે. બાળકોને અપાતા શિક્ષણમાં શિક્ષક્નું મહત્ત્વ આગવું છે. તેની જવાબદારી સવિશેષ છે અને એટલે જ સમાજમાં જે વ્યક્તિ પોતે પ્રામાણિક, વફાદાર કે મહેતનુ નથી હોતી તે પણ શિક્ષક પાસે આ બધા ગુણોની અપેક્ષા રાખે છે. શિક્ષક્ના વ્યવસાયને સમાજસેવાના ભાગરૂપે માનવાની સમાજની એક મનોવૃત્તિ છે. પછી ભલે શિક્ષકો પોતાના વ્યવસાયને અર્થોપાર્જનનો એક ભાગ સમજે. પરંતુ સમાજમાં કોઈ આ મંતવ્ય સાથે સહમત થશે નહી. આ વાસ્તવિક્તા હોવાને કારણે શિક્ષક તરીકેની કારકિર્દીમાં જોડાનારે આ બાબત અંગે સજાગ રહેવું જોઈએ.

શિક્ષક્ને જાહેર જીવનની વ્યક્તિ ગણવામાં આવે છે અને એટલે તેમના વિશે મનમાં જે આવે તે બોલવામાં કોઈ સંકોચ અનુભવતું નથી. આવા સંજોગોમાં શિક્ષક્ની કામગીરી અત્યંત કપરી બની ગઈ છે. શિક્ષકે પોતાના વિષયમાં પારંગત બનવુ જ પડશે. ઉપરાંત પોતાના વિષયોના વિવિધ પુસ્તકો અને સામાયિકો વાંચીને પોતાનાં વિષયવસ્તુ ઉપર કાબુ મેળવવાનો પૂરો પ્રયત્ન કરવો જ પડશે.

શિક્ષણ જગતમાં શિક્ષકે આ ગુર્જર ભૂમિ પર પોતાનો અનેક ગણો ફાળો આપવાનો હોય છે. જેમાં શિક્ષક એવો હોવો જોઈએ કે

''જે દેશને હું શું આપી શકું,
નિષ્કર્ષ હું શું કરી શકું ?''

એવું સતત વિચારતો હોવો જોઈએ.

આજે તાલીમી સંસ્થાઓમાં મોટા પ્રમાણમાં શિક્ષકો ડિગ્રી મેળવી રહ્યા છે. શિક્ષણનું ધોરણ ઊંચું બન્યુ છે. શિક્ષક્ની કામગીરી અન્ય વ્યવસાયોની કામગીરી કરતા તદ્દન અલગ છે. જેમાં જ્ઞાન, નિપૂણતા, ભાષા ઉપરનું પ્રભુત્વ, ઉત્તમ વક્તૃત્વ કલા, ઉત્તમ દેખાવ, પ્રભાવશાળી વેશભૂષા કરતા પ્રેમ, લાગણી અને નિસ્બતની વધારે જરૂર છે.

શિક્ષક પાસે લાગણીનો પારો ઊંચો હશે અને જ્ઞાનમાં કંઈક ઓછપ હશે તો વિદ્યાર્થીઓ અને વાલીઓ ચલાવી લેશે. આમ ઉત્તમ શિક્ષક બનવા માટે ઉત્તમ ક્વોલિફિકેશન જરૂરી નથી પણ શિક્ષક્ની શિક્ષણ તરફની નિસ્બત પણ જરૂરી છે. આ નિસ્બતની તાલીમ અપાતી નથી પણ 'સ્વ' માંથી જન્મે છે. આમ આજની તાતી જરૂરિયાત છે શિક્ષણ અને વિદ્યાર્થી સાથે નિસ્બત ધરાવતા ''શિક્ષકોની.''

શિક્ષકોમાં જિજ્ઞાસા-બૌદ્ધિક આતુરતા, પ્રેરણા, ખુલ્લુ મન હોવું જરૂરી છે. સાથે સાથે પડકાર ઝીલવાની ક્ષમતા હોવી જોઈએ.



Scanned with CamScanner

આજનો આધુનિક યુગ એ વિજ્ઞાન અને ટેનોલોજીનો યુગ છે. ૨૧ મી સદીના યુગમાં સામાજિક વિકાસ માટે શિક્ષણ એ પૂર્વશરત છે. વર્ગશિક્ષણમાં હાર્ડવેર અને સોફટવેર ટેક્નોલોજીનો ઉપયોગ શિક્ષણકાર્યને અસરકારક અને રસપ્રદ બનાવે છે. શિક્ષકો વિદ્યાર્થીઓને શિક્ષણ પ્રત્યે અભિમુખ કરવામાં અસફળ નિવડ્યા છે. આથી શિક્ષણ રસહીન બનતુ જાય છે. આમ વર્ગખંડની આવતીકાલને ઉજ્જવળ કરવા માટે શિક્ષણ દરમ્યાન વિવિધ ટેક્નોલોજીનો ઉપયોગ કરવાની જરૂરિયાત છે. આજના યુગની વધતી જતી અપેક્ષાઓને યોગ્ય સંતોષ આપવા માટે તેમના જીવનને ગુણવત્તાસભર બનાવવા માટે કોમ્પ્યુટર, ઈન્ટરનેટ, એડ્યુસેટ ઘણી રીતે ઉપયોગી છે. આ ઉપરાંત ઈ-મેઈલ, ઈ-બુક્સ, ઈ-લાઈબ્રેરી એ શિક્ષકના ઉત્તમમિત્ર બની ગયા છે. તેથી શૈક્ષણિક ટેક્નોલોજીનો વિવેકપૂર્વક ઉપયોગ કરવાની જરૂરિયાત શિક્ષકની છે.

ડૉ. રાધાકૃષ્ણના મતે, શિક્ષકનું પોતાનું સૂત્ર નીચે મુજબનું હોવું જોઈએ. "Our Slogan should be power at any price but service at any cost"

શિક્ષણની સમગ્ર પ્રક્રિયાનું મહત્ત્વનું ચાલકબળ છે શિક્ષક. ભલે વર્તમાન સમયમાં શિક્ષણની અનેક પ્રકારની આધુનિક તરકીબો અને તકનિકીઓ આવી હોય, ભલે શિક્ષણની સંસ્થાઓ આધુનિકતમ માળખા ધરાવતી હોય છતાં વર્ગખંડ તેમજ વર્ગખંડ બહારની શિક્ષણની પ્રક્રિયાનું પ્રવર્તન કરનારું એક માત્ર પ્રભાવક પરિબળ શિક્ષક છે. એમ કહેવાય છે કે આજના ગુજરાત અને ભારતની ઝડપથી આગળ વધી રહેલી વિકાસયાત્રામાં મૂડીરોકાણના ચાર ક્ષેત્રો ધમધમી રહેલા જોઈ શકાય છે. એ ચાર પૈકી એક છે શિક્ષણ અને બીજા ત્રણ છે જમીન અને રીયલ એસ્ટેટ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ટેલિકોમ્યુનિકેશન, મૂડી. અહી મૂડી એટલે નાણા નહી પણ વિશેષ કરીને જ્ઞાનરૂપી વિચારોરૂપી મૂડી જેનો સર્જક અને વ્યવસ્થાપક છે માનવી !

આજના વિદ્યાર્થીઓ વિદ્યાયાત્રા શાળાથી શરૂ કરી યુનિવસીર્ટી સુધી કરે છે. તેમની પાસે ફક્ત એક જ અપેક્ષા રાખે છે. **शिष्यस्तेडहम् शाधि मां त्वां प्रपन्नम।**

હે ગુરુદેવ ! હું તમારી પાસે વિદ્યા પ્રાપ્ત કરવા આવ્યો છું. આપ મને શિક્ષિત કરો. આજના વિદ્યાર્થીની વિદ્યાયાત્રાને સર્વથા અર્થપૂર્ણ યુગ સાથે સુસંબંધ અને ઉચ્ચ ગુણવત્તાભરી બનાવવા માટે આવશ્યક રહેશે બહુવિધ સંપન્ન એવા શિક્ષકોની, એમના સમુદ્ધ વ્યક્તિત્વની, શિક્ષકત્વની.

કવિ શ્રી ઉમાશંકર જોશીએ ફક્ત ચાર જ પંક્તિઓમાં શિક્ષકને ઓળખાવ્યો છે.

''બાળકને જોઈ જે રીઝે,  
રીઝે બાળક જોઈ જેને;  
સ્નેહલ સૂરત, વત્સલ મૂરત,  
હૃદય હૃદયનાં વંદન એને''

અંગ્રેજીમાં એક લોકોક્તિ છે જે કહે છે કે શીખવવું એ શબ્દની સાચી જોડણી 'TEACH' નહી બલકે 'LOVE' છે



Scanned with CamScanner

દા.ત. માતા લાજ શરમ વગર એક ખૂણામાં બાળકને વળગાડી ધવડાવતી હોય આવા છલોછલ ઉભરાતા માતૃત્વના દર્શન ઠેરઠેર જોવાય છે. તે જ રીતે શાળા-મહાશાળાના વર્ગખંડમાં જ્ઞાન અને પ્રેમથી ઊભરાતો એક શિક્ષક પોતાના વર્ગખંડમાં નિયમબદ્ધ, શિસ્તબદ્ધ રીતે પહોંચી જઈ બાળકોને ભણાવવામાં રમમાણ થઈ જાય છે. પ્રેમથી શિક્ષકત્વથી છલોછલ ઊભરાતો શિક્ષક પોતાના શિષ્યને પુત્રવત્ ચાહે તો છે જ પણ તેમની ખામીઓ, અવળચંડાઈઓ કે તોફાનોને સહન કરી પ્રેમપૂર્વક સુધારે છે. જે માટે એક કવિ નીચે મુજબ લખે છે.

'બાળક વ્હાલા જેમને, ઘોંઘાટે ન મૂઝાય,
સદાય શાંતિ મેળવે, તે શિક્ષક કહેવાય'

આથી જ વાત્સલ્યમૂર્તિ એવા લોકશિક્ષક રવિશંકરદાદા કહે છે, શીખે તે શિક્ષક, શિક્ષકત્વથી છલકાતો શિક્ષક. કેવળ વર્ગખંડમાં નહી પણ સમગ્ર જીવનમાં પ્રેમથી ઊભરાતો રહે છે, આત્મતુષ્ટિ અનુભવે છે. આવા શિક્ષકના જીવનમાં માત્ર 'સાફલ્ય' ના ચાંલ્લા નથી હોતા પણ 'સાર્થક્ય' નું ચંદન મહેક્તુ હોય છે.

શિક્ષકે પોતાના વ્યવસાય પ્રત્યે કર્તવ્યનિષ્ઠ બનવું પડશે. શિક્ષકની મૂળભૂત ભૂમિકામાં બે પાયાનાં ગૃહિતો રહેલા છે. (૧) જવાબદારી અને (૨) ઉત્તરદાયિત્વ. તેમાં આપણા સર્વોતમ યોગદાન, ફરજ-નિષ્ઠા, સમયપાલન, ઉત્તમ વર્ગવ્યવહાર, પ્રયોગશીલ અને નાવીન્યપૂર્ણ અભિગમ, નિષ્પક્ષ પરીક્ષણ અને મૂલ્યાંકન સાથેના વિદ્યાર્થી ઘડતરની જવાબદારી નિભાવીને સાચો જવાબ આપી શકાય.

કલ્પના ચાવલા જેવી પ્રયોગશીલતાને પહેલા અવકાશયાત્રી પાસે કંઈક કરી છૂટવાની તીવ ધગશ હતી. મનમાં એક જેહાદ જાગેલી અને ધ્યેયનિષ્ઠા સાથે કામ કરતા કરતા જ કોલંબિયા યાન સાથે અવકાશમાં વિલીન થઈ ગઈ. આ છે સમર્પિતતાનું જ્વલંત ઉદાહરણ. આવો અંતરઆત્મા શિક્ષકનો ન હોય ? એટલે પ્રત્યેક શિક્ષક પોતાની ક્ષમતા, સજ્જતા, સભાનતા અને વ્યવસાય પ્રત્યેની ચાહત સાથે સમાજ, રાજ્ય અને રાષ્ટ્રના વિકસતા સૂર્યને અર્ધ્ય આપવા આગળ આવે એ જરૂરી છે.

કવિશ્રી કરસનદાસ માણેક શિક્ષક માટે લખે છે કે શિક્ષકે વિદ્યાર્થીના જીવનમાં ભણતર સાથે ઘડતર કરવાનું છે. ભાવિ વિકાસની મૂડીનું સર્જન કરવાનું છે જે માટે તેમણે નીચેની પંક્તિમાં કહ્યું છે.

''શૂન્યતામાં શ્વાસ ભરતા શીખજે, ખાલી સરોવરમાં તરતા શીખજે,
આંખમાં આંજી વસંતો સ્વપ્નોના રણને લીલુંછમ કરતા શીખજે''

૨૧ મી સદીના બીજા દસકામાં જ્યારે ભારત વર્ષમાં યુવાનોની સંખ્યા વિપુલ હશે ત્યારે સમાજ અને દેશને સારા અને સમર્પિત યુવાનોની આવશ્યક્તા વધારે હશે. આવા યુવાનોને દિશા આપવાનું કાર્ય શિક્ષકના હાથમાં છે. યુવાન સ્વર્ણિમ બનશે તો રાષ્ટ્ર સ્વર્ણિમ બનશે. પણ મૂળ તો શિક્ષકે શૈક્ષણિક મનોવિજ્ઞાનના મર્મજ્ઞ થવું પડશે.

*Purity, Patience and perseverance are the essentials to success.*

Scanned with CamScanner

માનવજીવનની સંસ્કૃતિની ઈમારતનો અગત્યનો આધારસ્તંભ નૈતિક મૂલ્યો છે ત્યારે સમાજની શિક્ષણ વ્યવસ્થામાં એ મૂલ્યોને મજબૂત બનાવવા એમનું પ્રસારણ વ્યાપક કરવાની જોગવાઈ આવશ્યક બને છે. મૂલ્યો વ્યક્તિના અંગત જીવનને સ્પર્શે છે. નૈતિક અને આધ્યાત્મિક મૂલ્યો છેવટે વ્યવહાર, કાયદા કાનુન અને ધર્મના આધાર માળખાને મજબૂત બનાવી સમગ્ર સમાજને ઉન્નત બનાવે છે. આથી શાળાકક્ષાએ આ બન્ને મૂલ્યોની ખિલવણી શિક્ષક દ્વારા કરવામાં આવે તો કળિયુગમાં પણ નીતિમય તેમજ આધ્યાત્મિક સમાજનું નિર્માણ શક્ય બને છે. આથી જ સ્વામી વિવેકાનંદે કહ્યું છે ''શિક્ષક એ જ્યોતિર્ધરની ભૂમિકામાં છે.''

આધુનિક યુગમાં શિક્ષકે અસીમ સામર્થ્યથી કામ કરવાનું છે. શક્તિને નીચવી પથ્થરમાંથી શિલ્પ કંડારવાનું છે. વિદ્યાર્થીઓને કેળવી તેમના શરીરમાં તાકાત, સ્વભાવમાં મિલનસાર, વૃત્તિમાં વિજય, હૃદયમાં ભક્તિ લાવવાની છે. આચાર્ય 'ચાણક્ય' ની વાણીને ધ્યાનમાં રાખી પ્રલય અને નિર્માણ બંનેનું સામર્થ્ય કેળવી સાચા અર્થમાં રાષ્ટ્રના ઘડવૈયા બનવાનું છે. શિક્ષકે આજના યુગમાં વિદ્યાર્થીને ફક્ત જ્ઞાન જ પીરસવાનું નથી પણ સાથે સાથે મનુષ્યને સંકુચિતતા અને ભેદભાવના બંધનોમાંથી છોડાવવાનું છે. આથી જ કહેવાયું છે, **सा विद्या या विमुक्तये ।**

આવું શિક્ષણ અને માહિતી બોલવાની સાથે સાથે આચરણ દ્વારા આપવાનું છે. શિક્ષકોએ વર્ગખંડોમાં, મેદાનમાં કે શેરીઓમાં મૂલ્યશિક્ષણ માટે મથવાનું છે. સંકુલના વિકાસમાંથી હરિયાળી ક્રાંતિનું સર્જન કરવાનું છે. આથી તો કહેવાયું છે કે, ''જ્યારે શિક્ષક પરસેવે ન્હાય, ત્યારે સુસંસ્કૃત સમાજ રચાય''

શિક્ષકો માટે પ્રેરકબળ સમાન એવા એક બે શિક્ષકોના ઉદાહરણો ટાંકીશુ.

ગુજરાતના વર્તમાન શિક્ષણ જગતના એક ક્રાંતિકારી અને ખમીરવંતા શિક્ષણશાસ્ત્રી તે ડૉ. ગુણવંત શાહ, જેમની શૈક્ષણિક ફિલસૂફી વ્યવહાર અને લખાણોથી અનેક શિક્ષકોમાં એક પ્રકારની ઉષ્મા અને ઊર્મિનો સંચાર થાય છે. એક ચીકુડીમાંથી ચીકુ પણ વહે છે, એક આંબામાથી કેરી પણ વહે છે તે રીતે શિક્ષકમાં પણ શિક્ષકપણું વહેતુ રહેવું જોઈએ એમ ગુણવંતભાઈ ઘણી વાર કહે છે. બહુ થોડા શિક્ષણશાસ્ત્રીઓ છે, જેમનું નિજનું ચિંતન, મનન અને પ્રદાન આ પ્રદેશને મળ્યુ હોય. એ થોડાઓમાં ગુણવંત ભાઈ એક છે, જે ઉત્સાહ અને ક્ષમતાના ફુવારા સમાન છે.

આપણા પ્રદેશના બીજા શિક્ષણવિદ એ છે દોલતભાઇ ! દિલ અને દિમાગનું સુભગ મિલન ! એક નિર્મળ, નવીનતમ અધ્યાપક ! પ્રગતિશીલ અને દષ્ટિવંત આચાર્ય, મેધાવી કેળવણીકાર ! જેને આજીવન શિક્ષક રહીને શિક્ષક, શિષ્ય અને શિક્ષણમાં અતિ-મૂલ્યવાન પરિવર્તનો પ્રેર્યા છે તથા ત્રણેયનું શ્રેય કરવામાં પાછી પાની કરી નથી. તેવા એક અનોખા અને વિરલ સારસ્વત તે દોલતભાઈ દેસાઈ.

સારા વ્યવસ્થાપનમાં શિક્ષકો પોતાનું શ્રેષ્ઠ પ્રદાન કરે એવી અભ્યર્થના.



Scanned with CamScanner

# શાળાની વૃદ્દિ અને વિકાસ માટેના સ્રોતો

પાયલ આર. કતબા
રોલ નં. : ૫૦

**પ્રસ્તાવના :**

''બાળકના શરીર, મન અને આત્મામાં જે કંઈ શ્રેષ્ઠ છે તેને બહાર આણવું એટલે શિક્ષણ''

ગાંધીજીના ઉપરોક્ત વિચારમાં મૂળ બાબત છે માનવવિકાસની. શિક્ષણનો મુખ્ય હેતુ માનવનો સર્વાંગીણ વિકાસ કરવાનો છે અને આ માટે શિક્ષણ અનિવાર્ય પરિબળ છે. માનવના વધુ સારા વિકાસ માટે અનેક સંસ્થાઓ, પરિસ્થિતિઓ તથા વાતાવરણ મહત્ત્વનો ભાગ ભજવનારાં તત્ત્વો છે. જ્યારે આ દરેક તત્ત્વો અને પરિબળોની વચ્ચે શિક્ષણ આપતી શાળાઓ, મહાશાળાઓ અસ્તિત્વ ધરાવે છે ત્યારે આ સંસ્થાઓ સુસજ્જ હોવી ઘટે. સંસ્થાની સુસજ્જતા એટલે સંસ્થામાં ઉપલબ્ધ સંસાધનો અને તેની ગુણવત્તા. શાળા વ્યવસ્થાપનનું એક મહત્ત્વનું કાર્ય શાળા માટે જરૂરી સંસાધનો ઉપલબ્ધ કરાવવાનું છે. કોઈપણ સંસ્થામાં મુખ્યત્વે બે પ્રકારના સંસાધનો હોય છે. માનવીય અને ભૌતિક સંસાધનો. જે શાળા જેટલા બન્ને પ્રકારના સંશાધનોથી સુસજ્જ હશે તેટલે અંશે વિદ્યાર્થીઓને સારું શિક્ષણ મળી શકશે. એક કેળવણીકારે કહ્યુ છે તેમ..

"Whatever is done in the school should be of the students, by the students and for the students."

**માનવ સંસાધનો :**

માનવ સંસાધનમાં શાળાના માનવીય તત્ત્વોનો સમાવેશ થાય છે. એટલે કે સંચાલકો, આચાર્ય, શિક્ષકો, બિનશૈક્ષણિક કર્મચારીઓ, વાલીઓ, વિદ્યાર્થીઓ અને સમગ્ર સમાજનો સમાવેશ થાય છે. જેમ શાળામાં કૌશલ્ય સંપન્ન, કાર્યદક્ષ, ખંતીલા, નિષ્ઠાવાન, પ્રમાણિક માનવો વધુ તેમ શાળાનો વિકાસ ઉત્તમ. શાળાના માનવસંસાધનના વિકાસ સંદર્ભે હવે થોડી ચર્ચા કરી લઈએ.

**વિદ્યાર્થી :**

વિધાર્થીઓ માટે શાળાની અન્ય વ્યક્તિઓ દ્વારા જેમ પ્રેમ, મદદની ભાવના, સર્વાંગી વિકાસ માટેની ચિંતા વધુ તેમ વિદ્યાર્થીનો વિકાસ વધુ ઝડપી બને છે. વિદ્યાર્થીઓને સમાજના ભાવિ નાગરિકો બનાવવાની જવાબદારી શાળાઓની છે તેથી યોગ્ય જ કહેવાયું છે કે ''ભારતનું ભાવિ તેના વર્ગખંડોમાં ઘડાઈ રહ્યું છે.''

**શિક્ષક :**

શિક્ષકમાં જેમ વિવિધ ક્ષમતાઓ જેવી કે સદર્ભમૂલક, સંકલ્પનાલક્ષી, અભ્યાસિક અને વિષયવસ્તુ સંબંધી વ્યવહાર સંબંધી, જીવનલક્ષી પ્રવૃત્તિઓ સંબંધી અધ્યયન અધ્યાપન સામગ્રી સંબંધી, મૂલ્યાંકન વ્યવસ્થાપન, વાલી સંપર્ક અને સહકાર સંબંધી સમાજ સંપર્ક અને સહકાર સંબંધી ક્ષમતાઓ...વધુ તેમ



Scanned with CamScanner

શિક્ષકના વિકાસની ઝડપ વધુ. શિક્ષક તેની સુષુપ્ત આંતર્ગત શક્તિઓનું આવિષ્કરણ કરી બાળકોનો સર્વાંગીણ વિકાસ સાધે છે. કોઈકે કહ્યું છે કે,

"The teacher is the most vital factor in the system of education"

આચાર્ય :

આચાર્યના સ્થાન વિશે રાયબર્ન નામના એક ચિંતક કહે છે,

"Head Master holds a key position in the school just like a captain holds in the ship"

આચાર્યમાં નેતૃત્વશક્તિ, નિર્ણયશક્તિ, આયોજનક્ષમતા, માર્ગદર્શન, પ્રોત્સાહન, અધ્યાપન, પરીક્ષા સંચાલન વ્યવસ્થાપન, તંદુરસ્ત માનવીય અભિગમો વગેરે માટેની ક્ષમતા વધુ તેમ આચાર્યનો વિકાસ વધુ.

બિનશૈક્ષણિક કર્મચારી :

કોઈપણ જાતના પૂર્વગ્રહ વગર શાળામાં બિનશૈક્ષણિક કર્મચારી સાથેના શાળાના અન્ય માનવધનના તંદુરસ્ત સંબંધો, બિનશૈક્ષણિક કર્મચારીઓની વહીવટીય, હિસાબી પ્રવૃત્તિઓના આયોજન વગેરે સંદર્ભે ક્ષમતાઓ વધુ તેમ તેઓનો અને શાળાનો વહીવટીય વિકાસ ઝડપી બને છે.

વાલી/સમાજ :

પરિવારોની, સમાજની, રાષ્ટ્રની પ્રગતિના પ્રમાણ ઉપર શિક્ષકોના કાર્યની થતી અસરો વિશે વાલી/સમાજ જેમ વધુ સભાન, જેમ વધુ ચિંતિત તેમ શાળાનો વિકાસ વ્યવસ્થિત બને છે.

શાળામાં આવશ્યકતા અનુસાર કૌશલ્ય સંપન્ન, પ્રામાણિક, ઉદ્યમી, કાર્યદક્ષ માનવીની હાજરી વધુ તેમ શાળાની ગુણવત્તા ઊંચી થવાની અને તેમ તેના વિકાસમાં પણ વધારો થશે. તેથી પ્રત્યેક શાળાએ માનવીય સ્રોતોનો મહત્તમ ઉપયોગ થઈ શકે એ માટે સભાન બનવું જોઈએ.

ભૌતિક સંસાધનો :

શાળામાં જેટલી આવશ્યક્તા માનવીય સંસાધનોની હોય છે. તેટલી જ આવશ્યક્તા ભૌતિક સંસાધનોની પણ હોય છે. ભૌતિક સંસાધનોમાં શાળા મકાન, વિદ્યાર્થીઓની સંખ્યા પ્રમાણેના શાળાના ઓરડાઓની સંખ્યા, વિશિષ્ટ ખંડો, શૈક્ષણિક સાધન સામગ્રીઓ, શાળાનું ફર્નિચર, શાળાનું રમતગમતનું મેદાન, શાળાના કાર્યાલયો, શાળાનું પર્યાવરણ/ભાવાવારણ, દૃશ્ય શ્રાવ્ય ઉપકરણો વગેરેનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત કોઈપણ આદર્શ શાળામાં આરોગ્ય વિષયક સુવિધા પૂરતા પ્રમાણમાં હોવી જોઈએ. જેમાં વિદ્યાર્થીઓ માટે પીવાના પાણીની સુવિધા, આચાર્ય શિક્ષક ખંડમાં અલગ શૌચાલયો, સ્ત્રી શિક્ષિકાઓ માટે અલગ શૌચાલયો હોવા જોઈએ અને તેની રોજ સફાઈ થતી હોવી જોઈએ. વિદ્યાર્થીઓની તાત્કાલિક સેવા માટે ફર્સ્ટ એઈડનાં સાધનોની યોગ્ય વ્યવસ્થા હોવી જોઈએ.

આમ શાળાના વૃદ્ધિ અને વિકાસ માટે આ ભૌતિક અને આરોગ્ય વિષયક સ્રોતો યોગ્ય પ્રમાણમાં હોવા જોઈએ. શાળામાં જેમ ભૌતિક અને આરોગ્ય વિષયક સંસાધનો વધુ તેમ શાળાની ગુણવત્તા ઊંચી



Scanned with CamScanner

અને શાળામાં જેમ આ સંસાધનોનો ઉપયોગ વધુ તેમ શાળાનો વિકાસ વધુ. જો શાળામાં માત્ર શૈક્ષણિક સંસાધનો ઉપલબ્ધ હોય પરંતુ તેનો ઉપયોગ થતો જ ન હોય તો શાળાનો વિકાસ સંભવિત નથી.

અલબત્ત, શાળાની ભૌતિક, આરોગ્યવિષયક સુવિધાઓ પ્રવૃત્તિશીલતા વગેરે શાળાની આર્થિક સંપન્નતા પર આધાર રાખે છે. શાળાને આ સંસાધનો માટેની આર્થિક તેમજ અન્ય રીતે મદદ કરતા પ્રાપ્તિસ્થાનો વિશે સમજીએ.

૧. અનુદાન :

સરકારશ્રી દ્વારા વિવિધ ભૌતિક સંસાધનોની ઉપલબ્ધિ માટે જે તે નિયમ અનુસંધાનમાં સરકારી સંસ્થાઓમાં ૧૦૦% ગ્રાન્ટ અને અર્ધસરકારી સંસ્થાઓમાં અમુક ટકા ગ્રાન્ટ આપવામાં આવે છે. આવી ગ્રાન્ટનો યથાર્થ ઉપયોગ થાય એ જરૂરી છે.

૨. સમાજ :

સમાજમાંથી આવા વિવિધ ભૌતિક સાધનોની સુવિધા માટે અથવા વિવિધ વર્ગખંડોની સગવડ માટે સરપંચ પાસેથી, કોઈ મોટા ઉદ્યોગપતિ પાસેથી, સમાજમાં પ્રતિષ્ઠિત વ્યક્તિ પાસેથી, ધારાસભ્યો પાસેથી દાન મેળવીને, એકત્ર કરીને પણ શાળામાં ભૌતિક સંસાધનોની વૃદ્ધિ કરી તેમના ઉપયોગ થકી શાળાનો વિકાસ સાધી શકાય.

૩. વાલી :

સ્વજનની જન્મતિથિ, પુણ્યતિથિ નિમિત્તે અથવા કોઈ સિદ્ધિની ખુશીના ભાગરૂપે પણ ક્યારેક વાલી તરફથી ભૌતિક સુવિધાઓ પૂરી પાડવામાં સહકાર મેળવી શકાય.

૪. અન્ય આવક :

શાળાના મકાનમાં બિનજરૂરી જગ્યા અથવા ખંડોને કોઈ સામાજિક પ્રસંગે ભાડે શાળાની જગ્યા વાપરવા આપીને તે આવકમાંથી પણ શાળામાં ભૌતિક સંસાધનોની વૃદ્ધિ અને વિકાસ કરવામાં આવે છે.

ઉપસંહાર :

અહીં ભૌતિક અને માનવસંસાધનો તથા તેના પ્રાપ્તિસ્થાનો વિશે ચર્ચા હાથ ધરવામાં આવી છે. શાળાની વૃદ્ધિ અને વિકાસ ત્યારે જ સંભવે જ્યારે આ બન્ને સંસાધનોનો સંસ્થામાં યથાર્થ ઉપયોગ થતો હોય. બન્ને સંસાધનો એકબીજાના પૂરક છે અને આ દ્વારા જ સંસ્થાનો વિકાસ સંભવે છે. પ્રત્યેક શાળાને આવા શક્ય એટલા વધુ સંસાધનો ઉપલબ્ધ કરાવવા જોઈએ કે જેથી શાળા વ્યવસ્થાપન વધુ અસરકારક બની શકે.



Scanned with CamScanner

# સારા માનવસંબંધોનો શાળાના વિકાસમાં ફાળો

કવિતા બી. દેસાઈ
રોલ નં. : ૦૯

**પ્રસ્તાવના :**

વિશ્વના કેન્દ્રમાં માનવી છે. ઘર, સમાજ કે સંસ્થાઓમાંથી તેની બાદબાકી સંભવ નથી. જ્યાં જ્યાં માનવી સમૂહમાં રહેતો હશે કે કાર્ય કરતો હશે ત્યાં પ્રશ્નો હશે અને આવા પ્રશ્નોનું માનવીય રીતે સમાધાન લાવી શકાય તો ધાર્યા પરિણામ લાવી શકાય. શિક્ષણ બધા વ્યવસાયની જનની છે. શિક્ષણ એ માનવ સશક્તિકરણની, ઘર સમાજ તથા રાષ્ટ્ર નિર્માણની પ્રક્રિયા છે. તેથી શાળા-કૉલેજોમાં તમામ માનવગણ વચ્ચે તંદુરસ્ત માનવસંબંધ હોય તે અત્યંત જરૂરી છે.

**વિદ્યાર્થી :**

શાળા સમાજમાં માનવસંબંધો જેટલા વિકસે તેટલું શાળાનું વાતાવરણ સરળ અને પ્રેરક રહે. શાળાસમાજ તંદુરસ્ત અને સ્વસ્થ હોય તો શાળા સ્વસ્થ રીતે કામ કરી શકે છે. શાળા સમાજના આંતરિક સંબંધો કેવા છે ? તે ઉપર શાળા સમાજની તંદુરસ્તીનો આધાર છે. શાળા એ નાનકડો સમાજ છે. તેથી જ જહૉન ડયૂઈ કહે છે કે.

"School is a miniature of the society"

શાળા સમાજમાં વહીવટી અને સંચાલક મંડળ, આચાર્ય, શિક્ષકો, વિદ્યાર્થીઓ, સેવકગણ, વાલીઓ એમ અનેક વ્યક્તિઓનો ફાળો હોય છે. એકબીજા સાથેના સારા સંબંધોની જરૂરિયાત શાળાના વિકાસ માટે આવશ્યક છે. તેથી તેને લગતી એક પંક્તિ યાદ આવે છે.

''મને હતું ઢળી પડીશ હું અમુક શ્વાસમાં,
ભલું થયું તમે મને મળી ગયા પ્રવાસમાં.''

આચાર્ય, શિક્ષકો, વિદ્યાર્થીઓ, વાલીઓ આ ચારે ઘટકો વચ્ચે જીવંત માનવસંબંધ હોય તો શાળાનું પર્યાવરણ જીવંત અને પ્રોત્સાહિત બની શકે.

**સંકલ્પના :**

- માનવ-માનવ વચ્ચેનો સંબંધ એટલે માનવસંબંધ.
- સંગઠનમાં કામ કરતી વ્યકિતઓ વચ્ચે માનવીય સંબંધો ઊંચા તેમ સંગઠનનું મૂલ્ય વધે છે.
- "If you want to predict the future of the school, just see human relation in it"
  - W.F. Robert
- કાર્યકર્તાઓનો કામમાં સાથ સહકાર, કાર્યકરોમાં સંતોષની લાગણી, તેમનામાં સહકારી વૃત્તિ, તેમની એક જૂથ તરીકેની સંગતિ એટલે માનવીય સંબંધો.
- જેમાં લોકો સમાન ધ્યેયો સિદ્ધ કરવા માટે એક ઔપચારિક કાર્યક્ષેત્રમાં મળીને કાર્ય કરતા હોય છે.



Scanned with CamScanner

ત્યાં તેમને ઓળખી પિછાણી અને સંસ્થાના ધ્યેયો પ્રાપ્તિ માટે પરસ્પર ભાવ અને પ્રેમથી જોડી રાખવામાં માનવસંબંધો મહત્ત્વનો ભાગ ભજવે છે.

- સંસ્થામાં જેવું માનવસંબંધનું સ્તર તેવું તેનું ભાવાવરણ.

માનવસંબંધોનું મહત્ત્વ :

યંત્રમાં નાના-મોટા પાર્ટસ એકરૂપ થઈ કામ કરે છે. તેવી જ રીતે સંસ્થાઓમાં માનવસમૂહ એક બની કામ કરે તે જરૂરી છે.

શાળાઓમાં માનવસંબંધ તંદુરસ્ત રહે તો...

- એકબીજાની શક્તિઓને માન આપવાની અને તેમની કદર કરવાની ઉદારતા તેમનામાં હોય.
- નમ્રતા અને ઉત્સાહથી કાર્ય થાય.
- શાળાના વડા માત્ર બુદ્ધિમતામાં જ નહિ, પરંતુ સાથોસાથ ધીરજ, સમયસૂચકતા, રજૂઆતશક્તિ, ઉદારતા, સહિષ્ણુતા તથા કામ કઢાવવાની કળા જેવી બાબતોમાં પણ આગવી સૂઝ ધરાવતા હોય.
- લોકશાહીપૂર્ણ વ્યવહાર.
- સમૃદ્ધ, સહૃદયી અને વૈવિધ્યપૂર્ણ સમાજિક જીવન તેમજ વિવિધ મૂલ્યોને ધ્યાનમાં રાખીને કાર્ય થાય.
- કાર્ય અવિરોધે થયા કરે.
- શાળાના નિશ્ચિત ધ્યેયો સિદ્ધ થાય.
- એવા વાતાવરણનું સર્જન હોય કે જેમાં સૌ પોતપોતાનું મહત્ત્વ માણે.
- કોઈપણ કાર્યની સફળતાનો આધાર સહકારયુક્ત વલણ ઉપર નિર્ભર હોય.

માનવસંબંધોમાં માનવસંયોજનની કળા વિકસાવીએ તો જ પ્રગતિ કરી શકીએ.

**શાળાના વિકાસ માટે જરૂરી શાળા સમાજના પરસ્પરના સંબંધો :**

માનવસંબંધ વગર શિક્ષણ અધૂરું છે. શિક્ષકોએ માનવસંબંધ નામનો વિષય શીખવીને નહી. પરંતુ પોતાના વર્તન વ્યવહારો દ્વારા શીખવવાનો છે. શાળા સમાજના શિક્ષક-વિદ્યાર્થી, શિક્ષક-આચાર્ય, શિક્ષક-શિક્ષક વચ્ચેના માનવસંબંધો સમજવા જોઈએ.

**૧. શિક્ષક-વિદ્યાર્થી સંબંધો :**

- શિક્ષક એ વિદ્યાર્થીના મિત્ર, ફિલસૂફ અને માર્ગદર્શક છે.
- શાળામાં આવતો વિદ્યાર્થી અનેક સંવેદનો, અનેક પ્રશ્નો, અનેક મૂંઝવણો, અનેક જિજ્ઞાસાઓથી ઘેરાયેલો હોય છે તેથી તેની સાથેનું વર્તન કુમાશભર્યું અને સારે રસ્તે વાળનારું હોય .
- શિક્ષક-વિદ્યાર્થીઓના સંબંધો જેટલા માનવતાયુક્ત, સુમેળયુક્ત અને સહકારયુક્ત બને એટલે અંશે શિક્ષણનું કાર્ય અસરકારક બને છે.
- વિદ્યાર્થીઓના વાલી-માતાપિતા સાથે સંપર્ક રાખવો કે જેથી પરસ્પર અપેક્ષાઓ જાણી શકાય, સહકાર મેળવી શકાય. વાલીઓ સમૃદ્ધ સ્રોત છે.



Scanned with CamScanner

- મહત્તમ સમય વિદ્યાર્થીઓ-શિક્ષકોએ જોડે બેસવું જોઈએ.

૨. **શિક્ષક-આચાર્યના સંબંધો અને આચાર્યની ભૂમિકા :**

આચાર્ય એ શિક્ષણની પ્રક્રિયાનો સૂત્રધાર છે. આચાર્યએ શિક્ષકો, વિદ્યાર્થીઓ, કર્મચારીઓ, સમાજ અને સરકાર સાથે સંપર્કમાં રહી સંબંધો પ્રસ્થાપિત કરી તેની માવજત કરતાં રહેવું જોઈએ.

- જેવાં આચાર્ય-શિક્ષકોનાં સંબંધો હશે તેવા શિક્ષક-વિદ્યાર્થીના સંબંધો હશે.
- સારા આચાર્ય કદી પણ સરમુખત્યાર કે જુલમગાર બનતા નથી.
- આચાર્ય પોતાના મિત્રતાભર્યા વલણથી પોતાના શિક્ષકોનો નેતા બને છે. તે શિક્ષકોને વધુ સારું કાર્ય કરવા શિક્ષણમાં પોતાના પ્રાણ રેડવા પ્રેરણા આપે છે.
- આચાર્ય પહેલા માનવ છે. બીજો ઉત્તમ શિક્ષક છે અને પછી જ આચાર્ય છે.
- શિક્ષકોના વિવિધ માનવસ્વભાવોને ઓળખીને તેમનો ઉપયોગ કરવાની કળા આચાર્યમાં હોવી જોઈએ.

૩. **શાળાના શૈક્ષણિક વિકાસમાં સામાજિક સંસ્થાઓની ઉપયોગિતા :**

- લાયન્સ ક્લબ, રોટરી ક્લબ, રેડક્રોસ સોસાયટી, મહિલા મંડળો, યુવક મંડળો, નહેરુ યુવક સેવા સંસ્થાઓ, રમત મંડળો જેવી અનેક સામાજિક સંસ્થાઓ શાળાની શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં અનેક રીતે ઉપયોગી બની શકે છે.
- લાયન્સ ક્લબ અને રોટરી ક્લબ જેવી સંસ્થાઓ ગરીબ વિદ્યાર્થીઓને આર્થિક સહાય કરે છે.
- રેડક્રોસ સોસાયટી દ્વારા શાળાના વિદ્યાર્થીઓની વૈદકીય તપાસ કરાવી શકાય. નિષ્ણાત ડૉક્ટરો બોલાવીને વિદ્યાર્થીઓની ડૉક્ટરી તપાસ કરાવી શકાય.

આ રીતે સામાજિક સંસ્થાઓ દ્વારા પણ માનવીય સંબંધો મોટાપાયા પર વિકસાવી શાળાનો શ્રેષ્ઠ વિકાસ કરી શકાય.

**ઉપસંહાર :**

કોઈપણ શાળાને સહકાર અને સુમેળથી ચલાવવી હોય તો સારામાં સારા આંતરિક સંબંધોનું નિર્માણ કરવું અનિવાર્ય છે. એકબીજાના પ્રત્યેના માનવસંબંધો દ્વારા જ આપણે શાળાસમાજને તંદુરસ્ત બનાવી શકીએ.



Scanned with CamScanner

# શાળા-મકાન શિક્ષણની ગુણવત્તાને સીધી રીતે અસર કરે છે.

મયુર આર. ટંડેલ
રોલ નં. : ૩૯

**પ્રસ્તાવના :**

આદર્શ શાળાનું મકાન કોને કહી શકાય એ એક મોટો પ્રશ્ન છે. શાળામાં ઘણી બધી સુવિધાઓ
હોય તેને આદર્શ શાળા મકાન કહી શકાય ? આદર્શ શાળાનું મકાન તેને કહી શકાય કે જ્યાં બાળકોની જરૂરિયાતોની
પૂર્તિ સાથે સારું શિક્ષણ પણ મળી રહે અને બાળકોનો સર્વાંગી વિકાસ થઈ શકે. આદર્શ શાળા મકાનનું
વાતાવરણ આનંદભર્યું, કિલ્લોલભર્યું, ખુશનુમા અને વિદ્યાર્થીઓને અભ્યાસ માટે પ્રેરણા આપે તેવું હોવું
જોઈએ. તો ચાલો આપણે આદર્શ શાળા મકાન અંગે થોડું ચિંતન કરીએ.

**આદર્શ શાળા મકાન :**

આદર્શ શાળા મકાન ભૌતિક સંપત્તિથી સમૃદ્ધ હોવું જોઈએ પરંતુ તેની સાથે સાથે શાળા મકાનની
આજુ-બાજુનું વાતાવરણ પણ સારું હોવું જોઈએ. એટલે કે તે વાતાવરણ વિદ્યાર્થીઓને અભ્યાસ કરવામાં
ઉત્સાહ વધારે તેવું હોવું જોઈએ. શાળાની ભૌતિક સંપત્તિ, વિદ્યાર્થીઓની શારીરિક અને માનસિક જરૂરિયાતોને
ધ્યાનમાં રાખીને વસાવવી જોઈએ. શાળા મકાનમાં બિનજરૂરી ભૌતિક સંપતિઓ વસાવવાનો કોઈ અર્થ
નથી. તંબુમાં ચાલતી શાળા કે રસ્તાઓ નજીક ઘોંઘાટભર્યા વાતાવરણમાં ચાલતી શાળાઓને આદર્શ શાળા ના
કહી શકાય. આદર્શ શાળા તો નૈસર્ગિક સંપત્તિની આજુબાજુ હોવી જોઈએ. આદર્શ શાળાનું વાતાવરણ
શાંત અને રળિયામણું હોવું જોઈએ. શાળામાં કાર્યક્ષમ અને અનુભવી શિક્ષકોનો સ્ટાફ હોવો ખૂબ જરૂરી
છે. શાળાના સુકાની આચાર્ય એક આદર્શ વ્યક્તિત્વ ધરાવતા હોવા જોઈએ. તો જ તે શાળાને આદર્શ
શાળા કહી શકાય અને આવી આદર્શ શાળામાંથી અભ્યાસ કરીને નીકળતા વિદ્યાર્થીઓ નિ:શંકપણે તેજસ્વી
અને પ્રતિભાશાળી હોવાના જ.

આદર્શ શાળા શરૂ કરવા માટે ઘણી બધી બાબતો ધ્યાનમાં રાખવાની હોય છે. જેમાં શાળા કઈ
જગ્યાએ બાંધવી ? શાળા જે જગ્યાએ બાંધવાની છે તે જમીન કેવી છે ? શાળા બાંધવાનું સ્થળ કેવું છે ?
શાળાનું બાંધકામ કરવા માટે કોને સોંપવું ? શાળા મકાનનો આકાર કેવો હોવો જોઈએ ? બાંધકામ કેવી
રીતનું હોવું જરૂરી છે ? શાળા શરૂ થઈ ગયા પછી ક્યા અને કેવા પ્રકારના શિક્ષકોની ભરતી કરવી ? શાળાની
રૂપરેખા કેવી હોવી જોઈએ ? આ બધી બાબતો ધ્યાનમાં રાખવાની હોય છે જેમાં બે બાબતો અત્યંત
મહત્ત્વની છે જેની ચર્ચા હાથ ધરી છે.

**(૧) શાળાના મકાન બાંધવા માટે વિસ્તારની પસંદગી :**

શાળાનું મકાન બાંધવા માટે વિસ્તાર એવો હોવો જોઈએ કે જ્યાં અભ્યાસ કરીને બાળકનો સર્વાંગી
વિકાસ થઈ શકે. વિદ્યાર્થીના શારીરિક અને માનસિક વિકાસ માટે વિસ્તાર ખૂબ મહત્ત્વનો છે. બાળકનો



Scanned with CamScanner

વિકાસ વિસ્તાર પર ઘણો આધાર રાખે છે. જો શાળાની આજુબાજુનું વાતાવરણ અભ્યાસને તથા વિકાસને માટે યોગ્ય ન હોય તો બાળકનો સારી રીતે વિકાસ થઈ શકતો નથી. વિસ્તારની પસંદગી માટે ઘણી બધી બાબતોની ચોકસાઈ રાખવી પડે છે. વિસ્તારની પસંદગી માટે અધિકારીના સલાહ-સૂચન લેવા જોઈએ. જે વિસ્તારમાં શાળા શરૂ કરવી હોય ત્યાનાં અગ્રણી વ્યક્તિઓના સલાહ-સૂચન પણ ધ્યાનમાં લેવા ખૂબ જરૂરી છે. હાલના સમયમાં એવી આધુનિક અને વૈજ્ઞાનિક પદ્ધતિથી શાળાનું બાંધકામ કરવામાં આવે છે કે વિસ્તારની મર્યાદાને દૂર કરી શકાય છે. પરંતુ ઘણી એવી બધી મર્યાદાઓ પણ છે જે આધુનિક અને વૈજ્ઞાનિક રીતે બાંધકામ થયું હોય તો પણ દૂર કરી શકાતી નથી. આમ સ્થળની પસંદગી ખૂબ ચોકસાઈથી કરવી જરૂરી બની જાય છે.

ગામડામાં શાળા શરૂ કરવી હોય તો વિસ્તારની પસંદગીમાં મોટો પ્રશ્ન ઉદ્ભવતો નથી. કારણ કે ગામડામાં પૂરતા પ્રમાણમાં જગ્યા મળી રહે છે. પરંતુ શહેરમાં વિસ્તાર પસંદગીનો પ્રશ્ન રહે છે કારણ કે શહેરમાં ઉદ્યોગીકરણ, શહેરીકરણ અને સ્થળાંતરને લીધે જમીનનો પ્રશ્ન રહે છે. શહેરમાં શાંતિ અને કુદરતી વાતાવરણ મળવું અને તે પણ પૂરતા પ્રમાણમાં મળવું ખૂબ મુશ્કેલ બની રહે છે. જો શહેરમાં શાળા શરૂ કરવી હોય તો ખૂબ પૈસા હોય અને થોડા સંપર્કો હોય તો પસંદગીનો વિસ્તાર મળી રહે છે. પરંતુ વિસ્તારની પસંદગી માટે ઘણી બધી બાબતો ધ્યાનમાં રાખવી પડે છે. જેવી કે...

- ઘર અને શાળા વચ્ચેનું અંતર શક્ય એટલું ઓછું હોવું જોઈએ.
- શાળા ગંદા વિસ્તારમાં ન હોવી જોઈએ.
- રસ્તાઓની નજીક શાળાનું બાંધકામ ન હોવું જોઈએ.
- ઘોંઘાટભર્યા વિસ્તારની નજીક શાળા ન હોવી જોઈએ.
- છેક જંગલ વિસ્તારમાં શાળા શરૂ કરવી ન જોઈએ.
- પૂરતા પ્રમાણમાં હવા અને પ્રકાશ મળી રહે એવો વિસ્તાર પસંદ કરવો જોઈએ.
- કેવા પ્રકારની જમીન છે એ પણ ધ્યાનમાં રાખવું જોઈએ.
- વિદ્યાર્થીઓને રમત-ગમત માટે મેદાન મળી રહે એવો વિસ્તાર પસંદ કરવો જોઈએ.
- પથરાળ કે ધૂળની ડમરી ઉડતી હોય એવો રેતાળ વિસ્તાર પસંદ ન કરવો જોઈએ.
- વિદ્યાર્થી અને વિદ્યાર્થિની માટે અલગ-અલગ શૌચાલય બનાવાય અને તે શૌચાલયનાં કચરાનો નિકાલ થઈ શકે તેવા વિસ્તારની પસંદગી હોવી જોઈએ.
- જમીનની નીચે પાણી વહેતું હોય એવો વિસ્તાર પસંદ ન કરવો જોઈએ.
- પાણીની સુવિધા તથા ગંદા પાણીના નિકાલ માટે ગટરની વ્યવસ્થા મળી રહે એવો વિસ્તાર પસંદ કરવો જોઈએ.
- નિયમિત રીતે વિજળી મળી રહે એવા વિસ્તારમાં શાળા શરૂ કરવી જોઈએ.
- વિદ્યાર્થીને કુદરતી વાતાવરણ મળી રહે એવો વિસ્તાર પસંદ કરવો જોઈએ.



Scanned with CamScanner

- શાળા મકાન સુધી સારો રસ્તો મળી રહે એવો વિસ્તાર પસંદ કરવો જોઈએ.

આમ વિસ્તાર પસંદગીમાં ઘણી બધી બાબતો ધ્યાનમાં રાખવી પડે છે. મકાન જો યોગ્ય વિસ્તારમાં હોય તો આદર્શ શાળા બની શકે છે.

**(૨) શાળા મકાનનું બાંધકામ કેવું હોવું જોઈએ :**

આપણે સારો અને શ્રેષ્ઠ વિસ્તાર શાળા મકાન માટે પસંદ કરીએ પરંતુ જો શાળા મકાનનું બાંધકામ વ્યવસ્થિત ન હોય તો તે શિક્ષણ કાર્યને અસર કરતું નથી અને વિદ્યાર્થીને લાભદાયી બનતું નથી. શાળાનું બાંધકામ વિદ્યાર્થીની સંખ્યાને ધ્યાનમાં લઈને કરવું જોઈએ. શાળા મકાનનું બાંધકામ એવું હોવું જોઈએ કે જેથી વિદ્યાર્થીને તે મકાનમાં અભ્યાસ માટે પ્રેરણા આપે. આદર્શ શાળા મકાનના બાંધકામ માટે ઘણી બધી બાબતો ધ્યાનમાં રાખવી પડે છે. જેવી કે...

- વિદ્યાર્થીઓની અંદાજીત સંખ્યા કેટલી હશે તેમની સંખ્યાને આધારે બાંધકામ થવું જોઈએ.
- સરકારના નિયમ અનુસાર એક વિદ્યાર્થીને કેટલી જગ્યા જોઈએ તે ધ્યાનમાં રાખીને વર્ગોનું બાંધકામ.
- શાળા મકાનનો આકાર કેવો હોવો જોઈએ તે વિચારવું જોઈએ.
- શાળા મકાનમાં આચાર્યની ઓફિસ એવી જગ્યાએ રાખવી જોઈએ કે જ્યાંથી મોટે ભાગના બધા વર્ગોનું નિરીક્ષણ થઈ શકે.
- શાળામાં ફક્ત અભ્યાસક્રમ જ ચલાવવાનો નથી પરંતુ સાથેસાથે સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓ પણ યોજાય કે જેથી વિદ્યાર્થીઓનો શારિરીક અને માનસિક વિકાસ થઈ શકે. આ માટે શાળામાં વિશિષ્ટ વર્ગો પણ રાખવા જોઈએ. આ વિશિષ્ટ વર્ગોમાં પ્રાર્થનાખંડ, ચિત્રકલા ખંડ, પ્રયોગશાળા ખંડ, કસરત ખંડ, વાંચનાલય, પુસ્તકાલય, ઉદ્યોગ ખંડ, વિજ્ઞાન ખંડ, ગણિત મંડળ ખંડ, કોમ્પ્યુટર રૂમ, સભાખંડ, સ્ટોર રૂમ જેવા વિશિષ્ટ ખંડોનો સમાવેશ થાય છે. આ બધા ખંડોથી જ શાળા આદર્શ શાળા બની શકે છે. આ બધા વિશિષ્ટ ખંડો શાળાની અને વિદ્યાર્થીની જરૂરિયાત મુજબ રાખવા જોઈએ.
- દરેક વર્ગમાં બે બારણા હોવા જોઈએ જેથી ચાલુ તાસની વચ્ચે વિદ્યાર્થીને કોઈ કારણસર બહાર જવું હોય તો વર્ગને ખલેલ પહોંચાડયા સિવાઈ જઈ શકે તથા શાળા છૂટે ત્યારે અવ્યવસ્થા ઊભી ન થાય. વધુમાં ચાલુ તાસની વચ્ચે કોઈ વિદ્યાર્થીને આવવું હોય તો સરળતાથી વર્ગને ખલેલ પહોચાડયા સિવાય આવી શકે.
- વર્ગમાં પૂરતી બારીઓ હોવી જોઈએ જેથી પૂરતી હવાની અવર-જવર થઈ શકે તથા બારી યોગ્ય ઊંચાઈએ રાખવી જોઈએ.
- શાળાનું બાંધકામ મજબૂત હોવું જોઈએ. ચોમાસામાં પાણી પડતું હોય અને ઉનાળામાં તડકો લાગતો હોય તેવું ન હોવું જોઈએ.
- શિયાળામાં ઠંડો પવન બાળકોને લાગતો હોય તેવું બાંધકામ ન હોવું જોઈએ.



Scanned with CamScanner

- શાળા મકાનનો રંગ એકદમ ડાર્ક કે આંખને આંજી નાંખે તેવો ન હોવો જોઈએ. શાળાનો રંગ બાળકોની આંખને ઠંડક આપે તેવો હોવો જોઈએ.
- જો બે માળનું મકાન બનાવવામાં આવે તો ઉપરના માળની લોબી મોટી રાખવી જોઈએ કે જેથી વિદ્યાર્થીઓને અવર-જવર માટે તકલીફ ન પડે અને ધક્કામૂક્કી ન થાય.
- શાળા મકાનનું બાંધકામ આકર્ષક અને સૌંદર્યપૂર્ણ હોવું જોઈએ.
- આચાર્યની ઓફિસ અને કર્મચારી ઓફિસ નજીક-નજીકમાં હોવી જોઈએ કે જેથી સગવડતા રહે.
- બાગ, રમત માટેનું મેદાન, શૌચાલય, પીવાના પાણીની વ્યવસ્થા આ બધું યોગ્ય જગ્યાએ અને અલગ-અલગ રાખવું જોઈએ કે જેથી દુર્ગંધનો ફેલાવો ન થાય.

આમ શાળા મકાનના વિસ્તારની સાથે સાથે શાળા મકાનનું બાંધકામ પણ યોગ્ય હોય તો વિદ્યાર્થીઓને સારી રીતે શિક્ષણ આપી સર્વાંગીણ વિકાસ કરી શકાય. વિદ્યાર્થીઓ પોતાના જીવનનો એક મોટો હિસ્સો શાળામાં વિતાવતા હોય છે ત્યારે શાળા વ્યવસ્થાપનના એક મહત્ત્વપૂર્ણ અંગરૂપ શાળા મકાન અંગે વિશેષ કાળજી રાખવામાં આવે એ માત્ર જરૂરી જ નહીં પરંતુ અનિવાર્ય બની રહે છે.

## વાલીઓને વિનંતી

*વાલીઓને મારી વિનંતી છે કે... તમે તમારા બાળકોને માયકાંગલા ન બનાવતાં, પણ ટાઢ-તાપ તથા ભૂખ-તરસ વેઠી શકે એવાં બનાવજો, તેમને બરાબર ખવડાવજો, પણ કામ કરાવતી વખતે દયા ન ખાતાં, તમારા બાળકોને મિલકતનાં વારસ નહીં, સદ્‌ગુણનાં વારસ બનાવજો.*

**- રવિશંકર મહારાજ**

**સૌજન્ય : બાલને કરીને વહાલ, સં. ઈશ્વર પરમાર**



Scanned with CamScanner

# મુકત હવામાન ધરાવતી શાળા કોને કહેવાય ?

નિશા વી. દોશી
રોલ નં. : 03

પ્રસ્તાવના :

શાળાનું વિદ્યાકીય પર્યાવરણ બાળકોને શિક્ષણ આપવાનું સૌથી મોટું પ્રેરણા બળ છે. શાળાઓ આવતીકાલનો સમાજ તૈયાર કરતી સંસ્થાઓ છે. શિક્ષણનું મુખ્ય ધ્યેય વિદ્યાર્થીને આવતીકાલ માટે સશક્ત, ચારિત્ર્યશીલ, ઉત્પાદક, સંવેદનશીલ, રાષ્ટ્રપ્રેમી બનાવવાનો છે અને આના માટે શાળાના પર્યાવરણને વિદ્યાકીય બનાવવું પડે. જો શાળાનું પર્યાવરણ ખુશનુમા, સુસંવાદી, તંદુરસ્ત અને સ્વસ્થ હોય તો જ શાળાનો વિકાસ મહત્તમ બની શકે અને તો જ શિક્ષણની ગુણવત્તા સુધારી શકાય. પ્રસ્તુત લેખમાં શાળા હવામાન વિષયક કેટલીક પાયાની ચર્ચા હાથ ધરવામાં આવી છે.

શાળા હવામાન :

શાળા હવામાન અંગે એક શિક્ષણશાસ્ત્રીએ નીચે મુજબ નોંધ્યું છે.

"Climate is inner matter of every organisation and every organisation has its own climate. Climate is matter of experience."

આપણે કોઈપણ શાળાની મુલાકાત લેતાની સાથે જ તેની સરખામણી બીજી શાળા સાથે સ્વાભાવિક રીતે જ કરવા માંડીએ છીએ. એક શાળા બીજી શાળા કરતા અલગ છે એની જાણ જે અનુભૂતિ દ્વારા થાય છે તે અનુભૂતિ એટલે જ શાળાનું હવામાન.

''કોઈપણ સંસ્થાનું એક આગવું નીજી વ્યક્તિત્વ હોય છે. દરેક સંસ્થાની આગવી પરંપરા શૈલી અને આગવી સાંસ્કૃતિક મુદ્રા હોય છે. આ બધાની સમગ્રતા એ સંસ્થાનું ભાવાવરણ''

– ચોઈસ ડેવિડ

શાળાનું હવામાન એટલે શાળાની આબોહવાના કણેકણમાં ગુંજતુ શાળાનું સમગ્ર વ્યક્તિત્વ. બીજા શબ્દોમાં કહીએ તો કર્મચારીઓ, વિદ્યાર્થીઓ, શિક્ષકો, આચાર્ય વગેરેએ જીવંત કરેલું શાળાનું સમગ્ર કલેવર.

હવામાન શાળાના મેદાનમાંથી, બાગમાંથી ઓફિસમાંથી, વર્ગખંડોમાંથી સ્ટેજ પરથી કે પ્રાર્થના સભામાંથી ફુવારાની જેમ હવામાં ફેંકાય છે, પ્રસરે છે અને દઢ થાય છે.

શાળાના પર્યાવરણને ભૌતિક તેમજ માનવીય પરિબળો અસર કરે છે. આ બન્ને પરિબળો વિદ્યાકીય વાતાવરણ ઊભું કરવામાં અગત્યનો ભાગ ભજવે છે. જે શાળામાં કે સંસ્થામાં યોગ્ય પર્યાવરણ પેદા થાય છે ત્યાં મુક્ત અને સ્વતંત્ર પર્યાવરણ ઊભું થાય છે.

શાળામાં આચાર્ય, શિક્ષક, વિદ્યાર્થી, બિનશૈક્ષણિક સ્ટાફના સંબંધો પરથી પરસ્પરનાં વ્યવહાર, શાળાની પ્રણાલી પરંપરા વગેરેના આધારે આપણે શાળાનું હવામાન જાણી શકીએ છીએ.

હેલ્પિનના મત મુજબ કુલ છ પ્રકારનું હવામાન ધરાવતી શાળાઓ હોય છે.



Scanned with CamScanner

૧. મુક્ત હવામાન
૨. સ્વાયત્ત હવામાન
૩. નિયંત્રિત હવામાન
૪. પરિચિત હવમાન
૫. પૈતૃક હવામાન
૬. બંધિયાર હવામાન

આ પ્રત્યેક હવામાન તેનું વિશિષ્ટ સ્વરૂપ ધરાવે છે. તે પૈકી મુક્ત હવામાન હંમેશા ઈચ્છનીય અને આવશ્યક ગણાય છે.

મુક્ત હવામાન ધરાવતી શાળા :

મુક્ત હવામાન ધરાવતી શાળા અંગે એક શિક્ષણશાસ્ત્રીએ નીચે મુજબ નોંધ્યું છે.

''મુક્ત હવામાન ધરાવતી શાળા એટલે કે જેમાં આચાર્ય, શિક્ષક, વિદ્યાર્થી, વાલી, બિનશૈક્ષણિક સ્ટાફ વચ્ચેના સંબંધો તંદુરસ્ત હોય, પરસ્પર સહકારની ભાવના હોય, એકબીજા પર વિશ્વાસ અને શ્રદ્ધા હોય છે.''

મુક્ત હવામાન ધરાવતી શાળામાં શિક્ષક વિદ્યાકીય વાતાવરણ ઘડનારો હોય છે, નિષ્ઠાવાન, શિસ્તનો આગ્રહી તથા પ્રેમાળ હોય છે.

કોઈકે સાચે જ કહ્યું છે કે ''ઘડિયાળમાં જે કાર્ય મુખ્ય સ્પ્રિંગનું છે. યંત્રના મુખ્ય ચક્રનું જે સ્થાન છે તથા વહાણમાં એન્જિનનું જે સ્થાન છે તે જ સ્થાન શાળામાં આચાર્યનું છે.'' મુક્ત હવામાન ધરાવતી શાળામાં આચાર્ય તટસ્થ, નિરપેક્ષ, આદર્શ નેતા તથા નિષ્ઠાવાન હોય છે.

આ પ્રકારની શાળામાં વિદ્યાર્થીઓ ખરેખર વિદ્યાના અર્થી હોય છે અને બિનશૈક્ષણિક સ્ટાફ મહેનતુ, નિષ્ઠાવાન, પ્રામાણિક, નમ્ર હોય છે.

વધુમાં નીચેના લક્ષણો ધરાવતી શાળાને આપણે મુક્ત હવામાન ધરાવતી શાળા કહી શકીએ...

- જે શાળાના બધા સભ્યો સંસ્થા એક નાનકડું કુટુંબ છે તેમ માને તો તેને મુક્ત હવામાન ધરાવતી શાળા કહેવાય.
- સંસ્થાના બધા સભ્યો એકબીજાને પ્રેમથી જોતા હોય તથા જેમાં શિક્ષકોનો કામ કરવાનો જુસ્સો વધુ હોય છે.
- આ પ્રકારની શાળામાં કામનું ભારણ કોઈને લાગતું નથી. અહીં આચાર્ય બોસિઝમ નહીં પરંતુ માનવીય અભિગમ અપનાવે છે.
- મુક્ત હવામાન ધરાવતી શાળામાં સંસ્થાના સભ્યો સંઘભાવનાથી કાર્ય કરતા હોય છે અને તેમની વચ્ચે આત્મીયતા હોય છે.
- સભ્યો પરસ્પર મૈત્રી ધરાવે છે અને પોતાની કામગીરીમાં ઊંડી નિષ્ઠા દાખવે છે.
- શિસ્ત સભ્યો પર લાદવામાં આવતું નથી. સભ્યો આત્માનુશાસનથી વર્તે છે.
- આચાર્યના વર્તનમાં સ્થિતિસ્થાપકતા હોય છે. તે શિક્ષકો કે કર્મચારીઓ પર વિવેકપૂર્ણ નિયંત્રણ રાખે છે અને માર્ગદર્શન આપે છે.
- શાળામાં પરિવાર જેવું વાતાવરણ હોય છે. સુસંવાદી વાતાવરણમાં સ્નેહની સુગંધ પ્રસરે છે.
- આચાર્ય કર્મચારીઓને તેમના કાર્યની યોગ્ય કદર કરીને યોગ્ય પ્રોત્સાહન પૂરું પાડે છે.



Scanned with CamScanner

- આ પ્રકારની શાળામાં વિદ્યાર્થીઓની અભિવ્યક્તિને સ્વીકારી તેને માન આપવામાં આવે છે.

ઉપસંહાર :

આમ મુક્ત હવામાન ધરાવતી શાળામાં વાતાવરણ સ્વતંત્ર હોય છે. શાળામાં માનવીય સંબંધો તંદુરસ્ત અને સહકારભર્યા હોય છે અને તેથી જ ઉત્તમ ભાવાવરણ સર્જાય છે. આવી મુક્ત હવામાન ધરાવતી શાળામાં જ ગુણવત્તાલક્ષી શિક્ષણ આપવાનું શક્ય બની શકે છે એ વાત આપણે યાદ રાખવી જોઈએ. સમાજમાં આવી મુક્ત હવામાન ધરાવતી શાળાઓની સંખ્યા જેટલી વધશે તેટલી શિક્ષણની ગુણવત્તા સુધરશે અને છેવટે સમાજની ગુણવત્તા સુધરશે. સમાજને આવી મહત્તમ શાળાઓ પ્રાપ્ત થાય એવી અભિલાષા છે.

## સુશિક્ષણમ્ દ્વારા સુરાષ્ટ્રમ્

*શિક્ષણ વધે તો ગરીબી ઘટે,*
*શિક્ષણ વધે તો રોગ, અંધશ્રદ્ધા, છેતરપીંડી,*
*રુશ્વતખોરી, દહેજ, ગુનાખોરી અને મારામારી ઘટે.*
*શિક્ષણ વધે તો હુલ્લડ ન થાય,*
*બ્લેક મેઈલ ન થાય અને આપઘાત ટળે.*
*શિક્ષણ મોંઘું નથી પડતું, અજ્ઞાન મોંઘું પડે છે.*
